
# અનન્ય પરિવર્તન

July 2016, Mumbai • Volume 6 • Issue 4



પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.






# EDUCATION FIRST

## A Shree Raj Educational Centre Initiative




# First Indian NGO to Join Global Movement – A World at School




**ABOUT EDUCATION FIRST & A WORLD AT SCHOOL**

Sarah Brown (wife of Gordon Brown - former Prime Minister of the United Kingdom and the UN Special Envoy for Global Education) is the:

- Founder and President of the children's charity Theirworld
- Executive Chair of Global Business Coalition for Education and
- Co-Founder of A World at School, a global movement to get children across the world into education with hundreds of organisations working together on this shared goal.

A World at School brings together everyone who shares the common belief that every child has the right to go to school, without danger and without discrimination. The campaign seeks to build the world;s biggest petition in history and create a message that cannot be ignored.

The campaign has been backed by a unique group of key allies, to include businesses, influential individuals, world leaders, youth, teachers, faith groups, NGOs and society. Hundreds of organisations - large and small - across the world have joined this movement to work together to make quality education for every girl and boy a priority.

EDUCATION FIRST
A Shree Raj Educational Centre Initiative

**Education First - a unit of Shree Raj Educational Centre is proud to be the first Indian NGO associated with A World at School, along with other prestigious organizations such as:**

UN Special Envoy for Global Education · unicef · UNESCO (United Nations Educational, Scientific and Cultural Organization) · USAID · UKaid · UNFPA · The Global Compact · girl up · MFARIJI AFRICA · Global Partnership for Education · NRC Norwegian Refugee Council



and many more....


**With Best Compliments : Mona Shah, Mumbai**


# અનુક્રમણિકા


પ્રાર્થનામૃત ........................................ ૩
પત્રોની પાંખે .................................... ૪
જ્ઞાન સાગર ....................................... ૫
पूज्यश्री की अमृतवाणी .................... ૧૦
The Master's Voice ...................... ૧૪
સત્ પુરુષાર્થ .................................... ૧૭
પ્રશ્નોત્તરી ........................................ ૨૦
एक प्रेरणात्मक सत्य कथा ............... ૨૨
કાવ્ય કૃતિ ........................................ ૨૫
સોહામણું સત્ય ................................ ૨૬
Shree Raj Educational Centre .... ૨૮
શ્રી રાધાવતાર ................................. ૩૦
प्रेरक प्रसंग .................................... ૩૫
ધારાવાહિક નવલિકા ........................... ૩૮
શરણથી સિદ્ધિ .................................. ૪૧
RIYF ........................................... ૪૪
Health To Happiness .................. ૪૬
Kidzone ....................................... ૪૮
The Reader's Forum .................. ૪૯
Relationships ............................. ૫૦
Tasty Bites .................................. ૫૧
તત્ત્વ પહેલી ...................................... ૫૨
Recent News ............................... ૫૩
Forthcoming Events ................... ૫૪
From Us... to You ........................ ૫૫
Sponsorship ................................ ૫૬






Editorial


**ગુરુ સૂર્ય હૈ, ચંદ્ર ગુરુ હૈ, ગુરુ હી પૂર્ણ પ્રકાશ;**
**ગુરુ કે ચરણો મેં મિલતા હૈ, તન-મન કો ઉલ્લાસ.**

જૂલાઈ મહિનો એટલે અનરાધાર વરસાદનો મહિનો; ગુરુકૃપાનો અનરાધાર વરસાદ, જે આપણા સહુના ઉપર વરસે છે. આજે ગુરુપૂર્ણિમાનો આ ખાસ અંક આપની સમક્ષ મુકતાં અમે આ ગુરુકૃપાનો સતત અહેસાસ કરીએ છીએ. આ અંકથી 'અનન્ય પરિવર્તન' ૧૦માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે.

નામ છે 'અનન્ય પરિવર્તન', સૃષ્ટિનો નિયમ છે પરિવર્તન, આવું જ પરિવર્તન આપણે સહુ મુમુક્ષુઓ આપણામાં અનુભવી જ રહ્યા છીએ એમાં કોઈ બે મત નથી જ. દશમાં વર્ષના અનન્ય અવસરે, અનેક નવા પરિવર્તન આપની સમક્ષ મૂકી રહ્યાં છીએ. આપના વાંચનને રસાળ બનાવે એવી નવી કોલમો; ધારાવાહીક નવલિકા, જૈન સિવાયના બીજા દર્શન પર પ્રકાશ પાડતી કટાર 'રાધાવતાર', જૈન દર્શનના અન્ય સંતો દ્વારા અપાયેલ વિવેચન, નાના બાળકો માટે કીડ્સ ઝોન, ન્યુઝ વિગેરે આપવાનો નમ્ર પ્રયાસ આ અંક દ્વારા કરી રહ્યા છીએ. આ સિવાય નિયમિત કોલમો તો ખરી જ.

જ્ઞાનસાગરમાં અત્યાર સુધી ભક્તિમાર્ગનું રહસ્ય આપણે જાણ્યું. મોક્ષમાર્ગે આગળ વધવા કઈ રીતે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે એ સમજાયુ. હવે એવી ભક્તિ પ્રાપ્ત કરવાના સાધનો અને એના માટેના પ્રાર્થના ક્રમનું વિવેચન આપણે ગ્રહણ કરશું. પૂજ્યશ્રીની અમૃતવાણી દ્વારા સ્વચ્છંદ નિરોધ થયા બાદ નિઃશંકતાથી નિર્ભયતા અને પછી નિઃસંગતાનો રસાસ્વાદ માણીએ.

દશ વર્ષની આ સફરમાં આપ સહુના સહયોગ બદલ ખૂબ ખૂબ આભાર...



# અનંત સુખ

હું.... આત્મા છું.... હું ..... આત્મા છું...

અનંત સુખનો સ્વામી આત્મા....

અનંત સુખ એ મારું મૌલિક સ્વરૂપ.... મારા સ્વરૂપમાં..... મારા સ્વભાવમાં..... ક્યાંય પણ દુઃખની રેખા નથી...... મારું સુખ પામવા માટે મને પરની જરૂર નથી.... મારું સુખ નિરપેક્ષ છે..... તેમાં કોઈની અપેક્ષા નથી... કોઈ પદાર્થનું..... કોઈ વ્યક્તિનું હોવું જરૂરી નથી..... વ્યક્તિ કે પદાર્થો ભવોભવમાં મળ્યાં.... ઘણાં મળ્યાં.... છતાં કદી તૃપ્ત થયો નહીં....... વ્યક્તિએ કે પદાર્થે મને કદી તૃપ્તિ આપી નહીં....... માટે જ એ વ્યક્તિ..... વસ્તુ કે અન્યમાં સુખ છે જ નહીં..... સુખ દુઃખનો જાણક છું..... સુખ દુઃખનો વેદક છું...... માટે મને મારામાં જ સુખનો અનુભવ થાય..... અનંત અનંત પદાર્થો અને વ્યક્તિઓ જે સુખ ન આપી શક્યા..... તે સુખ મને મારામાંથી જ મળે...... મારા સુખને જાણવા હું મારામાં જ સ્થિર થાઉં..... પરપદાર્થના વલણ છોડી દઉં..... તો જ હું સુખી થાઉં...... એ સુખને માણવા પરને ભૂલી...... સ્વમાં ઠરું ....... સ્વમાં લીન થાઉં....... સ્વમાં સમાઈ જાઉં.......

હું...... આત્મા છું....... હું આત્મા છું.......

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સૌજન્યઃ- પૂ.ડૉ. તરૂલતાબાઈ મહાસતીજીના પુસ્તક 'આત્મચિંતન'માંથી.

# પત્રોની પાંખે

***નિજી ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજ્ય શ્રી પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તરરૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચક્તિ થઈ ''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.'' એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્યા વગર નથી રહી શકતો.***

આત્માર્થી કૈવલ્યબીજ સંપન્ન બહેનશ્રી,

તમારો પત્ર મળેલ અને ત્યાર પછી ફોનમાં પણ વાતો બે વખત થઈ, પરંતુ તમને સંતોષ થાય તેવો પ્રત્યુત્તર પત્રનો મળ્યો નહીં. તે યાદ રહ્યા કરતું હોય. આજે કલકત્તાના પત્રોના જવાબ લખું છું. જેઓ મુંબઈ આવી ગયા છે તેઓએ અમારી પરવશતા અને પરતંત્રતા નજરે નિહાળી છે. આવી આત્માની ગુલામીમાં, કર્મોના ઉદય વગર લાખ ઈચ્છા છતાં પત્ર કેમ વાળી શકાય (જવાબરૂપે પાછો વાળવો) તો હૃદયથી ક્ષમા આપશો.

ગુરુપૂર્ણિમાના અવસરેઃ- પ્રસંગ અને અવસરને અનુરૂપ કંઈ લખી મોકલવાની તમારી ઈચ્છા હતી. પરંતુ અંતરંગ બળવાન ભાવો શબ્દરૂપ ધારણ કરી શકતા ન હતા અને ભાવોનું વિભોરપણું અનુભવાયા કરતું હતું. 'ગુરુ મહાત્મ્યના ભાવો' ઘૂંટાતા હતા અને અલૌકિક અનુભવ થયો. જે અનુભવનો સાક્ષત્કાર થયો તે, તેજ પદાર્થોનો છે તેમ માનશો. આ પછી સંસારભાવોનું બળ જેમ જેમ ઘટતું જાય તેમ તેમ ફરી ફરી, ફરક ફેરથી અનુભવ ચાલ્યા કરે છે. જ્યારે બાહ્ય કોઈપણ અવલંબન વગર આનંદનો નવો અનુભવ થાય તે આત્મા નામના દ્રવ્યનો જ ગુણ છે. આત્મા પોતે જ છે. અનુભવમાંથી, ઉંડાણમાંથી પાછા ફરીએ છીએ અને ઈન્દ્રિયો - મનાદિ જાગૃત થાય ત્યારે આનંદનો અનુભવ થાય છે.


''એપ્રિલ મહીનામાં દિકરીના લગ્ન અને તેના પછી તેનું ઘર વસાવવાની વાતોથી ચિત્ત દોરાયું અને રાગ, રાગ અને રાગ ૧૦/૧૨ દિવસ સુધી''.... આવા પ્રસંગમાં જો લક્ષ બરાબર રહેતો હોય કે આ કરવા જેવું નથી અને છતાં થઈ જતું હોય તો, સમજો કે પૂર્વના કર્મના ઉદયે, ઉદયીક ભાવે વર્તાય છે અને અંતરંગમાં નકાર ચાલે છે નહીં, નહીં અને નહીં; તે ભાવોના ક્ષય અને ઉપશમ છે. આવા પ્રસંગો તે પૂર્વ કર્મની નિર્જરા સમજો અને લગ્ન પ્રસંગમાં સમતાભાવમાં રહેવાના બળવાન ભાવ પુરુષાર્થનું ફળ જુન મહિનામાં મળ્યું. માટે તે ભૂલ ન હતી. પરંતુ કર્મનો ઉદય હતો તેમ સમજશો. કષાયની પહેલા, ઉદય વખતે અને ઉદય પછી નક્કાર અને ખેદ વર્તાતો હોય તેવા પ્રસંગમાં કર્મની નિર્જરા થાય છે તેમ સમજી બળ લેશો, જે તમે સમજ્યા છો જ.

ગુરુ શિષ્યનું લખાણ મોકલવાનું છે; લક્ષમાં છે, પરંતુ સમય મળ્યે જરૂર મોકલીશ. સમાધિ શતક તથા ભાવના શતક પણ મોકલીશ (ભાવના શતકનું બીજું નામ બાર ભાવનાનું પુસ્તક છે) ઝેરોક્ષ કરાવેલ આડા ચોપડા જેવું પુસ્તક છે.

એજ

સ્વરૂપ સમજણે, સ્નેહ સહિત

પ્રણામ. ◆



# ભક્તિના સાધનો અને પ્રાર્થનાક્રમ

**ભક્તિમાર્ગનાં રહસ્યનો અર્થ છે મોક્ષનું રહસ્ય. જો ભક્તિ સમજાઈ જાય અને ભક્તિનું સીક્રેટ સમજાઈ જાય તો મોક્ષનું સીક્રેટ પણ ચોક્કસ સમજાઈ જાય.**

આ માર્ગની અંદર સૌથી અગત્યનું; પહેલું, જીવનો દૃઢ નિશ્ચય છે કે મારે આ જોઈએ છે અને બીજું, સત્પુરુષ પ્રત્યે અનન્ય નિષ્કામ પ્રેમ ભક્તિ. પછી જીવમાં કેટલા દોષો છે એ કંઈ અગત્યનું નથી જ.

## પ્રેમનું સ્વરૂપ અને ભક્તનો પ્રેમ તથા તેની ભાવના

**હે પ્રભુ! પ્રેમ એ તો આપની દિવ્ય પ્રસાદી છે. એ પ્રસાદી આપ ભગવંતે દરેક જીવને કરૂણા કરીને આપી છે. પરંતુ જીવને સાચો ઉપયોગ કરતાં ક્યારેય આવડ્યું નથી; જો આવડ્યું હોત તો ક્યારનો વિષમ દુઃખથી પીડિત એવા આ અનિત્ય અને અશરણરૂપ સંસારથી છૂટી જઈ, પોતાનાં પરમાનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યસ્વરૂપને સંપ્રાપ્ત થયો હોત.**

પ્રેમ એટલે શ્રદ્ધા, વિશ્વાસ. પ્રેમ એ આત્માનો અનુભવ છે. અનંતકાળના પરિભ્રમણની અંદર જે પ્રેમનો અનુભવ આપણને છે, એ રાગનો અનુભવ છે જેમાં સામે કો'ક જોઈએ, જેના ઉપર રાગ કરીએ અને આનંદ લઈએ; પ્રેમનો અનુભવ છે એમાં સામે કાંઈ જોઈતું નથી, પોતે પોતાને અથવા આત્માને પ્રેમ કરીએ છીએ. જ્ઞાન, દર્શન, ચારિત્રની ઐક્યતા એનું નામ પણ પ્રેમ છે અને પ્રેમની વધતી જતી દશા છે શ્રદ્ધા અને અર્પણતા.

આપણે બધા જેને પ્રેમ સમજીએ છીએ એ દોષિત, ભ્રષ્ટ પ્રેમ છે. આ પ્રેમ જે પદાર્થનો ગુણ અને લક્ષણ છે, એ પદાર્થ જો જડ એવા પદાર્થની સાથે પ્રેમ કરે તો એ પ્રેમનો દુરઉપયોગ કહીએ. શરીર તો બધા જડ જ છે. આખું જગત જડ એવા શરીરને પ્રેમ કરે છે જ્યારે જ્ઞાની અને એનાં આશ્રિતો એવા દેહની અંદર રહેલા આત્માને પ્રેમ કરે છે. બસ આટલો ફરક છે.

પ્રેમ ક્યાં કરવો એ જો જીવને ખબર પડી ગઈ હોત તો ક્યારનો મોક્ષનો વાસી થયો હોત.

**તેણે તો એ અમૃતઝરણાનાં દાતા, દુઃખ ક્ષય માટે અદ્વિતિય ઔષધિના દેનાર અને સુખ શાંતિ માટે અમોઘ મંત્રનાં આપનાર એવા આપને કેવળ ભૂલી જઈ એ સાત્વિક પવિત્ર પ્રેમને વૈષયિક રાગમાં પલટાવી સંસારના પૌદ્‌ગલિક વિષયોને સંસારના જૂઠા સગપણથી જોડાયેલા સંબંધીઓમાં પ્રેમ (રાગ) કર્યો અને સંસાર પરિભ્રમણ વધાર્યું.**

જે વસ્તુને આપણે જેટલું વધારે ચાહતા હોઈએ એટલો

સૌજન્ય : ભાવીન ભેદા, મુંબઈ

એ પદાર્થ આપણી નજીકમાં ઈચ્છીએ. જ્યાં અનહદ એવો રાગ છે અથવા પ્રેમ છે તો અંતરના ઊંડાણનાં ભાવ હશે કે એ પદાર્થ હૃદયની અત્યંત નિકટ હોવો જોઈએ અને બીજું એની માત્રામાં વધારો થવો જોઈએ. જ્યારે પ્રેમ પર પદાર્થને કરવામાં આવે છે એ પ્રેમ નથી, રાગ છે અને રાગનું બીજું નામ સ્વાર્થ છે. જ્યાં રાગ છે ત્યાં અપેક્ષા છે કે આ વસ્તુને બદલે મને સામે આટલું મળવું જોઈએ. આનાથી સંસાર જ વધે ને ? અનંતકાળથી રખડીએ છીએ ને ?

**ગુરુની આજ્ઞાનું તન-મન-ધન, મન-વચન-કાયાએ કરી એકનિષ્ઠાથી આરાધન થાય અને મહિનાઓ સુધી 'દેહથી ભિન્ન હું આત્મા છું, આ બધા જડ પદાર્થો છે, હું ચેતન છું' આવા શુભ ભાવ ચાલ્યા કરે તો ઘણા બધા કર્મોની નિર્જરા ચાલે.**

સત્‌નું સ્વરૂપ શું છે એ જ્યાં સુધી સમજવામાં ન આવે ત્યાં સુધી અસત્ એવા સંસાર પ્રત્યે વહાલપ રહ્યા જ કરે. આખું જગત એક તરફથી જડ પદાર્થ જે પોતાનો નથી એને આવો પ્રેમ કર્યા જ કરે છે, સંસાર વધાર્યા જ કરે છે અને બીજી તરફ સમજણ વગર દરેક ભવની અંદર ધર્મના નામે કંઈક ને કંઈક ધર્મ ક્રિયાઓ કર્યા જ કરે છે. હવે ધર્મની એક પણ ક્રિયા ન કરવામાં આવે અને જે ખોટી જગ્યાએ પ્રેમનું એપ્લીકેશન છે એ જો બંધ કરવામાં આવે તો મોક્ષ મળે એવું છે.

વિચારવા જેવું છે કે સગપણથી જોડાયેલા સંબંધીઓને રાગ કર્યો અને સંસારમાં પરિભ્રમણ કર્યું. સગા અને વહાલા પ્રત્યે જે કંઈ આપણા સંબંધ છે એ સ્વપ્નવત્ છે; એ દરેકે દરેક વ્યક્તિ પોતાના કર્મનું ફળ ભોગવવા માટે હાજર થયા છે, આ બધાજ મારા કર્મ ફળ છે; આ માતા નથી, પિતા નથી, પત્ની નથી; આ માતા કે પિતા કે પત્ની નામનું કર્મ છે. કોઈ કટું છે, કોઈ મિષ્ટ છે, કોઈ ખાટું છે, કોઈ મીઠું છે અને દરેક રસમાં રસ લઈએ છીએ. જે જે પદાર્થો કે પ્રાણીઓ પ્રત્યે અનેક પ્રકારના ભાવોમાંથી જે ભાવ છે, એ ભાવને મજબૂત રાખીએ છીએ.

**હે ભગવાન ! એ ભ્રાંતિથી ભ્રમિત થઈ કેવળ બહુ ભૂલી ગયો કે ઈશ્વર એ જ પ્રેમ છે, પ્રેમ એ ઈશ્વર છે. જે કોઈ બીજું બધું ભૂલી જઈ, જાણેલું વિસ્મરણ કરી ભગવાનના પ્રેમમાં સ્થિર થઈ રહે છે, તેની ભગવાન સાથે એકરૂપતા થાય છે અને ભગવાનની તેની સાથે એકતા થાય છે. આવું અદ્‌ભુત, અલૌકિક, પરમ આશ્ચર્યકારી પ્રેમનું સ્વરૂપ છે, પ્રેમનું સામર્થ્ય છે.**

જગતનાં જે જડ પદાર્થો છે, જે નિકટના સગા સંબંધીઓ છે, એમનું શરીર એ પણ જડ છે; જ્યાં સુધી આત્માની સમજણ નથી ત્યાં સુધી દેહને જ પ્રેમ કરીએ છીએ એટલે કે દરેક જગ્યાએ સંસાર વધે એવી રીતે ધર્મ ચાલ્યા કરે છે. ભગવાનનું સાચું સ્વરૂપ શું છે એ સમજવું જરૂરી છે. મૂર્તિ, ચિત્રપટ એ તો ભગવાનનું એક પ્રતિક છે. પરમશુદ્ધ આત્મા એ જ ઈશ્વરનું સ્વરૂપ છે. એ સ્વરૂપનો લક્ષ કરી, સંસારમાં જ્યાં જ્યાં જે જે જગ્યાએ રાગ રહેલો છે, ત્યાંથી એ રાગ ઉપાડી ભગવાનની સાથે એકરૂપતા થાય તો ભગવાન આપણી સાથે એક થાય અર્થાત આપણો આત્મા વધારે શુદ્ધ થઈ આત્મજ્ઞાન પામે.

ઈશ્વરનો અને ભક્તનો સમાગમ થઈ ગયો એટલે કે આત્મા આંશિક રીતે પરમાત્મા થઈ રહ્યો છે. સંસારમાં જે કંઈ અત્યાર સુધી જાણેલું છે, એનું મહાત્મ્ય જેટલું ઓછું થાય એટલું વિશેષ મહાત્મ્ય આત્માનું થાય. ગુરુની આજ્ઞાનું તન-મન-ધન, મન-વચન-કાયાએ કરી એકનિષ્ઠાથી આરાધન થાય અને મહિનાઓ સુધી 'દેહથી ભિન્ન હું આત્મા છું, આ બધા જડ પદાર્થો છે, હું ચેતન છું' આવા શુભ ભાવ ચાલ્યા કરે તો ઘણા બધા કર્મોની નિર્જરા ચાલે. આત્મતત્વ પ્રત્યે વિશેષ પ્રેમ ઉત્પન્ન થાય કારણ કે આત્માની અનંત શક્તિઓમાંથી અનેક જુદી જુદી શક્તિઓ ક્રમશઃ થોડી થોડી પ્રગટ થાય અને જીવને સમજાય છે કે સાચો પુરુષાર્થ ચોક્કસ કરી રહ્યા છીએ, આ જ મોક્ષનો માર્ગ છે, આત્માને સર્વ કર્મથી રહિત કરવાનો આ એક જ ઉપાય છે.

આત્માને લક્ષમાં રાખી જ્યારે ચિંતન, મનન કરવામાં આવે ત્યારે એ વસ્તુ આત્મસાત્ થઈ જાય; બુદ્ધિને સમજણ ન પડે એ રીતે આત્મા ગ્રહણ કરી લે. પછી જ્યારે જરૂર પડે ત્યારે આત્મા ઈન્સ્ટ્રક્શન આપે અને બરાબર યાદ આવે.

તીર્થંકરે આત્માનો જે પ્રકારે અનુભવ કરી વર્ણન કરેલું છે એવો જ આત્માનો અનુભવ જ્યારે થાય છે ત્યારે ભગવાન સાથે એકતા થઈ એમ કહેવાય. આત્માનો સાક્ષાત્કાર થયો એજ ઈશ્વર સાથેની એકતા છે.

**પ્રેમ એ શાહી ખમીર માગી લે છે, અજબ પુરુષાર્થની અપેક્ષા રાખે છે. સર્વત્ર જ્યાં ત્યાં વેરાયેલી પ્રેમ માત્રાઓને એકત્ર કરી ભગવાનમાં સ્થિર કરવાનું જ્ઞાનીઓ સૂચવે છે.**

રજપૂત કે સૈનિક જ્યારે લડાઈમાં જતા હોય ત્યારે સામી છાતીએ લડતા હોય અને મોત આવે તો છાતી ઉપર ઘા હોય અને શહીદ થઈ જાય. એવી જ રીતે પ્રેમ શાહી ખમીર એ માટે માંગે છે કે ખોટો પ્રેમ, વાસનાનો પ્રેમ, કામ્ય પ્રેમ જે અનંતકાળથી ચાલી આવે છે એને હવે ચીરી અને કંઈક જુદું કરવાનું છે, એનાથી દૂર થવાનું છે. અજ્ઞાન દશામાં મોતથી પણ વધારે આ પીડા હોય છે. જેમ જેમ જ્ઞાનદશા વિકાસ પામે છે ત્યાર પછી એ પ્રેમનો આનંદ આવે છે. શરૂઆતમાં તો ખોટી ચીજ મુકવાનું ભયંકર દુઃખ હોય છે.

સંસારમાં અનેક જુદી જુદી જગ્યાએ જે કંઈ લાગણીઓ છે, ગમવાપણું છે, ત્યાંથી એ લાગણીઓ ખેંચી ભગવાન તરફ મૂકવાની છે. એટલે કે ભગવાનનાં ચિત્રપટ સામું બેસી હૃદયનાં અત્યંત ઊંડાણથી મંત્ર, વાંચન, સ્વાધ્યાય એક-દોઢ કલાક કરો અને મહિનાઓ અને વરસો સુધી જો આ નિયમ ચાલે તો સંસારના બીજા કોઈપણ ભાવો કરતાં આ ભાવોનું બળવાનપણું ચોક્કસ હશે.

**પ્રેમ છે ત્યાં ભેદાભેદ નથી, પક્ષાપક્ષ નથી.**

જેને સંસારમાં પણ અદ્‌ભુત એવો પ્રેમ કરેલો હોય ત્યાં ભેદાભેદ નથી, આ રાજકુંવર છે અને એ ભિખારણ છે; બન્ને સરખા છે. બે વ્યક્તિ વચ્ચે પ્રેમ હોય છે ત્યાં પછી બે આત્મા એકબીજા પ્રત્યે અત્યંત અત્યંત એવા આત્મિક પ્રેમથી રહે છે. આત્માની ખબર નથી પણ જે પ્રેમ કરે છે એ તત્વ તો આત્મા જ છે; તું, અને હું એક છીએ, આત્મા આપણો એક છે, દેહ જુદા છે, આવા વાક્યો બધા બોલતા હશો આત્માને ઓળખ્યા વગર.

એ વ્યક્તિ ગમે તેટલી દૂર હોય તો પણ હૃદયનાં ઊંડાણથી એ અને હું એક છીએ. એકતાનો ભાવ થતાં આખા શરીરની અંદર મીઠી એવી ઝણઝણાહટ, વાઈબ્રેશન થાય છે. અંતરના ઊંડાણથી આખા શરીરની અંદર આનંદ, આનંદ, સુધારસની રેલમછેલ ચાલતી હોય છે. જે પ્રિયજન છે એની દ્રષ્ટિ પડતાં બન્નેની આખી મુદ્રા બદલાઈ જાય છે. આ તો સંસારનાં ભાવ છે. પણ નિર્મળ થયેલો શુદ્ધ આત્મા જ્યારે સમજણપૂર્વક જ્યાં પણ પ્રેમ કરશે એ કેવો અદ્‌ભુત હશે !

**પ્રેમ છે ત્યાં દ્વેષ નથી, ઈર્ષા નથી, વૈર નથી.**

જ્યાં રાગ છે ત્યાં એનો પ્રતિસ્પર્ધી એવો દ્વેષ પણ છે. સંસારમાં જેને અનહદ ચાહીએ છીએ, એની આટલીક બેવફાઈ આપણાથી સહન ન થાય અને ભયંકર ઝઘડા થાય; પતિ-પત્ની વચ્ચે કંડીશન હોય, આમ તમારે નહીં કરવાનું. આ બધા બંધન છે. જ્યારે હૃદયનો શુદ્ધ પ્રેમ છે ત્યાં એક જ ભાવ છે જેને ચાહીએ છીએ, એને ગમે એ બધું મને ગમે છે. એ બેવફા થાય તો પણ એને સારું લાગે છે ને તો મને ગમ્યું. આ સંસારથી સાવ ઊંધી વાત છે, માથામાં ફીટ ન થાય પણ આત્માથી ફીટ થાય એવી છે.

**પ્રેમ છે ત્યાં સ્વાર્થ નથી, માન નથી, ભય નથી.**
**પ્રેમ ક્રોધને આધીન થતો નથી પણ ક્ષમાવંત છે.**
**માન ને વશ થતો નથી પણ વિનમ્ર છે.**
**માયાથી લેપાતો નથી પણ સરળ છે.**
**લોભથી લોભાતો નથી પણ સંતોષી છે.**

**તીર્થંકરે આત્માનો જે પ્રકારે અનુભવ કરી વર્ણન કરેલો છે એવોજ આત્માનો અનુભવ જ્યારે થાય છે ત્યારે ભગવાન સાથે એકતા થઈ એમ કહેવાય.**

સંસારમાં જ્યાં જ્યાં અનહદ પ્રેમ કરેલો છે ત્યારે આનાથી જુદી જ રીતે વર્ત્યા છીએ; એ જ બતાવે છે કે જેને પ્રેમ કહીએ છીએ એ રાગનું સ્વરૂપ છે, સંસાર વધારનાર છે અને ઉપર બતાવેલા પ્રતિસ્પર્ધી જે ભાવો છે એ ભાવો ચોક્કસ નથી. એ ડેવલપ કરવાનાં છે, જે અત્યંત અત્યંત અઘરા છે. જીવતા જેમ કોઈ ચામડી ઉતડી ઉપર નમક નાખે અને જે બળતરા થાય એટલી બળતરા આ રાગ કે દ્વેષને દૂર કરવામાં થવાની છે.

**જ્યાં પ્રેમ છે ત્યાં સ્વાર્થ નથી.**

જેને અનહદ ચાહીએ છીએ એને આપણું સર્વસ્વ આપી દેવાની તૈયારી છે. સંસારની અંદર જ્યારે આપણે કોઈને અનહદ અનહદ પ્રેમ કરીએ છીએ ત્યારે ચોક્કસ માનજો આપણે એને પ્રેમ નથી કરતા; સામી વ્યક્તિ મને ચાહ્યા કરે, પ્રેમ કરતો અટકી ન જાય એ માટે એને ગમે એ કરીએ, સહન કરવું પડતું હોય તો સહન કરી લઈએ. પરમાર્થના પ્રેમમાં ભાવ એવા છે કે એ મને ચાહે કે ન ચાહે, હું એને ચાહું છું; પ્રભુ પ્રત્યે નિષ્કામ ભક્તિ.

સૌજન્ય : શકુંતલા દિનેશ શાહ, મુંબઈ

**પ્રેમ ક્રોધને આધીન થતો નથી, પણ ક્ષમાવંત્ છે.**

સામી વ્યક્તિ જ્યારે ખૂબ ગુસ્સામાં હોય ત્યારે મનાવવાનાં હજાર પ્રયત્નો થાય, એની સામે ક્રોધ ન કરી શકાય અને એને શાંત પાડીએ છીએ.

**પ્રેમ એ સત્નો ચાહક છે, મલિનભાવનો મારક છે. શાંતિનો કારક છે, અશાંતિનો દાહક છે.**

નિષ્કામ એવો પ્રેમ ચાલતો હોય તો આત્મિક શાંતિ ચોક્કસ ચોક્કસ પ્રગટ થાય છે; જ્યારે રાગ હોય છે ત્યારે હંમેશા મનમાં અશાંતિ ચોક્કસ રહે. સામા વ્યક્તિનાં ચારિત્ર ઉપર અખંડપણે વિચાર રહ્યા કરે અને કંઈક એવા ખોટા કારણો મળે તો આગબબુલા થઈએ.

**આત્મા જ્યારે જડ એવા પદાર્થના ઉપર લક્ષ કરી, એ પદાર્થને ગ્રહણ કરે અને બીજાને દુઃખનું કારણ આપે તો એ સ્વાર્થ છે પણ પોતાના આત્માના ગુણોની પ્રાપ્તિ થાય એવા કારણોનું સેવન કરવું અને એ ગુણોનો વિકાસ કરવો એ સ્વ અર્થ છે, કરવા યોગ્ય છે.**

**સુખનો પોષક છે, દુઃખનો સંહારક છે. પ્રેમ પરની માંગણી કરતો નથી, પરનો ભોગ આપે છે.**

સંસારમાં પરની માંગણી હોય છે કે તમે મારા થઈને જ રહો. જ્યાં પ્રેમ છે ત્યાં પરનો ભોગ આપે છે, તમને જેમ વર્તવું હોય એમ વર્તો, અમે તમને ચાહ્યા કરશું.

**પ્રેમ સ્વાર્થવૃત્તિનો ત્યાગી, પરમાર્થ વૃત્તિનો ભોગી છે.**

સંસારની અંદર 'સ્વાર્થ' જ્યારે કહીએ છીએ ત્યારે એ સૌથી મોટો દોષ છે. આપણે ચેતન તત્ત્વ છીએ અને પર કહેતાં જડ પદાર્થો પ્રત્યે આકર્ષણ છે. પોતાની વસ્તુ છોડી દઈ, પારકાની જે વસ્તુ છે એ ચોરી લઈએ એનું નામ સ્વાર્થ. કોઈપણ સારી વસ્તુ જ્યારે નજરમાં આવે ત્યારે એવો ભાવ થાય કે કોઈપણ રીતે આ પદાર્થ મારી પાસે હોવો જોઈએ; એ પદાર્થ આપણને ગ્રહણ થાય ત્યારે જ સંતોષ થાય. દરેક જીવ પોતાનો ફાયદો ઈચ્છે છે. પર પદાર્થ, જડ પદાર્થની જેટલી વધારે પ્રાપ્તિ થાય એટલું જીવને આનંદ અને સુખ મળે છે. સામા માણસને ખબર ન પડે એ રીતે એનો ગેરલાભ આપણે લઈએ એને જ તો સ્વાર્થ કહીએ છીએ. પ્રેમની અંદર આ સ્વાર્થીપણું નથી.

પરમાર્થની અંદર 'સ્વ' એટલે આપણે પોતે, પોતામાંથી, પોતાનાં જે ગુણો છે એની પ્રાપ્તિ કરીએ એને સ્વ અર્થ અથવા સ્વાર્થ કહેવાય. એ તો સૌથી સારી વસ્તુ છે. દયા, શાંતિ, ક્ષમા, ધૈર્ય, હિંમત, શ્રદ્ધા, વિશ્વાસ આ બધા આત્માના ગુણો છે. એ ગુણોની જો પ્રાપ્તિ આપણે કરીએ તો સ્વાર્થ કર્યો કહેવાય એટલે પોતાના આત્માના અર્થે આ બધી ક્રિયા કરીએ તો વખાણવા જેવી છે; પણ આત્મા જ્યારે જડ પદાર્થ ઉપર લક્ષ કરી, એ પદાર્થને ગ્રહણ કરે અને બીજાને દુઃખનું કારણ આપે તો એ ચોક્કસ સ્વાર્થ છે. પર પદાર્થની અપેક્ષા, ઈચ્છા અને ગ્રહણ કરવું એ સ્વાર્થ છે પણ પોતાના આત્માના ગુણોની પ્રાપ્તિ થાય એવા કારણોનું સેવન કરવું અને એ ગુણોનો વિકાસ કરવો એ સ્વ અર્થ છે, કરવા યોગ્ય છે.

**પ્રેમ કાંઈ સહી શકતો નથી, છતાં બધુ સહે છે.**

આ ન કરવા જેવું છે, આ ન જ થવું જોઈએ અને છતાં બીજાથી થઈ જાય છે તો શાંતિથી સહન કરે છે, બદલો લેતો નથી. સામી વ્યક્તિ જે કંઈ કરે એનાથી એ સંમત નથી થતો. આ સાવ ખોટું છે એવી માન્યતા છે પણ કોઈ રીએક્શન સામે આપતો નથી, ચૂપચાપ સહન કરે છે.

**આવું છે શુદ્ધ પ્રેમનું શુદ્ધસ્વરૂપ, પ્રેમનું અલૌકિક સામર્થ્ય ! તેની વિસ્મયજનક અદ્‌ભુત શક્તિ અહો ! આશ્ચર્ય !**

પ્રેમનું બીજું નામ આત્મા, સાક્ષાત ઈશ્વર પોતે. પ્રેમનો જો વિકાસ થાય તો આત્માનાં ગુણોનો વિકાસ અથવા ઈશ્વરની ઓળખાણ તરફનાં પગલા. રાગ અને દ્વેષ અને રાગ અને પ્રેમ એનો ભેદ જો બરાબર સમજાઈ જાય તો ઈશ્વરનાં ઘરનો માર્ગ પણ ચોક્કસ સમજાઈ જાય. સંસારની ગમે તે વ્યક્તિ પ્રત્યેના ગમે તેવા અશુભભાવો, એ શાંત થવા જ જોઈએ. બીજા કેવી રીતે વર્તે છે એ વિચારવાની જરૂર નથી. મારે કેવી રીતે એ વ્યક્તિ સાથે વર્તવું એ સમજવું, એ પ્રેમ છે.

**હે પ્રભુ ! આપે અનુગ્રહ કરી પ્રેમની દિવ્ય પ્રસાદી આપી છે. તો હવે એટલી બધી શક્તિ આપશો કે જેથી હું પ્રેમની પરાકાષ્ટાએ પહોંચી પરાભક્તિને પામી આપની સાથે એકરૂપ થઉં.**

પ્રેમનો વિકાસ એ આત્માનાં ગુણોનો વિકાસ અથવા આત્મજ્ઞાન, સમકિત તરફનો પુરુષાર્થ છે. આ પ્રેમ વિશેષ પ્રકારે ડેવલપ થાય એ અત્યંત જરૂરી છે. પ્રેમનાં સાચા સ્વરૂપને ઓળખે છે, એવા સત્પુરુષની સાથે પ્રેમ થાય તો

ચોક્કસ આત્મજ્ઞાન કે સમકિતનું કારણ થાય. એવા પુરુષ સાથે જ્યારે અનહદ એવા પ્રેમની પરાકાષ્ટાએ પહોંચીએ ત્યારે એનો આત્મા અને આપણો આત્મા, આત્માનું સામ્ય, એકપણું થતું જાય છે અને આત્મા ઓળખાય છે.

**હે પ્રેમમૂર્તિ ! પ્રેમ શક્તિના દાતા! આપ આ બાળકને શક્તિનું એવું દાન કરો કે તે આપને પૂર્ણ પ્રેમથી, મન, વચન અને કાયાની એકાગ્રતાથી ચાહી શકે, તેના લોહીનાં અણુએ અણુમાં પરમ પવિત્ર અને કલ્યાણકારી પ્રેમરસ પ્રવહે, તેના હૃદયના એકએક ગુપ્ત અને ગહન ખૂણેખૂણાના પ્રદેશથી પ્રેમનો સુમધુર મીઠો ધ્વનિ નીકળ્યા જ કરે.**

સંસારમાં જ્યારે પ્રેમ કરીએ છીએ તો સામો માણસ આપણી માટે બધું કરે છે; આપણે કોઈને પ્રેમ કરતાં નથી. સામી વ્યક્તિ પ્રેમ કરતાં અટકે નહીં માટે પ્રેમ (રાગ) કરીએ છીએ. પરમાર્થે જ્યાં પ્રેમ કરીએ છીએ તો સામી વ્યક્તિને આપણી કાંઈ પડી જ નથી... એ ભલે ચાર ગતિમાં રખડે, મને મતલબ નથી; મને મારા આત્માથી મતલબ છે. માટે આવા નિર્મોહી નિરાગી કે વીતરાગીને પ્રેમ કરવો ભયંકર અઘરો છે.

**હે પ્રેમસાગર વિભો! મારા હૃદયને અને મનને આપનામાં સ્થિર કરી, એક કરો. મારી તો એવી ભાવના છે કે મારે આપનાં પ્રેમ સરોવરમાં ડૂબકી મારી ખોવાઈ જવું છે; સર્વભાન ભૂલી જઈ આપનામાં લીન થવું છે અને એ દિવ્ય આનંદરસના, સુધારસના, આત્મરસના કેવળ ભોક્તા બનવું છે. સર્વ દુઃખ અને ક્લેશથી મુક્ત થઈ એક પરમ શાંતરસમાં સર્વકાળને માટે ઝુલવું છે. ડૂબકી મારવી છે. હે કરૂણાના ભંડાર! પરમ કરૂણા લાવી આ આપનાં પ્રેમી ભક્તની ભાવના પૂરી કરશો.**

પરમ કૃપાળુ દેવ અંબાલાલભાઈને લખે છે કે શ્રી સોભાગ પ્રેમસમાધિ વિશે લીન છે. 'સદ્‌ગુરુની ભક્તિમાં લીન' ત્યારે કહીએ જ્યારે એમના આત્માનાં ગુણોનો વિચાર અને એ વિચાર વિશેષ ડેવલપ કરતાં કરતાં આપણામાં એ ગુણો પ્રગટ થાય; એની અંદર જ્યારે લીનતા થાય, ત્યારે અનહદ એવા આનંદનો અનુભવ ચાલે ત્યારે એમ કહેવાય કે એમનાં પ્રેમ સરોવરમાં ઊંડી ડૂબકી મારી છે, અથવા પ્રેમસમાધિ લાગી ગઈ છે. આવી પ્રેમસમાધિ જ્યારે લાગે ત્યારે અમુક દશા વધે અને આખા શરીરમાં સુધારસની રેલમછેલ ચાલે. આત્માની વધારે ને વધારે એકાગ્રતા થાય અને પછી પ્રેમસમાધિમાંથી સહજપણે આત્મસમાધિ લાગી જાય. જ્યારે આત્મસમાધિ લાગે ત્યારે કોઈ કાળમાં, કોઈ ભવમાં ન અનુભવેલો હોય એવો આત્માના આનંદનો અનુભવ થાય, એને આત્મરસ, સુધારસના ભોક્તા કહીએ. આવી જે દશા છે, કોઈને યાદ કરી અને થોડા વખત એમના મય રહેવું એ કંઈ અઘરૂ નથી. સંસારમાં આવું કરી ચૂક્યા છીએ. ત્યાં સામી વ્યક્તિનાં બાહ્ય રૂપના ઊંડા વિચાર હતાં. આ જગ્યાએ પોતામાં જે આત્મિકગુણો છે, વિચાર ચાલતા, ઊંડા ઉતરી જવાય છે અને જેટલા ઊંડા ઉતરાય એટલાં આત્મિકગુણો વિશેષ પ્રકારે પ્રગટ થાય છે, અનુભવમાં આવે છે, આત્મા ચોક્કસ વિકાસ કરે છે.

**'સદ્‌ગુરુની ભક્તિમાં લીન' ત્યારે કહીએ જ્યારે એમના આત્માનાં જે કંઈ ગુણો છે, એ ગુણોનો વિચાર કરતાં કરતાં આપણામાં એ ગુણો પ્રગટ થયા હોય; એની અંદર જ્યારે લીનતા થાય, ત્યારે પ્રેમસમાધિ લાગી પછી પ્રેમસમાધિમાંથી સહજપણે આત્મસમાધિ લાગી જાય.**

પરમશાંતરસ એટલે આત્માની અંદર નિમગ્ન રહે તે, કોઈપણ જાતનાં ભાવનું ન હોવું એવી આત્મિક દશા જે સિદ્ધ, અરિહંત, કેવળી વિગેરેની કહીએ; ફક્ત જ્ઞાતા દ્રષ્ટા, જગત આખાને જોયા કરે છે, જાણ્યા કરે છે. ત્યાં કોઈ ભાવ ઉત્પન્ન થતો નથી એટલે કે કોઈ રસ ઉત્પન્ન થતો નથી. એવી સિદ્ધની, છેવટની દશા જોઈએ છે.

આટલી ઊંડાણથી સમજણ જો પડતી હોય તો બે-પાંચ ભવની અંદર ચોક્કસ આ પરિભ્રમણનો નીવેડો આવી જાય, પણ સાચા અર્થમાં ભક્તિનો અર્થ, ભક્તિ ક્યાં કરવી, કેવી રીતે કરવી એ બધું સમજવું એમાં એકાદ ભવ પણ લાગી જાય. ઊતાવળ કરવાથી આગળ ન વધી શકાય, અત્યંત અત્યંત ધીરજની જરૂર છે. ◆

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

**નોંધ :** પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

# वचनामृत पत्र २५४

## निःशंकतासे निर्भयता उत्पन्न होती है; और उससे निःसंगता प्राप्त होती है।

निःशंकता जो प्राप्त हो जाती है तो निर्भयता हाजिर होती है और निर्भयता से निःसंगता आती है। जहां निःसंगता की प्राप्ति हुई, वहां आत्मज्ञान हाजिर हो जाता है। आत्मज्ञान हुआ तो आत्मा अपने आप पुरुषार्थ करता है।

**'प्रकृति के विस्तारसे जीव के कर्म अनंत प्रकार की विचित्रता से प्रवर्तन करते हैं।' और इससे दोष के प्रकार भी अनंत भासित होते हैं; परंतु सबसे बड़ा दोष यह है कि जिससे 'तीव्र मुमुक्षुता' उत्पन्न ही न हो अथवा 'मुमुक्षुता' ही उत्पन्न न हो।**

प्रकृति का मतलब जीव की आदतें - जितने जितने मनुष्य है सब के अंदर अजीब तरीके की इच्छाए, बर्ताव लगा रहेता है। ये अलग अलग व्यवहार का दूसरा नाम जीव के कर्म हुआ। जिस जिस तरह के जो जो कर्म जब हाजिर होते हैं, तो उस तरह कि उनकी प्रकृति हो जाती है। किसी के अंदर लोभ ज्यादा, किसी के अंदर क्रोध तो किसी के अंदर धृणा ज्यादा है। किसी को कुछ अच्छा तो किसी को कुछ अच्छा लगता है। यह जो विविधता अनेक प्रकार की अलग अलग मनुष्यो में दिखाई पड़ती है उसका कारण है कर्म।

कर्म आत्मा का एक दोष है। कर्म अनंत प्रकार के है। कर्म यदि अनंत प्रकार के हैं, तो दोष भी अनंत प्रकार के हैं। अनंत प्रकार की प्रकृति मतलब जीव का स्वभाव भी अलग अलग होगा।

मनुष्य जन्म मिले और मुमुक्षुता प्राप्त न हो वह जीव का सबसे बड़ा दोष है। जब तक यह दोष न टले तब तक मोक्ष मार्ग में एक कदम आगे बढना मुशकील है। मुमुक्षुता बहोत ही जरूरी है।

**प्रायः मनुष्यात्मा किसी न किसी धर्ममत में होता है, और वह उस धर्ममत के अनुसार प्रवर्तन करता है ऐसा मानता है; परंतु इसका नाम 'मुमुक्षुता' नहीं है।**

आज जगत के अंदर कई अलग अलग दर्शन हैं। जिस कुल में जन्म हुआ और माता-पिता, बुजुर्ग जिस धर्म का पालन करतें हैं, उसी धर्म का हम पालन करतें है और मानतें हैं कि हम धर्मीष्ट हैं। जो धर्म करता है उसको मुमुक्षु कहा जाता है पर मुमुक्षुता कि यह सच्ची परिभाषा नहीं है। धर्म के बारे में जानकारी होनी उसको किसी भी हालत में मुमुक्षुता नहीं कहते।

**'मुमुक्षुता' यह है कि सर्व प्रकारकी मोहासक्तिसे अकुलाकर एक मोक्ष के लिए ही यत्न करना।**

संसार के अंदर जब भी कुछ शुभ हो - घर में कई सालों के बाद बच्चे का जन्म हो या बहोत समृद्धि आ जाए, उस समय जो मोह आसक्ति भाव रहेता है, वहां एक तरह की व्याकुलता उत्पन्न होनी चाहीए। सुख से भी जिनको दुःख लगे, यह सुख भ्रांतिरूप है, संसार में फसानेवाले संजोग हाजर हुए हैं; इतने सुख में मैं आत्मा को हर हालत में भूल जाउँगा। इस तरह संसार के ज्यादा सुख प्राप्त हो उस समय ज्यादा जाग्रति रहे उसे मुमुक्षुता कहेतें हैं।

शाता वेदनीय का उदय हो उस समय मन के अंदर एक भय रहेना चाहिए, यह गीरने का चान्स है, मुझे संभलना है। सुख के अंदर खेद रहेना उसका नाम मुमुक्षुता है।

मुमुक्षुता के अंदर अभी आत्मज्ञान हुआ नहीं है। आत्मा की थोड़ी बहोत समझ आई है। आत्मा सब कर्मो से रहित होकर स्वस्थान, निजधाम, मोक्ष या सिध्यालय जाय वही मेरे आत्मा का लक्ष है। अनादि काल से चार गति के अंदर जो परिभ्रमण हो रहा है, मुझे उससे छुटना है, निरंतर मोक्ष मार्ग की प्राप्ति के बारे में सोचना और प्रवर्तन करना वह मुमुक्षुता है।

**'तीव्र मुमुक्षुता' यह है कि अनन्य प्रेमसे मोक्ष के मार्ग में प्रतिक्षण प्रवृत्ति करना।**

'तीव्र मुमुक्षुता' यह है कि आत्मा कि प्राप्ति हो जाने के

बाद, मार्ग पूरा समझमें आ गया है और फिर प्रतिक्षण उसी में प्रवृत्ति करना के आत्मा का विकास कैसे होता रहे।

मुमुक्षुता की प्राप्ति हुई हो तो १५ भव में मुक्ति अवश्य है। उस १५ भव को कम करके कितने भव में आगे बढ जाए, हर समय आत्मा के बारे में सोच चलती रहे, आत्मा का विकास चलता रहे तो उसको तीव्र मुमुक्षुता कहेंगे।

**'तीव्र मुमुक्षुता' के विषय में यहाँ कहना नहीं है परंतु 'मुमुक्षुता' के विषय में कहना है, कि यह होने का लक्षण अपने दोष देखने में अपक्षपातता और उससे स्वच्छंदका नाश होता है।**

**स्वच्छंद की जहाँ थोड़ी अथवा बहुत हानि हुई है, वहाँ उतनी बोधबीज योग्य भूमिका होती है।**

मुमुक्षुता की प्राप्ति हो जाती है तब जीव को अपने दोष दिखाई पड़ते हैं। अपने दोष के अंदर अपक्षपात रहता है। जो जैसा है वैसा लोगो को दिखाता है। जब मुमुक्षुता नहीं है तो लोगो को अपना जो अच्छे से अच्छा हो वह दिखातें हैं और बुरा छुपातें हैं। सच्ची मुमुक्षुता मिल जाती है तब निरंतर लक्ष यही रहता है कि दोष कैसे टलें। जब स्वदोष दर्शन होता है तब वे दोष अवश्य टल जातें हैं, क्षय होते है।

**शाता वेदनीय का उदय हो उस समय मन के अंदर एक भय रहेना और सुख के अंदर खेद रहेना उसका नाम मुमुक्षुता है।**

जब तक मुमुक्षुता प्राप्त नहीं होती तब तक मनुष्य को किसी भी हालत में अपने दोष दिखाई नहीं पड़ते। लाखो जन्मों से जीव ने अपने दोष देखे नहीं है, इसलिए परिभ्रमण चालू है। दोष दिखाई न देने का कारण है 'स्वच्छंद'नाम का दोष। जब तक जीव में स्वच्छंद है तब तक वह किसी भी भव के अंदर अपने आप अपने दोष को देख ही नहीं सकता।

सद्‌गुरु की कृपा से ही सच्चे अर्थ में मुमुक्षुता प्राप्त हो सकती है, अन्यथा संभव नहीं है। तब जीव को अपने दोष का अवश्य दर्शन होता है। जब अपने दोष का दर्शन होता है, तो दूसरों के दोष दिखाई नहीं पड़ते और दूसरों का दृष्टिकोण समझ में आता है। अपना दोष दिखाई नहीं पड़ता तब सामने वाले का दोष ही सारी दुनिया देखती है।

**'दूसरे के मन्तव्य को सहज समझ लेना वही स्वच्छंद का नाश है और अपनी बात को मानना वह सबसे बड़ा स्वच्छंद है।'**

सोचीए, सारी दुनिया स्वच्छंद में ही जी रही हैं। सब लोग यही प्रुव करतें है 'मैं कैसे सच्चा हुं।' जहां बुद्धि वाला ज्ञान हो, वहां हमेशा प्रुव करने की बात रहेगी। यही सबसे बड़ा स्वच्छंद है। दुसरा किस तरह से सच्चा है वह जीव समझे तो स्वच्छंद का नाश है। जब स्वच्छंद का नाश होगा और दृष्टि अपनी अलग होगी, दूसरों के मन्तव्य समझने की प्रेक्टीस होती जाएगी तब आत्मज्ञानी गुरु की बात समझने में आएगी।

लाखों लोग जो बोलते हैं वह सब को समझ में आता है पर उससे कुछ प्राप्त नहीं हुआ है। लाखों से अलग कोई एक है, तो वह जो बोलेंगे वह लाखों से अलग ही बोलेंगे न ? फिर लोग कहेंगे के इतने बड़े धर्मात्मा, आचार्य सब गलत और यह एक कहे वह सच? हम तो मान ही नहीं सकते, इनकी बात झुठी है। बस इसी को हम 'स्वच्छंद' समझाना चाहते हैं।

संसार के जीवो की मान्यता अगर हम नहीं समझ सकतें तो ज्ञानी के हृदय को कैसे पहेचानेंगे? उनको नहीं पहेचाना तो मार्ग कहाँ से मिलेगा?

ज्ञानी की हर गलत बात कैसे सही है वह समझने से, मुमुक्षुता प्राप्त होने से जीव के जो दोष हैं उनमे अपक्षपातता होती है। अपने दोषों को एक्सेप्ट करने से सामने वाले के दोष दिखाई नहीं पड़ते, उनके गुण दिखाई देते हैं, उनके व्यु पोईट समझ में आते हैं। दोनो सही हो सकते हैं। रीझनींग से मन में कोई प्रकार के विक्षेप न हो वैसा मन कर लेना चाहीए।

जितना जितना दूसरो को या सद्‌गुरु को समझने की बुद्धि हाजर हुई वहाँ उस जीव की उतनी आत्मज्ञान प्राप्त करने की योग्यता प्राप्त हुई।

**स्वच्छंद जहाँ प्रायः दब गया है, वहाँ फिर 'मार्गप्राप्ति' को रोकनेवाले मुख्यतः तीन कारण होते हैं, ऐसा हम जानतें है। इस लोकको अल्प भी सुखेच्छा, परम दीनताकी न्यूनता और पदार्थ का अनिर्णय।**

यदि जीव को योग्यता प्राप्त हुई है, मुमुक्षुता प्राप्त हुई है, स्वच्छंद समझने में आया है और स्वच्छंद को कुछ अंश में क्षय किया है, वहाँ तीन दोष जीव को आगे बढ़ने में रोकते है।

**१. 'इस लोककी अल्प भी सुखेच्छा'**

कुछ योग्यता प्राप्त हो चूकी है और अक्सर लोग कहतें हैं कि बहोत अच्छा चल रहा था पर अब गाडी अटक गयी है, पहेले जैसी खुशी, आनंद नहीं है। पहेले जैसा प्रोग्रेस नहीं हो रहा है उसकी वजह क्या है? इस लोक की कुछ भी सुखेच्छा हो तो गाडी वहाँ अटक जाती है।

**२. 'परम दीनताकी न्यूनता'**

परम विनय की कमी। विनय कहां करना है? तो ज्ञानी पुरुष पर। ज्ञानी पुरुष के प्रते विनय की कमी वह दूसरा दोष।

**३. 'पदार्थ का अनिर्णय'**

किस पदार्थ के लिए हम यह धर्म क्रिया करतें हैं? क्या उस पदार्थ को हम यथार्थरूप से जानतें हैं? आत्मा के बारे में सही जानकारी नहीं होना उसको कहेंगे पदार्थ का अनिर्णय।

यह तीन दोष जब दूर हो तो ही गाडी आगे बढेगी। मुमुक्षुता प्राप्त होने के बाद भी जीव के अंदर कई ऐसे दोष है जो क्रमशः कम होने ही चाहिए। जब मुमुक्षुता प्राप्त होती है तब सब दोष चले जाते है ऐसा कोई नियम नहीं है। मगर नियम ये है कि सही मुमुक्षुता यदि जीव को प्राप्त हो तो सातवी नरक के पाप भी जीव क्षय कर सकता है।

**'इस लोककी अल्प भी सुखेच्छा' यह प्रायः तीव्र मुमुक्षुताकी उत्पत्ती होनेसे पहेले होती है।**

**उसके होने के कारण ये हैं – निःशंकतासे यह 'सत्' है ऐसा दृढ नहीं हुआ है अथवा यह 'परमानन्दरुप' ही है ऐसा भी निश्चय नहीं है; अथवा तो मुमुक्षतामें भी कितने ही आनंदका अनुभव होता है, इससे बाह्यसाता के कारण भी कितनी ही बार प्रिय लगतें हैं(!) और इससे इस लोककी अल्प भी सुखेच्छा रहा करती है; जिससे जीव की योग्यता रूक जाती है।**

**सद्‌गुरु की कृपा से ही सच्चे अर्थ में मुमुक्षुता प्राप्त हो सकती है। तब जीव को अपने दोष का अवश्य दर्शन होता है। दूसरों के दोष दिखाई नहीं पड़ते और उसका का दृष्टिकोण समझ में आता है।**

जब मुमुक्षुता प्राप्त होती है या समकित की प्राप्ति या आत्मज्ञान हो जाता है तब सब दोष होते ही हैं मगर आत्मज्ञान और मुमुक्षुता सही ढंग से प्राप्त होने पर यह दोष बारी बारी केन्सल होते हैं।

जब तीव्र मुमुक्षुता उत्पन्न होती है तब संसार के कोई भी सुख की इच्छा मात्र उस जीव को नहीं रहेती। वह है उत्कृष्ट छठ्ठा या सातवा गुणस्थानक। चौथे गुणस्थानक में आत्मा की बराबर समझ आती है। 'देह से भिन्न मैं आत्मा हुँ' उसीका नाम समकित हैं।

आत्मा का साक्षात अनुभव कई सालों के बाद होता है। समकित का अर्थ है कि 'आत्मा है' वह महेसूस हो, प्रतीत हो जाए के इस भव में या इसके आगे वाले भव में यह फीलींग नहीं आएगी कि मैं आत्मा हुं के नहीं। सारी दुनिया कुछ भी कहे, शास्त्र कुछ भी कहे मुझे यह विश्वास है कि 'मैं आत्मा हुँ।'

यह पहेले समकित की प्राप्ति के बाद बाकी के समकित, आत्मा का बलवान अनुभव हो ही जाता है।

मुमुक्षुता से पहेले, त्याग, वैराग्य, संसार में अरुची, अप्रमाद यह सब की प्राप्ति तो होती ही है। संसार इस भव में या आगे के कोई भव में मुझे छोड़ना ही पडेगा। यदि पूर्व कर्म से संसार है तो हम संसार में रहेते हैं, द्रव्य से। भाव से अब हमको संसार नहीं चाहिए वह बात पक्की हो जानी चाहिए। सालों के बाद या दो – पाँच भव के बाद ये संसार अब मुझे नहीं चाहिए।

संसार का प्रतिस्पर्धि मोक्ष है। यदि मोक्ष चाहिए तो साथ में संसार रह ही नहीं सकता। कर्म की वजह से संसार है फिर भी धर्म कर सकतें हैं, आगे बढ सकतें हैं। संसार में हैं इसलिए कुछ प्राप्त न हो यह गलतफहमी यहाँ दूर कर रहें हैं। संसार में रहकर धर्म की क्रिया कर सकतें है और इस क्रिया का फल आगे चलकर आत्मधर्म मतलब मोक्ष मिल सकता है।

मुमुक्षुता जब प्राप्त होती है तब संसार निरस, असार लगना ही चाहिए। मुमुक्षुता आती है तब संसार की सुखेच्छा

कुछ न कुछ प्रमाण में जरूर रहेगी। मन में यह सोचना है कि ऐसी एक भी सुखेच्छा मुझे होनी नहीं चाहिए। यह रटन कोन्सटन्ट भवोभव चलता रहे तब संसार नहीं, संसार भाव केन्सल होता जाएगा।

आत्मा अजर, अमर, अविनाशी है और जन्म, जरा, मरणादि सर्व दुखों से पर है; आत्मा की प्राप्ति के बाद किसी भी प्रकार का दुःख हो ही नहीं सकता; यदि यह विश्वास है कि आत्मा में सर्वोत्तम सुख है, फिर उस जीव को संसार के सुख में पहेले जीतना आनंद नहीं आता।

जब तक यह निःशंकता नहीं है कि आत्मा ही सत् पदार्थ है, सुख का धाम है, सुख की खाण है तब तक उस जीव को संसार के सुख की इच्छा रहेगी।

आत्मा की जितनी समझ है उतनी संसार के सुख के भाव की ईच्छा कम हो जाएगी। मगर पूर्व कर्म (पूण्य) होने के कारण संसार के अंदर शाता वेदनीय तो भोगना ही पड़ेगा। उस समय जीव को मन में खेद रहेगा कि ऐसा सुख भी नहीं चाहिए।

**मुमुक्षुता जब प्राप्त होती है तब संसार निरस, असार लगना ही चाहिए। संसार की सुखेच्छा कुछ प्रमाण में जरूर रहेगी। 'ऐसी एक भी सुखेच्छा मुझे होनी नहीं चाहिए' यदि यह रटन कोन्सटन्ट भवोभव चलता रहे तो संसार नहीं, संसार भाव केन्सल होता जाएगा।**

ज्ञानी के समागम में आने के बाद मुमुक्षुता की प्राप्ति हो जाने के बाद, आत्मा की समझ होती है। जैसे जैसे समय जाता है, आत्मा की अनुभूति भी हो जाती है, तब जीव को लगता है कि यह ज्ञानी पुरुष ही मेरे भगवान हैं।

जीव को ज्ञानी के प्रति अहोभाव होता है कि उनके हमारे पर कितने उपकार है, और हम कुछ नहीं कर सकतें, उनकी भक्ति करें यह तो शिष्य का धर्म है। यदि ज्ञानी इससे थोडा भी सुख का अनुभव करते हो, तो वह ज्ञानी की दशा नहीं है। अंतरंग में जरूर जरूर खेद होना चाहिए के यह पूण्य का उदय है, मुझे गिरा देगा।

'यह संसार की सुखेच्छा है तब तक परमानंद सुख की ईच्छा आवरित है।' यदि यह बराबर महेसूस होता रहेगा तब संसार के सुख नहिं, मुझे आत्मा चाहिए। यह भाव सालों तक चलते रहें तो परमानंदरूप आत्माकी प्राप्ति अवश्य हो सकती है।

'परम दीनताकी न्यूनता' या विनय की कमी। विनय का मतलब है सच्ची समझ। जिस ज्ञानी पुरुष के द्वारा हमें मोक्ष मार्ग मिल रहा है, आत्मधर्म की समझ मिल रही है और आगे बढ रहें है अनुभव से, उनके प्रत्ये विनय होना ही चाहिए। ज्ञानीमें बहोत गुण है, मेरे में कुछ नहीं है। तब अपने दोषो पर दृष्टि जाती है, खुद के दोष समझमें आते हैं फिर जीव जिन जिन के परिचय में आता है, वहाँ प्रमोद भाव खिलने के कारण उसे लोगों के गुण दिखाई पडते हैं। औरों के गुण और खुद के दोष दिखने पर ठोस रूप से समझ में आ जाता है कि

**अधमाधम अधिको पतीत, सकल जगतमां हूँ;**
**ऐ निश्चय आव्या विना, साधन करशे शुं?**

वह निश्चय आ जाता है कि मुझसे बड़कर इस जगत में बूरा आदमी और कोई नहीं है। 'जितना जितना प्रमोद भाव बढ़ता रहेता है, उतना जीव का मानभाव क्षय होता है।'

मनुष्य योनी में सब से बडा दोष है, मान भाव। देवलोक में लोभ होता है, नरक के अंदर क्रोध और तीर्यंच के अंदर माया होती है। मनुष्य योनी के अंदर यह मान कषाय किसी भी हालत में जाता नहीं है। जिस भव में केवलज्ञान की प्राप्ति होने वाली हो तब जाकर मान कटता है। 'मान को काटने के लिए विनय सबसे ज्यादा जरूरी है।'

अब सबसे ज्यादा विनय कहाँ करना चाहिए? तो ज्ञानी पुरुष के प्रति। ज्ञानी पुरुष का जितना माहात्म्य लगे उतना विनय है, नम्रता है।

***(क्रमशः)***

**ॐ शांतिः शांतिः शांतिः**

---

**नोंधः** पूज्यश्री द्वारा दिये गये 'स्वच्छंद' के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

***सौजन्य : जयश्रीबेन वाय. मोदी, मुंबई***

SHRIMAD RAJCHANDRA VACHANAAMRUT

# Patrank : 37 *(Contd.)*

*We learned in the last issue.....*

***Aartyadhyan (act of carrying resentment) actually results in adhikaran (compounding) meaning the original resentment keeps getting enhanced without any fresh incitation. A sincere follower of Atmadharm would always introspect and look from the others' point of view without defending his own shortcomings. Param Krupaludev advises Shri Juthabhai to remain fearless and that no matter what anyone speaks about him, to remain unaffected and and remain equinamous. Adore the One who shows the true path of Moksh (liberation) for having such adoration for such a One starts a secret process in the Aatma resulting in the true path of liberation becoming perceptible.***

*.....and continue herein below with*

***Refrain from any wish, desire or doubt regarding life in future or its end.**

Do not entertain any sankalp, desire or vikalp, doubt or misgiving about how long will you live or how you ought to live. Juthabhai used to keep unwell and worry about his human birth being successful in the living presence of Param Krupaludev, i.e. after self realization only his mortal frame should die. Param Krupaludev, who had "vachan siddhi" (his utterings would come to be true) promises him that he will achieve self realization in this human life and that he should not worry.

***To make the soul's focus (upyog)flawless(unblemished), forget all worldly desires (sankalp) or doubts, misgivings (vikalp).**

A soul's main characteristic is its power of concentration or focus (upyog) upon anything. It's our experience that whenever we focus on anything, we perceive it, think about it and understand what it is. Thereafter, we constantly indulge in all sorts of thoughts, desires and doubts which are terrible for the soul.

The very first thought which arises is sankalp and then there are thousands of other thoughts -vikalps surrounding that sankalp leading to karma bondage every second. A soul's primary characteristic is to "see and know". However, we start thinking about that object, if good, we desire it and if not, we don't want it. Be it in business, worldly matters or family, with seeing and knowing, such chain of thoughts constantly goes on

A soul's main characteristic is its power of concentration or focus (upyog) upon anything. To make the soul's focus flawless (unblemished), forget all worldly desires or doubts, misgivings.

and on and all thoughts except those for aatma lead to karma bandhan. A jiv possessing good intellect can think a lot. Chintvan or contemplation leads to shedding of karmas. Intellect if applied for worldly things is sankalp-vikalp and if in spirituality, "I am soul" becomes sankalp and "what should I now do to realize it etc" become vikalps and is beneficial.

**When we are faced with difficulties in our lives, it is not the opposite person who is responsible but our own past karma which is expressing itself through the opposite person. At such times, the best course of action is to remain in equanimity.**

What is meant by shuddh upyog (flawess attention or focus)?

Whatever may be the object, you see it, know it and forget it – that's it. Know a villain as a villain, nothing more – no negative thoughts for him. Similarly, for a saint. But such a state is quite advanced, beyond the 7th Gunasthanak (Jain philosophy prescribes 14 levels called Gunasthanaks for the progress of aatma from ignorance to ultimate knowledge or Kevalgyan). Today, you have to forgo the bad and accept the good only. The more you focus on the self (soul), it becomes flawless, pure. As thoughts reduce, concentration increases and in turn the soul gets purified. But when our old karmas get purged, we indulge in fresh thoughts and bind ourselves with new karmas. If we learn not to indulge or get bound by new karmas, within 2-5 lives, we can get completely rid of all karmas.

***Reminisce about the (high) aatmic state of Parshwanath Yogishwar (23rd Tirthankar) and keep longing for such a state again and again, this is my blessing and impartation to you.**

Parshwanath, Lord Mahavir remained steadfast within their souls amidst severe impediments. When Kamath (Parshwanath's foe from a previous birth) unleashes torrential rains to drown HIM and the water level rises up to nose, Dharnendradev (Parshwanth's friend from a previous birth) assumed the form of a huge snake and formed a seat for HIM and covered HIS head by his hood; Parshwanath remains in deep contemplation of his own soul – entertaining neither any good thoughts for Dharnendradev nor any negative thoughts for Kamath, just seeing that each is performing his own karm.

Similarly, when Sangamdev is unleashing severe atrocities, 20-25 in a single night which could have been fatal, Mahavir is simply steadfast within HIS own soul; whatever is happening is karm. Karm is inanimate matter and has a life span and will definitely get discharged at the ripe time. This is an eternal principle.

When we are faced with harassment in our lives, it is not the opposite person who is responsible but our own past karma which is expressing itself through the opposite person. At such times, it is best to remain in equanimity ("samta bhaav"), keep the focus flawless. No admiration for those who do good nor any condemnation for those who harass us. At such difficult times, if we remember the aatmic state of Lord Parshwanath, then we become one with it and aatma progresses. "I am Aatma" should be our objective and the only thing to be achieved is that the soul should remain steadfast in its own self.

***This soul is also longing for such a (high) state and is a disciple in deep devotion at HIS lotus feet and teaches you to have such faith.**

Param Krupaludev longs for such a high aatmic state like Lords Parshwanath and Mahavir for himself as well as Juthabhai.

***The 4 fold attributes preached by Lord Mahavir of the soul are true and don't forget that.** (According to Jain philosophy, a soul has 4 primary attributes – its physical state, its coverage area, (evolution in) time and its feelings)

Best wishes : Rita Praful Shah, Mumbai

> **Right up to this point of time, if you have entertained any thoughts that "there is no such thing as God or the All Knowing Lord", seek true heartfelt forgiveness so that you can get relieved from such karmas. Liberation is not via any rituals but by a true and correct understanding.**

Whatever is preached by Lord Mahavir in the scriptures (known as Dwadashangi i.e 12 main scriptures) is true.

Although we may not understand the very subtle aspects regarding a soul's physical attributes we must keep faith.

Today, none of the philosophies in the World are able to comprehend as to how living beings within Earth, Air, Fire and Water exist.

According to the Jain philosophy time implies the 6 Eras.

Sensitivity of the soul implies varied kinds of bhaav, thoughts and emotions. Among these, which is the highest? Thinking about own self (aatma), one achieves his own true self and that is freedom or liberation.

Jinn Bhagwan has knowledge of the entire Universe and its functioning and that what the Lord has said is not true is flawed thinking which leads to a soul getting bound (covered) with Gyanaavaraniya Karm (Gyan is knowledge and aavaran is covering). Then for an unending period of time, the intellect does not become right (samyak) and true understanding does not come.

***If you have in any manner whatsoever disrespected Lord's preachings, seek forgiveness therefor.**

Right up to this point of time, if you think that - "there is no such thing as God or the All Knowing Lord" seek true heartfelt forgiveness so that you can get relieved from such karmas. The way to liberation is not via any rituals but by a true and correct understanding. A jiv's actions are according to his understanding. E.g. in case of fire, it is obvious that you either put it off or run away from it. Param Krupaludev says correct understanding (samyak samjan) leads to true knowledge (samyak gyan) and true faith (samyak darshan) which in turn leads to true character (samyak charitra).

***From the context of today's era, soulfully surrender your mind, words and body in His lap, this is the path of liberation.**

If you wish to achieve an elevated aatmic state, then reminisce and contemplate on Arihant, Tirthankar who have achieved that state and seek forgiveness, surrender your mind, words and body to them.

"Oh Lord! Whatever you say is the Truth. I will speak as thou say; I will feel as thou wishes; will do as thou biddest. I will live as per your commands and to that end, I bow my head and wish to surrender whatever is mine unto you". Devoted dedication towards the Lord, accepting one's own insignificance and having absolutely no understanding is the path of liberation.

***Forget the philosophies of the World, faith in their viewpoints; forget all thoughts of being a Jain except focusing on the fascinating, yoginspired character of (their) souls.**

Forget that I am a Jain or that I belong to this or that sect. Just remember "I am soul and whatever is beneficial to me, I will focus on that".

**OM SHANTI: SHANTI: SHANTI:**

***........ to be continued***

---

**Note:** This translation and edited version of Param Pujya Premacharyaji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan

* Indicates textual material

# રોગ થી યોગ



■ **સોનલબેન દોશી**

રોગથી યોગ, કેન્સરથી આત્મસ્વભાવ તરફ જવાની જર્નીમાં હું એમ કહીશ કે મેં કેન્સરને માર્યો નથી પણ કેન્સરને જીત્યો છે પ્રેમથી, કરૂણાથી, અનુકંપાથી. આવું અસંભવ ત્યારે સંભવ થાય છે થાય છે જ્યારે આપણી સાથે આપણા સદ્‌ગુરુનો આશ્રય, માર્ગદર્શન અને કૃપા હોય છે.

સાલ ૨૦૧૦માં રૂટીન ચેક-અપ કરતાં કરતાં ખબર પડી કે મને બ્રેસ્ટ કેન્સર છે, જે થર્ડ સ્ટેજમાંથી ફોર્થ સ્ટેજ સુધી પહોંચી ગયું છે. જ્યારે મને ડોક્ટરે એમનું ડાઈગ્નોસીસ કહ્યું ત્યારે હું સ્તબ્ધ થઈ ગઈ, I was in total shock.

પછી મનમાં ને મનમાં એવા વિચાર ચાલવા લાગ્યા, `Why me', હું કેમ ? એવું તે મેં શું કર્યુ છે કે મને આવો રોગ આવ્યો ? અર્ધી રાત્રે ઊંઘ ઊડી જાય અને એજ પ્રશ્ન વારંવાર આવ્યા કરે હું કેમ ? હું કેમ ?' હું એટલી નિરાશ થઈ ગઈ કે હવે આ દેહ જાય તો જવા દેવો.

પછી બીજો પ્રશ્ન એમ ઊભો થયો કે આટલો પરમાર્થ પુરુષાર્થ અને ભક્તિ કર્યા પછી આવો રોગ કેમ ? આ વાત માટે પરમ પૂજ્ય પપ્પાજીને મળવાનું થયું અને એમને બધી વાત કરી. એમણે કહ્યું, ‘પૂર્વે તે એવી હિંસા કરી છે કે પોતાના માનના પોષણ માટે કોઈનું મૃત્યુ થયું હોય તો થવા દીધું હોય.’

પૂજ્ય પપ્પાજીની આ વાત સાંભળી, હું પાછી વિચારોમાં ગઈ અને વધારે નિરાશ થઈ. મને મારા પોતા ઉપર ઘૃણા થવા લાગી કે, ‘શું અજ્ઞાન દશામાં મેં આવી હિંસા કરી હતી ?’ આ વાત જ્યારે મેં એમને વ્યક્ત કરી તો એમણે કહ્યું, ‘આમાં નાસીપાસ ન

થવાય, તીર્થંકરોએ પણ આવા કર્મ કર્યા હતાં, તો પણ તે મોક્ષે ગયા.'

આમ પૂજ્યશ્રીએ પહેલા મને મારા દોષ ઉપર દ્રષ્ટિ કરાવી, દોષના દર્શન કરાવ્યા અને પછી મને મારા ખેદ અને આર્તધ્યાનમાંથી બહાર કઢાવી. સાથે સાથે એમણે મારા આત્મવિશ્વાસને તૂટવા ન દીધો પણ infact he elevated me.

આ પછી કેમોથેરેપીની ટ્રીટમેન્ટ શરૂ થઈ. મારે વીકલી ૧૨ કેમોથેરેપીની સાઈકલ પૂરી કરવાની હતી. કેમોથેરેપીમાં જતાં પહેલા પૂજ્યશ્રીએ મને મારી પહેલી ક્ષમાપના આપી જેમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી દરેક જીવોની અંતરંગના ઊંડાણથી ક્ષમાપના માંગવી...

કેમોથેરેપીના કારણે બીજી સાઈડ ઈફેક્ટ થવા લાગી. ત્યાં પછી બીજી ક્ષમાપના મળી, 'હે જીવો ! તમે જે આશાતારૂપ આવો છો એમાં તમારો કોઈ દોષ નથી; હું તમને પ્રાર્થના અને વિનંતી કરું છું કે તમે શાતારૂપ આવો. તમે ક્રમસર એકેન્દ્રિયમાંથી પંચેન્દ્રિય અને ત્યારબાદ મનુષ્યમાં આવો અને હું તમને રીટર્નમાં પરમાર્થ આપીશ એ મારું તમને પ્રોમીસ છે.'

આમ સેકેન્ડ અને થર્ડ કેમોથેરેપી દરમ્યાન આવી નિરંતર ક્ષમાપના પછી ચોથી કેમોથેરેપી વખતે જાણે ક્ષમાપનાના ભાવ પૂરા થયા. હવે ક્ષમાપના નહોતી થતી પણ સર્વે જીવો પ્રત્યે અનુકંપા અને કરૂણાના ભાવ રહેવા લાગ્યા...

દવાની ડ્રીપ જોઉને અંતરથી એવી સ્ફૂરણા થઈ કે આ કેમોની દવા એ કેન્સરના સેલ્સને મારવાનું ઝેર નથી પણ અમૃત છે, કારણ એમાં જ્ઞાનીનો બોધ રહેલો છે. એ બોધ શરીરમાં જઈ, એમાં રહેલા દરેક જીવને હીલ કરે છે, એને કીલ નથી કરતાં. ચોથી કેમોથેરેપી વખતે આવા વિચાર સતત રહ્યા હતાં. આવી વિચારણા એ જ્ઞાની પુરુષની આપેલ ક્ષમાપનાનું જ ફળ હતું.

કેમોથેરેપી એક high radiative treatment છે, જેના કારણે શરીરમાં ઘણા ફેરફાર દેખાય છે જેમ કે hair fall....

ચોથા સેશન થી છઠ્ઠા સેશન સુધી મારા માથાના વાળ, મારી આંખની પાપણ, આઈબ્રો બધું ઉતરી ગયું હતું. ત્યાર પછી પૂજ્ય પપ્પાજીને મળવાનું થયું. એમણે મારા માથા ઉપર હાથ ફેરવી કહ્યું કે, 'બધા વાળ પાછા આવી જશે અને અત્યારે જે છે એના કરતા પણ સારા આવશે. એની ચિંતા બિલકુલ કરતી નહીં.' આવું એકવાર નહીં પણ ત્રણ વાર કીધું હતું.

કેમોથેરેપીના ૧૨ સેશન પછી ટ્યુમર કાઢવા માટે ઓપરેશન થયું. એમની કૃપાથી ઓપરેશન સક્સેસફુલ થયું. 'ઓપરેશન પછી આઠ દિવસ માટે ઘરની બહાર ન જવું,' એમ પૂજ્યશ્રીએ ખાસ કહ્યું હતું. એ આઠ દિવસ દરમ્યાન પોસ્ટ ઓપરેશનમાં જે drainage tube લગાડી હતી એ બ્લોક થઈ ગઈ હતી અને એને સાફ કરવા હૉસ્પિટલમાં જવું પડે એમ હતું.

મારા ભાવ એવા હતા કે મારે આઠ દિવસ સુધી બહાર જવું જ નથી. જોગાનુજોગ એવું થયું કે ડૉ. પીન્કી આજ એરિયામાં એમના પેશન્ટને જોવાં આવ્યા હતાં. એ મને મળવા ઘરે આવ્યાં અને એમણે મારી

drainage tube પણ સાફ કરી આપી. આવી છે જ્ઞાનીની ગ્રેસ અથવા કૃપા. આપણા ભાવ જો બળવાન હોય કે મારે જ્ઞાનીની આજ્ઞામાં રહેવું છે, તો એમની જ કૃપાથી આજ્ઞામાં રહેવાય છે, આજ્ઞા પળાય છે. આ બધું સહજાસહજ થાય છે.

ઓપરેશન કર્યા બાદ મારે ચાર કેમોની સાઈકલ લેવાની હતી. એ ટ્રીટમેન્ટ ખૂબ જ સ્ટ્રોન્ગ હતી. એમાં ઘણી બધી સાઈડ-ઈફેક્ટ હતી જેમકે ખૂબજ વોમીટીંગ થાય. જે બપોરે ૧૨ વાગે ખાધેલું હોય એ બધું પાછું ડાયજેસ્ટ થયા વગર સાંજે છ વાગે વોમીટ થઈ જાય. પાણી પણ નહોતું ટકતું.

આવા સમયે પૂજ્યશ્રીએ મને પત્રાંક ૯૨૭ વાંચવા કહ્યું હતું, જેમાં કહ્યું છે કે શરીર વેદનાની મૂર્તી છે.

આ વિષમ કર્મના ઉદય વખતે મને સમજાણું કે જ્ઞાની પુરુષ વગર આ કર્મ મેં કેટલા ખેદપૂર્વક, કેટલા આર્તધ્યાનપૂર્વક ભોગવ્યું હોત; જ્ઞાનીના આશ્રયે એ કર્મો ખૂબ graciously ક્ષય થાય છે. દરેક શુભ/અશુભ ઉદય વખતે પરમાર્થિક સમજણ મળે છે.

હજી મારે વેદનીય કર્મ ભોગવવાનું બાકી હશે એટલે પાછું ૨૦૧૪માં મને લીવર કેન્સર છે એમ ડિટેક્ટ થયું. અહીં પરમ પૂજ્ય પપ્પાજી અને પરમ કૃપાળુ દેવની કેવી કૃપા! જે ટેસ્ટ કરવાની નહોતી, તે ટેસ્ટ ભૂલથી થઈ ગઈ એમાં આ કેન્સર ડિટેક્ટ થયું અને જે કેમોથેરેપીની ટ્રીટમેન્ટ લેવાની હતી એ ઓરલ ટેબલેટ્સ મારફત હતી, ડ્રીપ કે ઈન્જેક્શન નહોતા લેવાના. ઓરલ કેમોથેરેપીમાં ઓછા સાઈડ ઈફેક્ટ્સ હોય છે, કારણ it is less reactive.

પૂજ્યશ્રીને મેં પૂછ્યું કે આમ કેમ થયું? ત્યારે એમણે મને કહ્યું, 'પૂર્વે ખૂબ માન, અભિમાનનું પોષણ કર્યું હોય કે હું ઈન્ટેલિજન્ટ છું, એક્સેલન્ટ છું, મારા જેવું કોઈ નથી, તો આવા દર્દ આવે.' આવું સાંભળી મને ખેદ રહેવા લાગ્યો કે, 'શું પૂર્વે મેં આવું કર્યું છે.' ત્યારે એમણે કહ્યું, 'આવો ખેદ કરો છો, તો ખેદનું પરિણામ આવે.... તો એ પણ કરવાં જેવો નથી.'

બીજી વખતે જે ઓપરેશન થયું એમાં આજ ભાવ ઘૂંટવા કહ્યું હતું કે, 'હું અજર, અમર, અવિનાશી એવો આત્મા છું. શરીરથી ભિન્ન છું. અને જે કેન્સર થાય છે એ શરીરને થાય છે, આત્માને નહીં.'

પૂજ્યશ્રીની કૃપાના હજી એટલા બધા અનુભવ છે જે શબ્દોમાં વ્યક્ત કરવું અશક્ય જેવું લાગે છે. આ કેન્સરની બિમારી વખતે પૂજ્યશ્રીની સાથે સાથે મારું ફેમિલી પણ સાથે જ હતું. બધાએ ખડે પગે મારી સેવા કરી છે.

પરમાર્થનું આરાધન હોય તો મુમુક્ષુઓ જે extended family છે એમણે પણ આત્માને બળ આપવામાં અને એને મોટીવેટેડ રાખવામાં ખૂબ સહાય કરી છે.

આ કેન્સરમાંથી પસાર થતાં સંસારનું અસારપણું સમજાણું. જ્યાં સુધી આપણે દુઃખમાંથી પસાર ન થઈએ ત્યાં સુધી સંસાર અસાર નથી લાગતો. જ્ઞાનીના આશ્રય નીચે અસારપણું વેદાય છે. ઉદય કેવા પણ હોય - શુભ, અશુભ પણ જો એવા ઉદયમાં ધાર્મિક પરિવર્તન થાય, એવું **અનન્ય પરિવર્તન** થાય તો એ ઉદય શુભ છે. ◆

**સૌજન્ય : ભાવના મહેશ વોરા, મુંબઈ**



# પ્રશ્નોત્તરી

**Q** **પ્રારબ્ધ અને પુરુષાર્થ માટે એમ કહેવાય છે કે પ્રારબ્ધમાં જે હશે તે જ થશે અને પુરુષાર્થથી જ પ્રારબ્ધ બને છે. આ બે વસ્તુમાં સંસારમાં જે પુરુષાર્થ કરીએ તેનું ફળ તમને તરત મળી શકે છે અને પરમાર્થે એક-બે ભવે મળે તો આમાં બેલેન્સીંગ કેવી રીતે કરવું ?**

આજે જે કંઈ છે, જન્મથી અત્યાર સુધી અને આયુષ્ય પૂરું થાય ત્યાં સુધી જે કંઈ થશે એ તમારું નસીબ છે. એ નસીબનું કારણ છે તમારા પહેલાનાં કર્મ. કર્મ એટલે શું ? કોઈ ક્રિયા કરીએ એને પુરુષાર્થ પણ કહી શકાય, મહેનત પણ કહી શકાય. પણ તમે પહેલાના ભવમાં જે પુરુષાર્થ, ભાવ અને ક્રિયા કરેલી હોય, જે કર્મ બાંધેલા હોય એનું ફળ તમને ત્રીજા, બીજા, પહેલા અથવા આ ભવમાં મળે છે. એટલે કે પહેલાં જે પુરુષાર્થ કર્યા છે એનું ફળ તમને આજે મળે છે. એ ફળનું નામ તમારું નસીબ કહીએ તો ચાલે. એટલે છેલ્લા ત્રણ ભવની અંદર જે પુરુષાર્થ કરેલો છે એ આજે તમારું નસીબ છે. તો એનો અર્થ તો એ થયો કે સાચી સમજણ વગર જે જે પુરુષાર્થ તમે કરો એ બધું જ તમારું નસીબ થઈ જાય છે. કોઈને ખબર નથી કેવા ભાવ કે શું ક્રિયા કરવાથી શું ફળ મળે. દરેક જીવને લાગતું હોય હું જે કંઈ કરું છું એ ૧૦૦ટકા સાચુ છે. સારું અને સાચું લાગે છે તેવોજ પુરુષાર્થ કર્યો છે તોયે તમે આ ભવમાં દુ:ખી થાઓ છો.

આ ભવની અંદર સમજણપૂર્વકનો જો

પુરુષાર્થ તમે કરો તો એ કાલનું ભવિષ્ય છે અથવા બીજા, એનાં પછીના ભવનું, એટલે કે આજ પછીના બધા ભવનું નસીબ આજે તમે પુરુષાર્થ કરો એના ઉપર આધાર રાખે છે. આના પહેલા જે તમે કર્યો છે એ પરમાર્થ પુરુષાર્થ નથી, એ સંસાર પુરુષાર્થ છે. અને નસીબ પણ સંસારનું જ આવે. સુખી થાઓ, દુઃખી થાઓ, આર્થિક જાહોજલાલી પણ હોય, ભિખારાપણું પણ હોય, શરીર સારું પણ હોય, બીમાર પણ હોય બધુ જ હોઈ શકે.

આત્માની ઓળખાણ થાય એવો પુરુષાર્થ કર્યા પછી ભવિષ્ય સત્ ચિત્ આનંદ થશે. અનંત આનંદ, અનંત સુખ, અનંત વીર્ય એ બધું તો આજે તમે કેવી રીતે પુરુષાર્થ કરો છો એના પર આધાર રાખે છે. ઘણા લોકો આખી જિંદગી મહેનત કરે છે પણ કાંઈ મોટી કમાણી થતી નથી. દુનિયાભરમાં સારા કામ કરે છે તોયે એને જશ મળતો નથી. આજે સંસારનો ગમે તેટલો પુરુષાર્થ કરો તો પણ એનું ફળ તમારા હાથમાં નથી જ. પણ આત્મા માટેના પુરુષાર્થ કરો તો પાંચ વર્ષમાં તમને લાગશે પહેલા કરતાં મજા છે. પરમાર્થના પુરુષાર્થનું આ ભવમાં જ ફળ મળે છે; એટલે મોક્ષ મળે છે એમ નહીં, મોક્ષનું કારણ મળે છે. એ કારણનું સેવન કરતાં જાઓ તો મોક્ષ મળી જવાનો છે. એટલે નસીબ પુરુષાર્થ ઉપર આધાર રાખે છે. હવે બેલેન્સીંગ કેમ કરવું એ તમારા ઉપર છે. એક સંસાર પુરુષાર્થ છે એક પરમાર્થ પુરુષાર્થ છે.

**Q 'ભક્તિમાર્ગનું રહસ્ય' પુસ્તકમાં આવે છે કે ભગવાનને કેવળજ્ઞાન થાય, પાંચ કલ્યાણક થાય ત્યારે નર્કનાં જીવોને પણ શાતા પહોંચે છે અને કેટલી બધી સૂર્યમાળા હોય એના કરતાં પણ ભગવાનના જ્ઞાનનો અતિશય કે જ્ઞાનનો પ્રકાશ વધારે હોય તો પ્રકાશ વિશે સમજવું છે. સૂર્યનો પ્રકાશ એ એક પ્રકાશ છે અને જ્ઞાનનો પ્રકાશ ટકતો જ નથી, થોડી વારમાં ઝબકારો કરી વહ્યો જાય છે. તો એ પ્રકાશ ને આ પ્રકાશને કેવી રીતે સમજવું ?**

જ્ઞાનનાં પ્રકાશનો અર્થ તેજ સમજતા હોવ તો એ ખોટું છે. જ્ઞાનનો પ્રકાશ એટલે તમારું જ્ઞાન કેવું છે. જ્ઞાને કરીને બધે પહોંચી શકીએ પણ જ્યાં જ્ઞાન પહોંચે છે, ત્યાં સો સૂરજ પહોંચી ન શકે. એટલે સો સૂર્યનો જેટલો પ્રકાશ કે તેજ શબ્દ વાપરીએ એ ન પહોંચી શકે, પણ જ્ઞાનીનું જ્ઞાન પહોંચી શકે. એટલે કે બહાર સો સૂરજ હોય અને આ બધી દિવાલો બંધ હોય તો થોડુંક પણ તેજ અંદર ન આવી શકે અથવા જમીનની અંદર ૧૦ ફૂટ નીચે સો સૂરજનો પ્રકાશ પણ પહોંચી તો ન શકે. પણ જેની પાસે પૂરેપૂરું જ્ઞાન છે એટલે કે કેવળજ્ઞાન છે એ તો જમીનની અંદર શું છે એ જોઈ શકે. તો સો સૂરજ કહો કે હજાર સૂરજ કહો એના કરતાં કેવળજ્ઞાનીનું જ્ઞાન બધે પહોંચી શકે, સૂરજનું તેજ ન પહોંચી શકે. અહીંયા પ્રકાશનો અર્થ પ્રકાશ નથી થતો એટલું જ કહેવાનું છે. ◆

**સૌજન્ય : સોનલ અભય દોશી, મુંબઈ**

एक प्रेरणात्मक सत्य कथा

# श्री भोगसार

कांपिल्यपुर में भोगसार नामक बारह व्रत को धारण करनेवाला श्रावक रहता था। उसने श्री शांतिनाथ भगवान का प्रासाद बनवाया था। वहाँ वह हंमेशा किसी भी प्रकार की लालसा बगैर भगवान की तीन काल पूजा करता था। एक दिन उसकी स्त्री की मृत्यु हो गई। तब 'स्त्री के बिना घर का निर्वाह चलेगा नहीं' ऐसा मानकर उसने दूसरी स्त्री से ब्याह किया। वह स्त्री स्वभाव से अति चपल थी। वह गुप्त ढंग से धन इकठ्ठा करने लगी और अपनी इच्छानुसार खाने-पीने लगी। क्रमानुसार श्रेष्ठी का सर्व धन खत्म हो गया इससे वह दूसरे गाँव में रहने गया। परंतु दोनों प्रकार की जिनपूजा (द्रव्य पूजा तथा भाव पूजा) वह भूलता न था। भावपूजा तो हंमेशा त्रिकाल करता।

एक बार उसकी स्त्री तथा अन्य कई लोगों ने उसे कहा 'हे श्रेष्ठि! अनुग्रह के फल को न देनेवाले वीतराग देव को आप क्यों भजते हो? उसकी भक्ति करने से उलटा आपको प्रत्यक्ष दारिद्र प्राप्त हुआ। इसलिये हनुमान, गणपति, चण्डिका, क्षेत्रपाल वगैरह प्रत्यक्ष देवों की सेवा करो जिससे वे प्रसन्न होकर तत्काल मन चाहा फल दे।'

यह सुनते ही श्रेष्ठिने विचार किया, 'अहो! ये लोग परमार्थ से अनजान है और मोहरुपी मदिरा के कारण ज्यों त्यों बोल रहें हैं। पूर्व जन्म में न्यून पुण्य करके इस जन्म में संपूर्ण पुण्य के फल भोगने की स्पृहा करते हैं। जैसा बोओ वैसा ही काटो, इसमें उनका कोई दोष नहीं है परंतु संसार के दुःखों का विस्मरण करने के लिये परमात्मा का स्मरण अहर्निश करना चाहिये, क्योंकि वीतराग के गुणों को याद किये बिना संसार का मोह कैसे नाश पाये? मिथ्यात्व में मगन बने मूढ़ पुरुषों को धिक्कार है, जो सांसारिक इच्छा पूर्ण करने के लिये देव-देवीयों को भजते हैं और मानते हैं कि मेरी इच्छा इन देवों ने पूर्ण की। यह मिथ्या भ्रमणा है।' ऐसा सोचकर श्रेष्ठि ने अपने मन में जरा भी विचिकित्सा धारण नहीं की। धन अभाव के कारण श्रेष्ठि खेती करने लगा। उसकी स्त्री हंमेशा पकवान वगैरह मनपसंद भोजन करती है और श्रेष्ठि को चौरा वगैरह कुत्सित अन्न देती है। इस कारण श्रेष्ठि तो मात्र नाम से भोगसार ही रहा परंतु उसकी स्त्री तो वाकई भोगवती बनी। यथाक्रम कुलटा बनी और पर पुरुष के साथ यथेष्ट भोग भोगने लगी।

एक बार शांतिनाथ प्रभु के अधिष्ठायक देव ने सोचा, 'इस समय अनेक लोगों के मन को आनंद देनेवाली और उदार ऐसी, धूपादिक सुगंधी द्रव्यों से भगवान की पूजा होती क्यों नहीं है?' तत्पश्चात अवधिज्ञान के उपयोग से भोगसार की दरिद्रता और उसका कारण जानकर उसने सोचा, 'यह श्रेष्ठि जिनेश्वर का पूर्णभक्त है और आज उसे चौरे की फसल काटने का समय आया है; और उसकी स्त्री कुलटा बन गई है और वह श्रेष्ठि

पर जरासा भी भक्तिभाव रखती नहीं है, सो मुझे इस श्रेष्ठि का सांनिध्य करना चाहिये।' ऐसा सोचकर देवता ने श्रेष्ठि के भानजे का रूप लिया और मामा के घर जाकर मामी को प्रणाम किये व पूछा, 'मेरे मामा कहाँ है?' मामी बोली, 'तेरे मामा खेत में गये हैं, वहां हल चोत रहे होंगे।' यह सुनकर वह खेत में गया। वहाँ मामा ने पूछा, 'तू क्यों आया है?' भानजे रूपी देवता बोला, 'मैं सहायता करने आया हूँ।' मामा ने कहा, 'घर जाकर खा ले।' भानजा बोला, 'हम साथ ही खायेंगे।' मामा ने कहा, 'आज खेत में कटाई का काम चल रहा है, जिससे बडी देर हो जायेगी और तू बालक है तो भूख कैसे सहन कर पायेगा?' भानजे ने कहा, 'कुछ हरकत नहीं, मैं भी आपके साथ कटाई का कार्य करूंगा।' ऐसा कहकर उसने दैवी शक्ति से सम्पूर्ण खेत की फसल कटाई, थोड़े समय में पूर्ण करके एकत्र कर ली। तत्पश्चात् मामा बोला, 'ये सब चौरे घर किस प्रकार ले जायेंगे?' यह सुनकर वह देवता सर्व चौरे उठाकर घर की ओर चला।

उन्हें आता देखकर उस स्त्री ने घर में आया हुआ जार पुरुष चरनी में छुपा दिया और लापसी वगैरह मिष्ठान एक कोठी में छिपा दिये। इतने में भानजे ने मामी को जुहार करते हुए कहा, 'मामा पधारे हैं, उनकी आवाभगत करें।' ऐसा बोलते बोलते चौरा का भारा जोर से चरनी में ड़ाला और दाने निकालने के लिये चौरे कुटने लगा। उसके प्रहार से वह जार पुरुष जर्जरित हो गया और स्वयं ही मृत्यु पा जायेगा ऐसा मानने लगा। भोगवती ने अपने जार पुरुष को मृतप्रायः होता देखकर अपने भानजे को कहा, 'आप दोनों थक गये होंगे, इसलिये पहेले भोजन कर लो।' यह सुनकर मामा-भानजा दोनों भोजन करने बैठे, मामी चौरा आदि कुत्सित अन्न परोसने लगी। तब भानजा बोला, 'ऐसा कुत्सित अन्न मैं नहीं खाऊँगा।' मामी बोली, 'अच्छा खाना मैं कहाँ से दूं?' भानजा बोला, 'हे मामी! मैं यहाँ बैठे बैठे कोठी में प्रत्यक्ष लापसी देख रहा हूँ, वह क्यों नहीं परोस रही हो? स्वामी से अधिक कोई नहीं है ऐसा निश्चय जानना।' यह सुनकर मामी तो चकित ही हो गयी। बाद में लापसी परोसकर उसने विचार किया, 'अहो! यह तो बड़ा आश्चर्य! मेरी गुप्तता इसने कैसे जान ली? वाकई में इसमें कोई भूत, प्रेत, व्यंतर या डाकिनीपना होना चाहिये, नहीं तो वह छिपाया हुआ किस प्रकार जान सका?' तत्पश्चात् भोजन करके दोनों सो गये। उस समय मौका देखकर वह जारपुरुष निकल गया। यह सब देवता तो जानता था फिर भी उसने मौन रखा।

तत्पश्चात् भानजे ने मामा को पूछा, 'यह आपके शामले का विवाह क्यों नहीं करते?' तब मामा ने कहा, 'हे भानजे! यह मनोरथ धन बगैर कैसे पूर्ण होगा?' भानजा बोला, 'हे मामा! ऊठो। मैं तुम्हें पृथ्वी में छिपा धन बताऊंगा। ऐसा कहकर स्त्री के देखते ही उसने भूमि में गाढा हुआ धन निकाल दिया।' देखकर स्त्री बिलख पडी और मन में बोली, 'मैंने चोरी करके जितना धन गुप्त रखा था वह सर्व इसने प्रकट कर दिया। इसलिए वाकई में यह कोई डाकिनी ही है। ननन्द का पुत्र नहीं है, वह यहाँ आया कहाँ से? तो भी उसका अनुनय अच्छी तरह से करुं। नहीं तो कोपित हुआ तो मेरी सब गुप्त बात प्रकट कर देगा।' ऐसा सोचकर अंदर से कालुष्य भाव रखकर बाहर से मीठी वाणी बोली, 'हे भानजे! तुम्हारी बुद्धि को धन्य है, हमारी दरिद्रता का तुमने नाश कर दिया।'

श्रेष्ठि ने शुभ दिन देखकर पुत्र विवाह उत्सव का प्रारंभ किया। उस समय अपने इष्ट जारपति को उस स्त्री ने आमंत्रण दिया और समझाया, 'तूं स्त्री वेष धरकर सब स्त्रियों के साथ भोजन करने आना।' शादी के दिन वह जार पुरुष स्त्री वेष पहिनकर आया। उसे स्त्रियों के मध्य में बैठा देखकर भानजा बोला, 'मामा! आज परोसने के लिए मैं रहूँगा।' मामा ने कहा, 'बहुत अच्छा।' वह परोसने लगा। परोसते परोसते जब वह उस जार के पास गया तब उसने धीमे से कहा, 'तूझे

सौजन्य : शिवानी महेश वोरा, मुंबई

चरनी में जर्जरित किया था वही तू है न?' उसके 'ना' कहने पर इस प्रकार दो तीन बार कहा, तब अन्य लोगों ने भानजे को पूछा, 'तू बारबार इस मुग्धबाला को क्या पूछता है?' तब भानजा बोला, 'इस स्त्री को मैं पर-ोसने जाता हूँ तब वह कुछ भी लेती नहीं है और सर्व पकवान का निषेध करती है।' तब मैं उसे कहता हूँ, 'हे स्त्री जब तू थोड़ा भी खा नहीं रही है तो स्त्रियों के मध्य बैठना तेरे योग्य नहीं है। तू थोडी भूखी लग रही है।' इस प्रकार बोलकर देवता ने उसको कुछ भी परोसा नहीं। तब भोगवती को उसके लिए बडा उचाट हुआ। वहाँ से वह उठी और गुप्त रीत से लड्डू लेकर उसकी थाली में परोस दिये। उस जार ने थोड़े खाये और चार लड्डू अपनी कुक्षि में छुपा लिये।

सर्व स्त्रियाँ खा चुकी तब भानजा बोला, 'हरेक स्त्री मेरे मामा के मण्डप को अक्षत से बधाये।' स्त्रियों ने मांगलिक के लिए मण्डप की अक्षत से पूजा की तब वह जार मण्डप बधाने आये नहीं। तब भानजा बोला, 'हे माता! आप क्यों मण्डप बधाती नहीं है? स्त्रीयों की पंक्ति में भोजन करने बैठी थी तो अब उस पंक्ति से अलग होना योग्य नहीं है।' यह सुनकर वह मण्डप बधाने नीचे झुकी तो उसकी कुक्षि में छिपाये हुए मोदक गिर पड़े। जिससे वह खूब शरमाकर एक दम भाग गया। मामा ने भानजे को पूछा, 'ये मोदक कहाँ से आये?' वह बोला, 'आपके पुत्रविवाह उत्सव में मण्डप ने मोदक की वृष्टि की।' मामा बोला, 'हे भानजे। तू इतना ज्ञानी कैसे बना?' वह बोला 'सर्व बात एकान्त में बताऊंगा।'

विवाह का सर्व कार्य पूर्ण हुआ तब अपना देव स्वरूप प्रकट करके श्रेष्ठि को सर्ववृत्तांत कहा। श्रेष्ठि की स्त्री को देवताओं ने कहा, 'हे स्त्री! तेरा पति कैसा परमात्मा की भक्ति में तत्पर है, वैसी तू भी बन। तू जारपति के साथ हंमेशा क्रीडा करती है, आदि सर्व वृतांत मैं जानता हूँ परंतु तीन भुवन के अद्वितिय शरणरुप श्री वीतराग के भक्त की तू भार्या है इससे आज तक मैने तेरी उपेक्षा की है। इसलिए अब तू समग्र दंभ छोड़कर धर्मकार्य में प्रवृत्ति कर।' मनुष्य पूर्व में अनंत बार भोग भोगता हैं फिर भी अज्ञान व भ्रम के कारण सोचता है कि 'मैंने कोई भी समय भोग भोगे ही नहीं है। ऐसा होने से मूर्ख मनुष्यों की काम भोग संबंधी तृष्णा कदापि शांत होती ही नहीं है। उनका वैराग्य होना भी अति दुर्लभ ही है।' श्री आध्यात्मसार में कहा है कि 'जिस प्रकार शेरों को सौम्यपना दुर्लभ है और सर्पो को क्षमा दुर्लभ है उसी प्रकार विषय में प्रवृत्त हुए जीवों को वैराग्य दुर्लभ है। इससे हे स्त्री! आत्मा के बारे में वैराग्य धारण करके अनेक भव में उपार्जन किये पापकर्म का क्षय करने के लिये और अनादि काल की भ्रांत के नाश के लिये सर्वथा द्रव्य और भाव से दंभ का त्याग करके अनेक उत्तम और शुभ कार्य के लिए उद्यम कर। दंभ ही सर्व पाप का मूल है तथा अनेक सद्गुणों का नाश करनेवाला है।' कहा है, 'जिह्वा रस की लोलुपता छोड़ी जा सकती है, शरीर पर के अलंकारों का मोह छोड़ा जा सकता है, उसी प्रकार कामभोग भी छोड़ा जा सकता है। परंतु दंभ का सेवन छोड़ना मुश्किल है और समुद्र को पार करनेवालों को नाव में एक लेशमात्र भी छिद्र होवे तो वह डूबने का कारण है, उसी प्रकार जिसका चित्त अध्यात्म ध्यान में आसक्त है उसे थोडासा भी दंभ रखना उचित नहीं है क्योंकि वह संसार में डूबने वाला है।'

उपदेश सुनकर उस स्त्री ने प्रतिबोध पाया और श्रावक के बारह व्रत अंगीकार किये। देवता श्रेष्ठि को लाख सुवर्णमुद्राएँ देकर अंतर्धान हुआ। क्रमानुसार भोगसार श्रेष्ठि अपनी पत्नी सहित श्रावक धर्म पालकर स्वर्ग में गया और वहाँ से क्रमानुसार थोड़े ही भव करके मुक्ति सुख को पायेंगे।

भोगसार श्रेष्ठि की भाँति धर्म क्रिया में विचिकित्सा का त्याग करना, ऐसे जीवों का देवता भी सेवक की भाँति सान्निध्य करतें हैं।◆

**सौजन्य: जिन शासन के चमकते हीरे**

કાવ્ય કૃતિ

જીનલ બહુઆ

# મારા પ્રભુ

તારે તો છે લાખો પ્રભુ, પણ મારે તો તું ફક્ત એક;
જો વિખૂટો પડ્યો તુજથી, તો ભવ થશે અનેક.

અળવિતરો છું હું પ્રભુ, પળેપળ ભટકી હું જાઉ છું;
સંસારની આ માયાનગરીમાં, ઝડપથી છટકી હું જાઉ છું.

સ્વચ્છંદી, અભિમાની ઘણો, આવ્યો ન વૈરાગ્ય અંશ તણો;
તમે તો વીતરાગી ભગવંત, પામર પર એક દ્રષ્ટિ તો કરો કરુણાવંત.

પુત્ર કુપુત્ર થાય, પણ તું તો માવતર કહેવાય;
બાળકની આ વ્યથાનો ભાર, તુજથી કેવી રીતે સહેવાય ?

જેવો તેવો તોય બાળ છું તારો, થોડી તો લો દરકાર;
કરી માફ મારી સર્વ ભૂલોને, દર્શાવી દે તું જ છે સર્વથી ઉદાર.

અંતર કરે છે બસ તુંહી તુંહી પુકાર, સંસાર રણથી હવે તો તાર;
કર્મોનો નથી સહેવાતો ભાર, સર્વ કષાયોથી તું લે ઉગાર.

આ અનાથનો તું એક જ નાથ, મને રાખ સદાય તુજ સંગાથ;
હવે ઝાલો પ્રભુ મારો એવો હાથ, કદી ન છૂટે તારો સાથ.

બાંધી દો પ્રભુ, મુજને એવી ગાંઠ;
જે લઈ જાય, સિદ્ધશીલાની વાટ.

તમે તો છો પ્રભુ કરુણાનાં સાગર,
પ્રેમભક્તિથી ભરી દો, મારી ઉરની ગાગર;

તજી હવે સર્વ લોકલાજ, કરવો છે બળવાન અંતરંગ પુરુષાર્થ;
તમે છો સર્વ સમર્થ સ્વામી, પામરની આટલી અરજ લો માની.

આપી દો મુજને ભક્તિદાન;
ભક્ત કરશે બસ તમારું જ ગુણગાન.

સોપ્યું છે આ જીવન તમને, એથી અધિક કંઈ ન જાણું;
ક્ષમાવંતને શું કહું હું ઝાઝું, તમારાથી નથી કંઈ પણ અજાણ્યું;

છે અખંડ વિશ્વાસ એવો, એક દિવસ ચોક્કસથી એવો આવશે;
સર્વ દોષોથી આત્મા મુક્ત થાશે, નિરંતર નિજસ્વરૂપમાં જ રહેશે. ◆

સૌજન્ય : રંજન સંજીવ ગડા, મુંબઈ



# પ્રભુકૃપાની યોગ્યતા

વનવાસ દરમિયાન રામ, લક્ષ્મણ અને સીતા ત્રણેય વાલ્મીકિ મુનિના આશ્રમમાં આવ્યા ત્યારે મુનિ વાલ્મીકિ એમને જોઈ અત્યંત પ્રસન્ન થયા. મુનિનો આશ્રમ શાંત તથા સુંદર પર્વતીય પ્રદેશમાં વન વિસ્તારમાં હતો. રામચંદ્રજીને એ આશ્રમના દર્શનથી આનંદ થયો.

રામચંદ્રજી મુનિને પગે લાગ્યા. મુનિ એમને આશીર્વાદ આપી પોતાના આશ્રમમાં લઈ આવ્યા. આશ્રમની વિદાય લેતા પહેલાં રામે વાલ્મીકિને પૂછ્યું: ''હવે હું ક્યાં રહું ? મારે માટે કોઈ રહેવાનું અનુકૂળ સ્થળ બતાવો.''

એ પ્રશ્નના ઉત્તરરૂપે મુનિ વાલ્મીકિએ જે વિચારો પ્રદર્શિત કર્યા તે ખાસ જાણવા અને મનન કરવા જેવા છે. પ્રશ્ન ઉપલક રીતે જોતાં ઘણો સામાન્ય હતો, પરંતુ મુનિએ એને અસામાન્ય બનાવી દીધો અને એનો ઉત્તર પણ અમર બનાવ્યો. સંત તુલસીદાસે એ ઉત્તરની પોતાની આગવી કળાત્મક રીતે રજૂઆત કરતાં રામાયણના અયોધ્યાકાંડમાં લખ્યું છે, જેનો અનુવાદ અહીં આપ્યો છે.

''જેમના સમુદ્ર જેવા કાન તમારી કથા-વાર્તારૂપી નદીના નીરથી ભરાયા કરે છે, છતાં સંપૂર્ણપણે નથી ભરાતા, તેમના હૃદયમાં તમે ઘર કરી લો. જેમની ચાતક જેવી આંખ તમારાં દર્શનરૂપી વાદળની આકાંક્ષાથી આતુર બની છે, અને સંસારના વિષયોમાં તૃપ્તિ માનવાને બદલે જે તમારા સ્વરૂપ-દર્શનની તૃષાથી ભરપૂર છે, તેમના હૃદયના સુખદાયક નિવાસસ્થાનમાં સીતા તથા લક્ષ્મણ સાથે હે રામ, તમે વાસ કરો. તમારા નિર્મળ યશ તથા ગુણરૂપી મોતીને જેમની જીભ હંસિની બની આરોગે છે તેમના દિલમાં વાસ કરો.''

એ વચનોથી કહી બતાવાયું છે કે ઈશ્વરના નામસ્મરણ, સંકીર્તન અને કથાશ્રવણનો રસ ભક્તે વધારે ને વધારે પ્રમાણમાં કેળવવો જોઈએ, ઈશ્વર સિવાયની બીજી કોઈ સાંસારિક વસ્તુનો સ્વાદ હૃદયમાં નહીં રહેવો જોઈએ. ઈશ્વરના દર્શન માટે જ એનું અંતર આતુર હોય. એ જ એના જીવનનું એક માત્ર વ્રત તથા સુખ હોય, એ ઉપરાંત આગળ કહેવામાં આવે છે:

''સુંદર દેવસ્થળોમાં જઈને જે એમની સુવાસ લે છે, તેમને અર્પણ કરી જે ભોજન કરે છે, તમારી પ્રસાદીરૂપે વસ્ત્રો તથા આભૂષણો ધારણ કરે છે, દેવ, ગુરુ તથા બ્રાહ્મણને જોઈને પ્રેમ તથા નમ્રતાપૂર્વક મસ્તક નમાવે છે, જેમના હાથ ઈશ્વરની સેવા પૂજા કરે છે અને ઈશ્વર વિના જેના દિલમાં બીજા કોઈનો ભરોસો નથી; જે તીર્થનો

આનંદ લે છે, તમને પૂજે છે, તમારા મહામંત્રનો જપ કરે છે, દાન દે છે, તમારા કરતાં ગુરુને અધિક માનીને સેવે છે અને સૌની પાસેથી ઈશ્વરના પરમ પ્રેમની માંગણી કરે છે, તેમના મનરૂપી મંદિરમાં તમે વાસ કરો.''

એ વચનોમાં પેલો સનાતન સંદેશ વહેતો કરવામાં આવ્યો છે કે ભક્તની પ્રત્યેક ક્રિયા-પ્રક્રિયા અથવા તો એનો સમગ્ર વ્યવહાર ઈશ્વરમય બની જવો જોઈએ. ઈશ્વરીય ભાવથી ભરપૂર થઈ જવો જોઈએ અથવા ટૂંકમાં કહીએ તો ઈશ્વરની સાથે એના મનની વૃત્તિનું સતત, એકધારું, અખંડ અનુસંધાન બન્યું રહેવું જોઈએ. ત્યારે એના પર ઈશ્વરની સંપૂર્ણ કૃપા થઈ શકે.

ઈશ્વરની કૃપાની આશા રાખનાર ભક્તનું જીવન નિર્મળતાના કેવા મોટા નમૂનારૂપ હોવું જોઈએ એનો ઉલ્લેખ કરતાં મુનિએ કહી બતાવ્યું છેઃ

''જે કામ, ક્રોધ, મદ, અભિમાન, લોભ, મોહ, ક્ષોભ, રાગ અને દ્વેષથી મુક્ત છે તથા દંભ, કપટ ને છળથી રહિત છે, એના હૃદયમાં હે રામ, તમે વાસ કરો; જે સૌના પર સ્નેહ રાખે છે, સૌનું સારું કરે છે, સુખમાં-દુઃખમાં, નિંદા ને સ્તુતિમાં મનને સરખું રાખે છે, જે વિચાર કરીને સત્ય વચન બોલે છે, સૂતાં-જાગતા જેને તમારું શરણ છે અને તમારા વિના જેને બીજી ગતિ નથી, જે પરસ્ત્રીને માતા જેવી તથા પરધનને વિષ જેવું માને છે, બીજાની સંપત્તિ જોઈને જે ચલિત થતા નથી, જે તમને માતાપિતા, સ્વામીસખા અને જીવનનું સર્વસ્વ માને છે, એના મનરૂપી મંદિરમાં હે રામ, તમે સીતા અને લક્ષ્મણ સાથે વાસ કરો.''

''વળી, જે દુર્ગુણને બદલે સૌની અંદર ગુણનું દર્શન કરે છે, બ્રાહ્મણ તથા ગાયનું રક્ષણ કરે છે, જે નીતિમાં નિપુણ છે, પોતાના દોષ જુએ છે, સર્વપ્રકારે તમારો જ વિશ્વાસ રાખે છે, જેમને તમારા ભક્તો પર વધારે પ્રેમ છે, તેના અંતરમાં વાસ કરો. જાતિ, ધન, સ્વજન, સંબંધી અને ઘરનો ઘમંડ ને મોહ મૂકીને જે તમને જ હૃદયમાં ધારણ કરે છે, સ્વર્ગ, નરક ને મોક્ષને સમાન સમજે છે, બધે તમારું દર્શન કરે છે, અને મન, વચન તથા કર્મથી તમને અનુસરે છે, તમારા વિના બીજી કોઈ વસ્તુની ચાહના નથી અને તમારી જ સાથે જેને સ્નેહ છે, તેના મનમાં સદાને માટે વાસ કરો અને તેના મનને જ તમારું ઘર કરો.''

આમ વાલ્મીકિએ રહેવા માટે જુદાં જુદાં સ્થાન બતાવ્યા. એમનાં વચનો સાંભળી રામ હસવા માંડ્યા. એટલે વાલ્મીકિએ પોતાના વક્તવ્યની પૂર્ણાહુતિ કરતાં કહ્યુંઃ ''તમારા નિવાસને માટે ચિત્રકુટ સૌથી સરસ સ્થળ છે, માટે ત્યાં જઈને તમે વાસ કરો.''

મુનિ વાલ્મીકિના એ શબ્દો કેટલા બધા સારગર્ભિત છે? રામ સૌના હૃદયમાં રમનારા અથવા ચરાચરમાં વસનારા ઈશ્વરનું પ્રતિક છે. એમની પધરામણીથી પોતાનું જીવન પાવન થાય છે એવી ઈચ્છા કેટલાયને હોય છે. એ ઈચ્છાની પૂર્તિ ક્યારે થાય? એને માટે કેવી અસાધારણ યોગ્યતા હોવી જોઈએ; અથવા તો પોતાના જીવનને કેવો આકાર આપવો જોઈએ, એનો સંકેત મુનિના એ શબ્દો ઉપરથી સહેલાઈથી મળી રહે છે. એ શબ્દોનો સંક્ષિપ્ત સાર એ જ છે કે ઈશ્વરના સાક્ષાત્કારની ઈચ્છાવાળા માનવએ પોતાનું સમગ્ર જીવન ઈશ્વરમય બનાવી દેવું જોઈએ. એ ઉપરાંત તેણે પવિત્રતા તથા ઈશ્વરપ્રેમની મૂર્તિ બનવું જોઈએ.

ઈશ્વરને પોતાના કરવા અને સ્વયં ઈશ્વરના થવા કેવા પ્રકારની ઉત્તમોત્તમ લાયકાતની આવશ્યકતા છે તેનો પડઘો પાડનારા એ શબ્દો કેટલા બધા રહસ્યમય છતાં પણ સાદા, સીધા ને સચોટ છે. જીવનમાં એનો અનુવાદ ન કરાવાને પરિણામે જ ઈશ્વરની પાસે પહોંચીને જીવનને સાર્થક, સફળ ને સુખમય કરવાની આકાંક્ષાની પૂર્તિ નથી થઈ શકતી, એ સહેજે સમજી શકાય તેવું છે. ◆

સૌજન્ય : અમરીષભાઈ ડી. પરીખ, મુંબઈ

EDUCATION FIRST

# First Indian NGO to Join Global Movement – A World at School

Indian students are known to be intelligent, hard-working and capable of thinking out-of-the-box. They are welcomed by Universities and Institutes across the world. Despite India making remarkable progress in the field of education, there are still thousands of people living in isolation far away from civilization with their traditional customs, ignorance and myths intact. To change this scenario, private initiatives are the need of the hour.


Education First is a rural empowerment Initiative of the Shree Raj Educational Centre, where Learning is the Number One Priority. This Initiative believes that there is much more to education than the basic school curriculum and anything and everything that can uplift a life needs to be learnt.

Education First aims to eradicate lack of awareness and ignorance by imparting knowledge and empowering Rural India. Starting with basic schooling to rural children, this program goes beyond and ensures their overall development by including computer training, culture, arts, dance, music, etiquettes, mannerisms, hygiene, etc. In due course of time, Education First will also create awareness among villagers and masses at large about health, vocational training, women rights and similar aspects.

## #UpForSchool – Global Movement

Education First has the distinction of being the first Indian NGO to get recently




affiliated with a Global Campaign #UpForSchool.

The #UpForSchool Campaign is a universal petition led by A World at School and United Nations, a movement of over 10 million people concerned for every child's right to an education. The Campaign seeks to build the world's biggest petition in history and create a message that cannot be ignored.

The petition appeals to governments of countries to keep their promise made at the United Nations in 2000

- to ensure all out-of-school children gain their right to education;
- calls for an end to the key barriers to education, such as discrimination against girls, child labor and child marriages that goes in-sync with Education Firsts' objective too.

The Campaign has been backed by a unique group of key allies, to include businesses, influential individuals, world leaders, youth, teachers, faith groups, NGOs and civil society like UN Special Envoy for Global Education, UNICEF, USAID, UKAID, UNESCO, Save The Children, UNAIDS, UNFPA, G.O.D, Girlup, Stop The Child Labor Coalition, Teach for All, World Vision, Muslim Global Relief to name a few.

## Education First affiliation:

As a part of the affiliation, Education First drove petition signature drive across India in association with Crossword across their top 25 stores in Bangalore, Chennai, Delhi, Hyderabad, Mumbai & Kolkata, promoting it through various mediums, including Social Media. The signature Campaign had over 4,000 people participating through Crossword stores & over 5,000 on social media.

In May 2016, Education First has been awarded with a Certificate of Appreciation by A World at School for its active contribution to realizing every child's right to an education.


Education First is featured on A World at School website (http://www.aworldatschool.org/) under the link Supporters (http://www.aworldatschool.org/countdown-campaign/supporters). ◆






With Best Compliments : Ranjanben Dhansukhbhai Shah, Mumbai

# શ્રી કૃષ્ણનો 'રાધા-મહાભાવ'



દ્વારકાધીશ ભગવાન શ્રી કૃષ્ણનું અવતારકાર્ય પૂરું થવા આડે માંડ થોડો સમય બાકી રહ્યો હતો. માનવદેહધારી પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ લગભગ નવ દાયકાની આયુષ્ય - અવધિ પસાર કરી ચૂક્યા હતા. તેમના શરીરની સ્વસ્થતા તેમજ શક્તિ, સ્ફૂર્તિ અને ઉત્સાહ તો હજી એવાં ને એવાં અપ્રતિમ રહ્યાં હતાં. કિન્તુ શ્યામસુંદરનાં અત્યંત નિકટનાં સ્વજનોમાં અંદરખાને એવી આશંકા જન્મી ચૂકી હતી કે, શ્રીકૃષ્ણના મનમાં શાંતિ નથી, પ્રસન્ન‌ાતા નથી. એમના ચિત્તપ્રદેશમાં કોઈ અકલ્પ્ય ઊથલપાથલ ચાલી રહી છે અને તે ખૂબ જ ચિંતાગ્રસ્ત છે.

પહેલેથી જ નંદકિશોર ખૂબ ચતુર અને નટખટ હતા એટલે કોઈને અણસારો સુદ્ધાંયે આવવા દેતા નહીં કે પોતાના હૃદયમાં શી મનોવ્યથા ચાલી રહી છે! પરંતુ જ્યારે પોતે સાવ એકલા હોય ત્યારે, પોતાના 'કૃષ્ણભવન'ના પશ્ચિમ દિશાના ઝરૂખાની દીવાલને અઢેલીને, સામે ઘૂઘવતા અરબી સમુદ્રની પેલે પારની ક્ષિતિજ સામે એકીટશે એવું તાકીતાકીને જોયા કરતા કે એમના સદા સર્વદા સ્મિત રેલાવતા પેલા મોહક મુખારવિંદની રમણીય આભા પર, ન કળી શકાય એવી કોઈ ઉદાસી છવાઈ જતી હતી.

પોતપોતાના સ્વતંત્ર આવાસોની અટારીએથી છાનીમાની આ દ્રશ્ય જોયા કરતી એમ આઠેય રાણીઓથી, સ્વામીનાથના ચહેરા પરની આ અગમ્ય ઉદાસી જોઈ જતી ન હતી. પરંતુ હવે તો ખુદ રુક્મિણીની પણ હિંમત નથી ચાલતી કે જઈ પૂછેઃ ''પ્રભુ! આપને શું થાય છે?''

જીવનભર કેવળ સાક્ષીભાવે અનેક દુર્ઘટનાઓ, આપત્તિઓ અને યુદ્ધો નજરે નિહાળીઅને બધું જીરવી-પચાવીને પોતાનું અવતારકાર્ય સફળ બનાવી રહેલા હૃષીકેશના હૃદયમાં અત્યારે શું મનોમંથન ચાલી રહ્યું છે એ તો એમના સિવાય બીજું કોણ કહી શકે?

બે વિશિષ્ટ વ્યક્તિઓ દેવર્ષિ નારદજી અને પરમ ભક્ત-સખા ઉદ્ધવજી જો મનમોહનના ચરણ પકડીને, અત્યંત લાગણીવશ થઈને જો પૂછે કે, ''ત્રિલોકપતિ! કયા ભક્ત યા સ્વજનના દુઃખે આપ આટલા દુઃખી થઈ રહ્યા છો?'' તો, શ્રી કૃષ્ણ પોતાના હૈયાની વાત એમની આગળ વ્યક્ત કર્યા વિના રહી પણ ન શકે!

પરંતુ કર્મસંજોગે દેવર્ષિ નારદજી ઘણા લાંબા સમયથી આ બાજુ ફરક્યા જ ન હતા અને ઉદ્ધવજીને તો સ્વયં શ્યામસુંદરે જ કોઈ અંગત સંદેશો લઈને અર્જુન પાસે હસ્તિનાપુર મોકલી દીધા હતા!

દ્વારકાધીશના રાજદરબારમાં અને અંતઃપુરમાં સૌ કોઈ જાણતાં હતાં કે, છેલ્લા દોઢ બે મહિનાથી શ્રીકૃષ્ણ અને શ્રી બલરામ દૂર દૂર સુધી વિસ્તરેલી યાદવ સામ્રાજ્યની સીમાઓ પર નાનાં મોટાં છમકલાંને

નિવારવા સતત દોડધામ કરી રહ્યા હતા...

બીજી બાજુ, સુરા ને સુંદરીની બૂરી લતે ચડી ગયેલા કેટલાક મદોન્મત્ત યુવાન યાદવો, જાતજાતનાં અનૈતિક દુષ્કૃત્યો આચરીને, યાદવકુળની યશસ્વી કીર્તિને કલંક લગાડી રહ્યા હતા. કેટલાક વડીલ યાદવો, સત્તાના કેફમાં અને પ્રાપ્ત થયેલી સંપત્તિના નશામાં ભાન ભૂલીને, અમાનુષી વર્તન દાખવીને, પૂજનીય વ્યક્તિઓને અપમાનિત કરવા જેવાં અધમ કૃત્યો કરી રહ્યાં હતાં.

પરંતુ યોગેશ્વરના મનની સ્વસ્થતા અને હૈયાની ધીરજ આવા પ્રસંગોથી જરાયે જોખમાતી ન હતી. 'જે બનવાકાળ હોય તે તો બન્યે જ જાય છે,' એમ કહીને તદ્દન અનાસક્ત ભાવે તેઓ મરક મરક હસવા લાગતા ત્યારે તો સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ જતાં હતાં !...

તો પછી, એમની આંતરિક ઉદાસી અને અગમ્ય મનોવ્યથાનું રહસ્ય શું છે, તે પામવા એકબાજુ વસુદેવ, દેવકી અને રોહિણી મા મથી રહ્યા હતાં; તો બીજી બાજુ, દાઉજી અને પટરાણી રુક્મિણી પણ પ્રયત્નો કરી રહ્યાં હતાં. પરંતુ હજી કોઈનેય સફળતા મળી ન હતી.

યોગેશ્વર શ્રીકૃષ્ણ સુવર્ણનગરી દ્વારિકાના સર્જનથી માંડી એની દિવ્ય રિદ્ધિસિદ્ધિ સુધીની સાફલ્યયાત્રાના પોતે સર્જક, સંરક્ષક અને સંવર્ધક હતા, તે જાણતા હતા કે આ બધું થોડા વર્ષોમાં સર્વનાશ થઈ જવાનું છે. આ સમસ્ત યાદવવંશ કાળના ખપ્પરમાં સ્વાહા થઈ જવાનું છે એ હકીકતથી અંતર્યામી ક્યાં અજ્ઞાત હતા ?

અરે ! ખુદ પોતાના દેહોત્સર્ગનાં પણ સ્થળ, કાળ ને કારણથી ભગવાન ક્યાં અજાણ હતા ? એમને તો એક જાતનો સાત્વિક આનંદ હતો કે, હાશ ! દ્વાપરયુગનું પોતાનું અવતારકાર્ય આખરે પરિપૂર્ણ થવા આવ્યું ખરું !...

એક વાત સુનિશ્ચિત હતી કે વાસુદેવ શ્રી કૃષ્ણની આંતરિક અશાંતિ અને માનસિક અસ્વસ્થતા સાથે, ઉપરોક્ત ભાવિ દુર્ઘટનાઓને કોઈ સીધો યા આડકતરો સંબંધ ન હતો. તેઓ તો આ બધાંયથી સંપૂર્ણ પર, નિર્લેપ અને નિર્બંધ હતા. પોતાના આ માનવ-દેહોત્સર્ગના પણ યે માત્ર સાક્ષી જ બની રહેવાના હતા !

જે યોગેશ્વરે કુરુક્ષેત્રની રણભૂમિ પર શોકગ્રસ્ત ધનંજયને પોતાના વિરાટ સ્વરૂપનું દર્શન કરાવીને, જન્મજન્માંતરથી ચાલ્યા આવતા, જીવાત્માના જન્મ-મૃત્યુમય રહસ્યનો ઘટસ્ફોટ કર્યો હોય અને 'જેમના મૃત્યુ પહેલેથી જ સુનિશ્ચિત થઈ ચૂકેલાં છે તેમના માટે શોક કે સંતાપ કરવો વ્યર્થ છે,' - એ સનાતન સત્ય સમજાવવા, સ્વમુખે ગીતારૂપી પાવન જ્ઞાનગંગાનું અમીપાન કરાવ્યું હોય તે સર્વજ્ઞ અને સર્વવ્યાપી પરબ્રહ્મ પરમાત્મા, પોતાના સ્વજનો અને પુરજનોના અંતકાળની આગાહીઓથી વિચલિત થાય એ કોઈ કાળે સંભવિત નહોતું...

અને છતાં, કંઈક એવું જરૂર હતું જેણે આ સચ્ચિદાનંદ સ્વરૂપ, સર્વશક્તિમાન શ્રીકૃષ્ણનું ચેન ચોરી લીધું હતું અને હૃદયને ભીતરથી ભીંજવી પણ દીધું હતું !

સામાન્ય માનવદેહધારી માટે તો એવું કહેવાય છે કે, જ્યારે એ વૃદ્ધાવસ્થાને આરે આવી પહોંચે છે અને એની જીવનનાવ ધીરે ધીરે મૃત્યુના કિનારા ભણી આગળ ધપતી જાય છે ત્યારે, એના મનઃચક્ષુ સમક્ષ પોતે બાલ્યાવસ્થાથી વૃદ્ધાવસ્થા સુધી જીવનકાળ દરમ્યાન આચરેલા યાદગાર જીવન-વ્યવહારો અને આદરેલી પણ અધૂરી રહી ગયેલી ઈચ્છાઓ - મહત્વાકાંક્ષાઓ ચલચિત્રનાં ગતિમંત દૃષ્યોની જેમ તાદૃશ થતાં હોય છે.

જો એણે જીવનભર નિઃસ્વાર્થભાવે સેવાકાર્યો જ કર્યા

હોય તો એ ઘટનાઓનાં દૃશ્યોથી એને સાત્વિક આનંદનો રોમાંચ થતો હોય છે; પરંતુ જો એણે છળકપટ અને વિશ્વાસઘાતથી કઈકનાં જીવન બરબાદ કર્યાં હોય તો એ બધી દુર્ઘટનાઓનાં દૃશ્યો પ્રત્યક્ષ થતાં, કોઈ અજ્ઞાત્ ભયથી એના રૂંવાડાં ખડાં થઈ જાય છે....

પરંતુ શ્રી કૃષ્ણ માટે, એમાંનું તો કંઈ કરતાં કંઈપણ થવું શક્ય ન હતું. પોતે સ્વયં કરેલી યા અન્યને પ્રેરણા-માર્ગદર્શન આપીને કરાવેલી એ તમામ આર્યાવર્ત-પ્રસિદ્ધ ઘટનાઓના નિર્માણમાં, એના પરિણામમાં, તેઓ તો એક નિમિત્તમાત્ર હતા. ક્યારેક વ્યવહારું દાવપેચના અઠંગ ખેલંદા હતા, તો ક્યારેક ઉપદેશક, માર્ગદર્શક બનીને જોયા કરનારા માત્ર સાક્ષી હતા.

ક્ષાત્રધર્મના પાલન અર્થે કંસવધથી કર્ણવધ સુધીની તમામ હત્યાઓમાં સ્ત્રી-સન્માન અને સ્ત્રી-સ્વાતંત્ર્યના રક્ષણાર્થે રુક્મિણીહરણથી ઓખાહરણ સુધીની રોમાંચક કહાણીઓમાં; મિત્રધર્મના નિભાવ અર્થે સુદામાથી સવ્યસાચી જેવા સખાઓને કરેલી સહાયમાં; અન્યાય અને અધર્મને પડકારવા સારુ ગુરુપત્નીને પુત્ર પ્રદાન કરવાથી માંડી પાંચાલીને ચીરપ્રદાન કરવા સુધીની ચમત્કારિક ઘટનાઓમાં; ધર્મ સંસ્થાપનાર્થે અને સાધુસંતોના હિતનું સંરક્ષણ કરવા અર્થે જ્યારે પણ જરૂર પડી ત્યારે સામ, દામ, દંડ ને ભેદ અજમાવવામાં અને બીજો કોઈ માર્ગ ન રહે ત્યારે ન છૂટકે સુદર્શનચક્ર જેવા અમોઘ દિવ્ય અસ્ત્રનો પ્રયોગ કરવામાં; નમ્રતા અને વિવેકનું જ્વલંત ઉદાહરણ પ્રસ્થાપિત કરવા યુધિષ્ટિરના રાજસૂય યજ્ઞમાં આમંત્રિત ઋષિમુનિઓનું પાદપ્રક્ષાલન કરવામાં ને દૂતધર્મનું પાલન કરવા દુર્યોધનના મેવા ત્યજી ભક્ત વિદુરજીના ઘરની ભાજી આરોગવામાં; સત્ય, ધર્મ, ન્યાય અને નીતિ જેવાં માનવીય મૂલ્યોનું પુનઃ પ્રસ્થાપન કરવાના શુભ હેતુથી મહાભારતના યુદ્ધમાં પાંડવપક્ષે રહીને કુંતીપુત્રોને વિજય અપાવવાથી માંડી છેલ્લે નરકાસુર અને સુરપતિ ઈન્દ્ર જેવાનું પણ ગર્વખંડન કરવામાં આ પરમાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણે જે કાંઈ ભાગ ભજવ્યો હતો યા લીલા-માયા આચરી હતી તે બધું જ, માત્ર સાક્ષીભાવે કરેલું દિવ્યકર્મ જ હતું !.... તેથી આમાંનું કાંઈપણ આ પરબ્રહ્મ પરમાત્માને સ્પર્શી શકે એમ ન હતું.

છતાં દ્વારિકાના રાજમહેલમાં સુખસમૃદ્ધિના સર્વોત્તમ સિંહાસન પર બીરાજમાન થયેલા યદુનંદન અત્યારે અકથ્ય મૂંઝવણનો ને અસહ્ય અકળામણનો સાક્ષાત્કાર કરી રહ્યા હતા.

મથુરાના કારાવાસમાં શ્રાવણ માસના કૃષ્ણપક્ષની આઠમની મધરાતે દેવકી-કૂખે જન્મેલા આ નવજાત શિશુને એના પિતા વસુદેવે રાતોરાત નંદગાંવમાં નંદ-યશોદાને ત્યાં હેમખેમ પહોંચાડી દીધા તે દિવસથી શરૂ થયેલી... અને મલ્લયુદ્ધમાં ભાગ લેવા કંસ દ્વારા મળેલું નિમંત્રણ સ્વીકારીને અક્રુરજી સાથે મથુરામાં પુનઃ પ્રવેશ પામ્યા તે ઘટના સાથે પૂર્ણ થયેલી, બાલમુકુંદના બાળપણની એકએક ક્ષણ અલૌકિક હતી.

ગોકુળની ગાયો સાથે, વ્રજભૂમિના ગોપ-ગોપાંગનાઓ સાથે, વાત્સલ્યમૂર્તિ યશોદામૈયા સાથે અને સવિશેષ કરીને રાસની અધિષ્ઠાત્રી દેવી શ્રી રાધિકાજી સાથે રમવા-ફરવામાં, લડવા-ઝઘડવામાં, ખાવા-ખવડાવવામાં, નાચવા-ગાવામાં, રિસાવા-મનાવવામાં આ માખણચોર, યશોદાનંદને જે અભૂતપૂર્વ આનંદપ્રમોદ અને અવિસ્મરણીય હર્ષોલ્લાસ માણ્યાં હતાં એમાં તો, રજમાત્ર પણ સાક્ષીભાવ ન હતો; એ તો કોઈ દિવ્યાતિદિવ્ય અને મધુરાતિમધુર મહાભાવ હતો !

આ બધી બાળસહજ ક્રિયાઓમાં

શ્યામસુંદરે તન-મન-આત્માથી ઓતપ્રોત થઈ જવામાં જ પોતાના અવતારકાર્યનું સાફલ્ય જોયું હતું. કેટલીકવાર તો અત્યંત મહાભાવમય મનોદશામાં પોતાની ઈશ્વરી ઐશ્વર્યશક્તિનું પોતાની આનંદસ્વરૂપા, આહ્‌લાદિની શક્તિ શ્રી રાધિકાના ચરણકમળમાં ન્યોછાવર કરી દઈને, ધન્યતા અને કૃતજ્ઞતાનો સ્વાનુભવ કર્યો હતો!

અત્યાર સુધી એ બધી ચિરંજીવ યાદગાર સ્મૃતિઓ એમના હૃદયના ઊંડાણમાં, અણમોલ ખજાનાની ભાંતિ અક્ષત અને અખંડ સ્વરૂપે અણીશુદ્ધ જળવાઈ રહી હતી, કેમકે એને બહાર કાઢીને ચિત્તપ્રદેશમાં પુનર્જીવિત કરવાની દ્વારિકાધીશને ફુરસદ જ ક્યાં મળી હતી?...

જે દિવસથી વ્રજભૂમિ છોડીને મથુરામાં આવ્યા અને કંસવધ કર્યો, ત્યાર પછી તો વાસુદેવ શ્રીકૃષ્ણરૂપે સમસ્ત આર્યાવર્ત પર માયાવીરૂપે એવા છવાઈ ગયા અને દુષ્ટોને મૃત્યુદંડ દેવામાં, યાદવોની સ્વતંત્ર અને સુરક્ષિત રાજધાની 'દ્વારિકા' પ્રસ્થાપિત કરવામાં, ધર્મની પુનઃ સંસ્થાપના કરવામાં તથા ગૌબ્રાહ્મણ - પ્રતિપાળરૂપે પૃથ્વી પરના પાપીઓનો નાશ કરવામાં એટલા બધા રચ્યા-પચ્યા રહ્યા કે પેલું દિવ્ય બાળપણ એક અવશેષરૂપે અંતરમાં ઢબુરાઈ ગયું!

વળી, દ્વારિકાધીશ મહારાજ શ્રીકૃષ્ણ તરીકેની રાજકીય ધુરા વહન કરવામાં અને અષ્ટ રાણીઓના હર્યાભર્યા સંસારની ગૃહસ્થાશ્રમી જવાબદારીઓ અદા કરવામાં એટલા કર્તવ્યપરસ્ત રહ્યા કે આટલાં બધાં વર્ષો ક્યાં પસાર થઈ ગયાં એની પણ સુરતા ન રહી!

પરંતુ હવે જ્યારે નજીકના ભવિષ્યમાં આ અવતારકાર્ય પરિપૂર્ણ થવાના શુભાશુભ સંકેતો થવા લાગ્યા અને દિવ્ય ગોલોક ધામમાં પ્રભુના પુનરાગમનની પૂર્વતૈયારીઓ અર્થે થઈ રહેલા જયઘોષના અંતર્નાદ અંતર્યામીના અંતરમાં પડઘાવા લાગ્યા ત્યારે, શ્રીકૃષ્ણને, ગોલોકની યાદ સાથે અતૂટપણે સંકળાયેલી શ્રી રાધારાણીની રમણીય યાદ આવી અને હવે, જેમ બને તેમ જલદી આ માનવદેહનો પરિત્યાગ કરીને ગોલોકગમન કરવા સારુ પ્રભુ ઉત્કંઠિત થઈ ઊઠ્યા!

ત્યાં એમને આકસ્મિક સ્મરણ થયું કે અત્યારે ગોલોકમાં હૃદયેશ્વરી શ્રી રાધિકા તો છે જ ક્યાં? એ તો ગોલોક - પાર્ષદ શ્રીદામાના પ્રતિશાપથી બંધાઈને, આ મૃત્યુલોકની વ્રજભૂમિમાં વૃષભાણનંદિની અને કીર્તિદાકુમારી રૂપે જન્મ ધરીને, 'મનુષ્યયોનિમાં તમે સો વર્ષ સુધી પ્રભુના વિરહાગ્નિમાં તડપ્યા કરશો' એ શાપનું વિમોચન કરી રહ્યાં છે!...

અને આટલું યાદ આવતાં જ, વર્ષોથી જે અમર સ્મૃતિપુંજ પ્રભુના અંતઃસ્તલમાં સુષુપ્ત હતો તે જાગૃત થયો અને અંતરનાં અભેદ પડળ ભેદીને શ્યામસુંદરના દિલ-દિમાગ પર એવો છવાઈ ગયો કે - બસ, પછી તો સુતાં-બેસતાં, ખાતાં-પીતાં, હરકોઈ દૈનિક ક્રિયા કરતાં ગોપીજનવલ્લભને વ્રજભૂમિમાં ગાળેલા બાળપણના એ દિવસોની તીવ્ર યાદ સતાવવા લાગી! એમનું વ્યાકુળ મન રહી રહીને યમુનાતટની કુંજનિકુંજોમાં દોડી જવા લાગ્યું... કાલિન્દીનો એ જળભરપુર કાંઠો, કદંબનું પેલુ વૃક્ષ, બંસીબટનું મનોરમ્ય વાતાવરણ અને મધુવનનું નૈસર્ગિક સૌંદર્ય એમના સ્મૃતિપટ પર તાદૃશ થવા લાગ્યું... કૃષ્ણ કનૈયાના કર્ણપટલ પર ઘડીમાં પોતે વિસારી દીધેલ વાંસળીનો, હૈયું વીંધી નાખે એવો, કરુણ વેણુનાદ સંભળાવા લાગ્યો; તો ઘડીકમાં ગોકુળની ગૌમાતાઓનો કર્ણભેદક પોકાર કાને અથડાવા લાગ્યો. દિવસભરના અથાગ પરિશ્રમથી થાક્યાપાક્યા દ્વારિકાધીશ ઘસઘસાટ ઊંઘતા હોય ત્યાં તો ઓચિંતા સ્વપ્નમાં, પુત્રવિરહથી લગભગ પાગલ

સૌજન્ય : સીમોની અમરીષભાઈ પરીખ, મુંબઈ

જેવાં થઈ ગયેલાં અને ગોકુળની ગલીઓમાં લાલાને શોધ્યા કરતાં, બાવરાં યશોદામૈયાનો દર્દભર્યો આર્તનાદ સંભળાતો.

''કાના, ઓ કાના! અરે ઓ લાલા! ક્યાં છુપાઈ ગયો છે રે તું?... તારી વાટ જોઈજોઈને તો મારી આંખોયે થાકી ગઈ!... હવે તો પાછો આવી જા રે, મારા લાલા!'' એ શબ્દો સાંભળતાં, મનમોહન ભરઊંઘમાંથી ઝબકીને જાગી જવા લાગ્યા... અને પછી તો, અંતરના ઊંડાણને ભેદી નાખતો એક ચિત્કાર, મધરાતની નીરવ શાંતિમાં અરબ સાગરના પેલા ઘૂઘવતાં ને ઉછળતાં મોજાના અવાજ સાથે ઘસડાઈને, દ્વારિકાના રાજમહેલની પાષાણ દીવાલો પર પછાડો ખાવા લાગ્યો કે -

''કાનુડા રે! તું ક્યાં છે રે? આ અભાગણીને એકલી મૂકીને ક્યાં ચાલ્યો ગયો રે?... હવે તો નથી રહેવાતું ઘનશ્યામ!... હવે તો મારી પાસે ચાલ્યો આવ, ઓ લાલા!....''

''આ તો મારી પ્રાણવલ્લભા, પ્રાણેશ્વરી શ્રી રાધાનો જ અવાજ...'' એવું બોલી ઊઠીને, વિહ્‌વળ-વ્યાકુળ થઈ જતા રાધારમણ એકદમ શય્યાત્યાગ કરીને પશ્ચિમી ઝરૂખામાં દોડી જવા લાગ્યા અને મનમાં 'રાધે.... રાધે!'નો જાપ જપતા ક્યાંય સુધી અરબી સમુદ્રની પેલે પારની ક્ષિતિજ ભણી તાકીતાકીને જોવા લાગ્યા. વાંસળી, ગાયો, યશોદા માં બધું જ શ્રી રાધામાં સમાઈ જવા લાગ્યું અને પોતે રાધામય થઈ જવા લાગ્યા.

આવું તો લગભગ રોજ થવા માંડ્યું. પરંતુ એનું જે મૂળભૂત કારણ હતું તે તો સૌ કોઈ માટે કલ્પનાતીત હતું કેમકે, દાયકાઓના વિરહાગ્નિમાં તપીતપીને પૂર્ણ પરિપક્વ અને પ્રગાઢ થયેલો, શ્રીકૃષ્ણનો આ તો અનુપમ 'રાધા-મહાભાવ' હતો!.

અને આ મહાભાવ-નિહિત રહસ્ય શ્યામસુંદર સિવાય બીજું કોઈ જાણતુંયે ન હતું. જાણી શકે એમ પણ ન હતું. કેમકે આ તો, પ્રેમલક્ષણા ભક્તિના ચરમ સ્વરૂપ 'મહાભાવ'થી પણ ઉચ્ચ કોટિનો દિવ્ય 'રાધા-મહાભાવ' હતો!...

રતિ, સ્નેહ, માન, પ્રણય, રાગ, અનુરાગ અને ભાવ- આ સાત સોપાન ક્રમશઃ પાર કરતાં કરતાં 'મહાભાવ'ની પરાકાષ્ઠાએ પહોંચી ગયેલાં શ્રીરાધિકાજીના પરમત્યાગમય ને પવિત્ર 'શ્રીકૃષ્ણ-મહાભાવ'ને પણ પીગળાવી દે તેવો આ તો સૃષ્ટિનિયંતા શ્યામસુંદરનો, સાક્ષીભાવ-વિહીન, 'શ્રીરાધા-મહાભાવ' હતો. પોતાની અંગભૂતા, સ્વરૂપભૂતા, હૃદયેશ્વરી, શ્રી રાધારાણીના વિરહમાં તડપતા સાક્ષાત પરબ્રહ્મ પરમાતમા શ્રીકૃષ્ણનો, રાધારમણ, ગોપીજન વલ્લભ, મુરલીમનોહર, બાળકૃષ્ણ શ્રી ગિરિધરગોપાલનો ઉચ્ચાતિઉચ્ચ સમર્પણભાવ હતો.

રામાવતારમાં મહારાણી સીતાનો ત્યાગ કર્યા પછી, રાજા રામે શેષ જીવનનાં તમામ વર્ષો દરમ્યાન જે દિવ્ય 'સીતા-મહાભાવ' અયોધ્યાના રાજમહેલમાં રાતદિવસ તડપી-તડપીને માણ્યો હતો તેને ક્યાંય ટપી જાય એવો, અભૂતપૂર્વ, અનન્ય અને અનિર્વાચ્ય 'શ્રીરાધા મહાભાવ' હવે, કૃષ્ણાવતારની સમાપ્તિટાણે દ્વારિકાના રાજમહેલમાં દેહોત્સર્ગની અંતિમ ક્ષણ સુધી અવિરતપણે માણવા, દ્વારિકાધીશ મહારાજ શ્રીકૃષ્ણ લયલિત થઈ ઊઠ્યા હતા....

યાદ અતીતની અંતરે,
અનુપમ દિવ્ય પ્રભાવ!
શ્રીકૃષ્ણ-હૃદય વ્યાપી રહ્યો;
અદ્‌ભુત 'રાધાભાવ'!! ◆

**નોંધ :** શ્રી ભોગીલાલ શાહ લિખીત પુસ્તક ''શ્રી રાધાવતાર'' માંથી આ પ્રકરણ અનન્ય પરિવર્તન તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.



# निष्काम सेवा ही उत्तम

शाम का समय था। भगवान भास्कर अपने रश्मि रथ पर आरूढ़ सुनहरी किरणें बिखेरते अस्ताचलगामी हो रहे थे। पक्षियों के कलरव से सारा वातावरण संगीतमय हो रहा था। दिन और **रात** की इस संक्रमण वेला संध्या में गुरुदेव रवींद्रनाथ टैगोर शांतिनिकेतन में एक पेड़ के नीचे बैठे अपने प्रिय छात्रों की जिज्ञासा शांत कर रहे थे। श्वेत शुभ्र दाढ़ी उनकी भव्यता को और भी बढ़ा रही थी। बीच – बीच में सूरज की लालिमा उन पर पड़ती थी, जिससे उनकी गंभीरता और बढ़ी हुई प्रतीत होती, परंतु वे सहज, शांत एवं प्रसन्न थे और उसी भाव से छात्रों के प्रश्नों का उत्तर देते चले जा रहे थे। वे इस कार्य में इतने डूब गए थे कि उनको समय का पता ही नहीं चला कि वे दिन के तीन बजे से बैठे हैं और अब शाम के पाँच बजकर पैंतालीस मिनट होने को जा रही हैं।

प्रश्न–प्रतिप्रश्न के इस क्रम में एक छात्र ने गीतांजलि के रचनाकार से एक गंभीर प्रश्न पूछा। प्रश्न था कि संबंध और सेवा में क्या अंतर है तथा संबंध और सेवा में कौन अधिक उप–ादेय है और किसका चयन करना चाहिए? इस प्रश्न को सुनकर

*सौजन्य : अमी शाह, मुंबई*

अपने प्रिय छात्रों के गुरुदेव अति गंभीर हो गए थे; मानो वे कहीं खो से गए हों। इस प्रश्न ने उन्हें मानो अपने अतीत के उन पन्नों में विचरण करने छोड़ दिया हो, जहाँ की सुरम्यता से मुग्ध हो वे वापस ही न आ पा रहे हों। प्रश्न करने वाला छात्र किंचित् घबराया कि कहीं उसने अनर्गल एवं बेतुका प्रश्न तो नहीं छेड़ दिया है। गुरुदेव के इस गंभीर मौन से सभी छात्र विस्मित थे और एक दूसरे से मौन प्रश्न कर रहे थे कि कहीं कुछ गड़बड़ बात तो नहीं कह दी गई है।

साहस और हिम्मत बटोरकर पास बैठे एक छात्र ने गुरुदेव को हलके स्वर में कहा, ''गुरुद-ेव!'' गुरुदेव चौंक पड़े, उनकी गंभीरता धीरे धीरे कम हुई और मौन ने वैखरी वाणी का रूप धर लिया। गुरुदेव के इस रूप से सभी छात्रों में मानो प्राणों का संचार हुआ, उमंग जागी और सभी सहज भाव से गुरुदेव की वाणी को सुनने के लिए व्यग्र होने लगे। पल भर के इस गंभीर मौन से सभी अवाक् थे, परंतु पल भर में ही पहले जैसी मुस्कान, हँसी और ठहाके की गूँज सुनाई देने लगी, क्योंकि गुरुदेव कुछ प्रश्नों के जवाब ऐसे देते थे कि सभी ठहाका लगाकर हँसने लगते थे, परंतु इस प्रश्न के उत्तर को सुनकर सभी गंभीर थे; मानो यह उत्तर उनके अपने जीवन में उतर गया हो। इसी प्रश्न के उत्तर में तो गुरुदेव को समय का भान नहीं हो पाया कि घंटों गुजर चुके थे।

गुरुदेव कह रहे थे, ''संबंध और सेवा में गहरा संबंध है। दोनों ही भावनाओं के क्षेत्र की उपज हैं। भावनाओं के कारण ही संबंध बनते हैं और भावन-ाओं के उफान से व्यक्ति सेवा कार्य करने लगता है। संबंध की अंतिम परिणति कोई अधिक सुखद नहीं होती और सकाम सेवा भी हमें बाँधती है। संबंधो में यदि अपेक्षाओं का बोझ डाल दिया जाए तो संबंध अति बोझिल एवं असह्य हो जाता है और सेवा के साथ भी अपेक्षा एवं परिणाम पाने की इच्छा बलवती हो जाती है, तब सेवा भी अपना उद्देश्य खो बैठती है। यह सच है कि संबंधों में अति सतर्कता एवं सावधानी बरतनी चाहिए और इसे दीर्घकाल तक चलाने के लिए अपेक्षा को न्यून करना चाहिए। अपेक्षा की अधिकता में संबंध टूटते - बिखरते एवं खतम हो जाते हैं और इसकी न्यूनता में ये विकसित होते हैं और आपसी भावनाओं का आदान-प्रदान होता है।

गुरुदेव की इन बातों से सभी छात्र इतने मुग्ध हो गए थे कि उनको भी समय और स्थान का भान ही नहीं हो पा रहा था कि वे कहाँ हैं। बस, उन्हें तो लग रहा था कि गुरुदेव ने उनके जीवन को जीवंत कर दिया है और वे वहाँ विचरण कर रहे हैं। इस भावविभोर अवस्था में गुरुदेव की वाणी गूँजी, ''संबंधों का मनोविज्ञान बड़ा गहरा है। योग मनोविज्ञान के परिप्रेक्ष्य में यदि कहूँ तो संबंध हमारे पुराने लेन-देन को चुकाने के लिए ही बनते हैं। जब हमारा लेन-देन चुक जाता है तो संबंध समाप्त हो जाते हैं।''

एक छात्र ने पूछा, ''गुरुदेव! यदि संबंध समाप्त हो जाता है तो फिर क्या होता है?'' गुरुदेव ने मुस्काराते हुए कहा, ''यदि दो व्यक्तियों के बीच संबंध समाप्त हो जाता है तो या तो

वे अलग - अलग हो जाएँगे या उनकी जीवन की दिशाएँ बदल जाएँगी या फिर उम्र की समाप्ति होने पर किसी का अवसान भी हो सकता है।''

एक छात्र की जिज्ञासा प्रकट हुई और पूछा, ''गुरुदेव! यदि इस संबंध को आगे बढ़ाना हो तो क्या करना चाहिए?'' गुरुदेव बड़े प्यार से बोले, ''यदि किसी संबंध को दीर्घकाल तक चलाना हो तो उसमें भावनाओं का संपुट जोड़ना होगा; अर्थात उसके प्रति सकारात्मक भाव रखना होगा। संबंध तो भावनाओं की बुनावट और बनावट हैं।'' एक और ने पूछा, ''यदि संबंध को आगे न बढ़ाना चाहें तो...?'' गुरुदेव बोले, ''शांत और प्रतिक्रियाविहीन होकर संबंधों के सभी अच्छे बुरे परिणामों को झेल जाओ। निश्चित समय में यह पके फल के समान पेड़ से गिरकर समाप्त हो जाएगा।'' बहुत देर से एक छात्र अपनी जिज्ञासा शांत करने के लिए जैसे ही प्रश्न के लिए तैयार होता कि अगले का प्रश्न आ जाता और उसे मौन हो जाना पड़ता था, परंतु इस बार सभी विचारमग्न थे और प्रश्नों का अंतराल बढ़ा हुआ था। उसे समय मिला और उसने पूछा, ''गुरुदेव! क्या दो व्यक्तियों के बीच का संबंध केवल लेन-देन पर निर्भर करता है? तो फिर सार्थक संबंध किससे होता है?''

गुरुदेव उसके प्रश्न से अति प्रसन्न हुए और बोले, ''वत्स! जीवात्मा का वास्तविक संबंध केवल और केवल परमात्मा से होता है। यही संबंध चिरस्थायी एवं नैसर्गिक है, शेष सारे संबंध अस्थायी हैं। अतः जीवात्मा को परमात्मा से संबंध बनाना चाहिए।'' इसी बीच एक अन्य छात्र ने पूछा, ''गुरुदेव! हम क्यों किसी की सेवा करते - करते उसके साथ एक अदृश्य संबंध बना बैठते हैं?'' गुरुदेव ने कहा, ''वत्स! सेवा का उद्देश्य यदि निष्कामना न हो तो हम जिसकी सेवा करते हैं, उसके बदले में हम कुछ-न-कुछ पाना चाहते हैं। ज्यादा न सही, हम उससे सद्भाव की अपेक्षा रखने लगते हैं और जब वह सेवा से प्रसन्न होकर हमारी प्रसंशा करता है तो हम उसकी ओर आकर्षित होने लगते हैं और इसकी परिणति एक नए संबंध के रूप में सामने आती है।''

शाम रात में ढलने लगी थी। गुरुदेव ने निष्कर्ष एवं सारांश के रूप में अपनी बात को विराम देते हुए कहा, ''संबंध ठीक है, यदि अपेक्षाओं का बोझ कम हो और सेवा उत्कृष्ट हो। यदि इसे निष्काम भाव से करके आगे बढ़ जाना हो तो दोनों ही उत्कृष्ट एवं श्रेष्ठ हैं। फिर भी कहें तो निष्काम सेवा अच्छी है, क्योंकि इससे व्यक्ति ठहरता नहीं है, वह आगे निकल जाता है, परंतु संबंध हमें आगे बढ़ने से रोकते हैं। अतः हमें संबंधों के प्रति अति सावधान होना चाहिए और अधिकतम निष्काम सेवा-कार्य में निमग्न हो जाना चाहिए।'' यहीं पर बात समाप्त हुई।

सभी प्रसन्न एवं आश्वस्त थे कि अपने प्रिय गुरुदेव के साथ इतना समय व्यतीत करने का अवसर मिला और जीवन के प्रश्न सुलझ गए। सभी छात्र अपने प्रिय गुरुदेव की वाणी को जीवन में उतारने का मौन संकल्प लेकर अपने-अपने आवास कक्ष की ओर बढ़ते चले गए। ◆

सौजन्य : अल्पा अभय कोठारी, मुंबई

ધારાવાહિક નવલિકા

# આગન્તુક

■ ધીરુબહેન પટેલ

(૧)

વહેલી સવારે ઈશાન જાગી ગયો.

એક ઉપર એક ત્રણ પાટિયા હતાં. વચ્ચેના પાટિયાવાળો માણસ ઊઠે નહીં ત્યાં લગી બેસી શકાય નહીં. સુઈ જ રહેવું પડે. મુંબઈ આવવાને હજી ઘણી વાર હતી. ઈશાન એમ ને એમ પડી રહ્યો અને ભૂતકાળને પકડવા મથતા મનને જે કરવું હોય તે કરવા દીધું. ક્યારેક કંઈ હાથમાં આવી જતું તો ક્યારેક હાથ ઘસીને બેસી રહેવું પડતું. ઈશાન આશ્ચર્યથી મનની આ બધી ચેષ્ટા નીરખ્યા કરતો હતો. એટલીવારમાં સૌથી ઉપરના પાટિયાવાળો માણસ ઊઠ્યો ત્યાંજ વચલો માણસ પણ ઉઠ્યો એટલે એનું પાટિયું નીચે પાડી શકાયું ને ત્રણ જણ નીચેના પાટિયા પર બેઠા. ઈશાન બારી પાસે હતો એટલે આછા અજવાળામાં દૂરની ક્ષિતિજે ધરેલા અવનવા આકાર જોઈ શકતો હતો.

સામે વિરારની ખાડી હતી, વિશાળ પ્રલંબ જલરાશિ. આથમતા ચંદ્રનું અને ઊગતા પ્રભાતનું અજવાળું ભેગુ મળીને હાલકડોલક થતાં પાણી પર તેજની ચાદર પાથરતું હતું. કેટકેટલાં જળચર જીવજંતુ આની અંદર જન્મી જીવીને જતાં રહેતાં હશે ? ઈશાન મન પરોવીને એ તરફ જોઈ રહ્યો હતો.

ખુલ્લી બારીમાંથી ચીકણી ખારી વાસ અંદર ધસી આવી. પુલ પૂરો થઈ ગયો હતો. નજર ઠરે ન ઠરે એટલામાં દૃશ્ય સરી જતું હતું. વળી પાછો ભૂમિખંડ, વળી પાછો જલરાશિ, આગળ ને આગળ ચાલી જતી ટ્રેન ! ઈશાનના મનમાં અજંપો થવા લાગ્યો. આ બધું શું થઈ ગયું ! પોતે ક્યાં આવી પડયો ?

આમાંથી મારગ કરવો પડશે. ભૂતકાળ ખૂબ દૂર રહી ગયો હતો. આશ્ચર્યચકિત થઈને તે બારીની બહાર જોતો રહ્યો. જૂના મુંબઈને શોધતો રહ્યો અને સામેથી જતી લોકલ ટ્રેનોમાં તથા પ્લેટફોર્મ પર અત્યારના પહોરમાં ઊભરાતા પાર વિનાના જાતજાતના લોકોને શૂન્ય દ્રષ્ટિથી જોતો રહ્યો.

મુંબઇ સેન્ટ્રલ સ્ટેશન પર ઊતરીને એ થોડી વાર ઊભો રહ્યો. કોઈ લેવા આવે એવી કંઈ આશા હતી નહીં. આખરે નાનો થેલો ખભા પર ભેરવીને મોટો થેલો હાથમાં ઊંચકી સ્ટેશનની બહાર નીકળ્યો અને ટેક્સીમાં બેઠો. ટ્રેનમાંથી જે શહેર અજાણ્યું હતું તે રસ્તા પરથી તો છેક જ નવું અને વિચિત્ર લાગવા માંડ્યું. મગજ બહેર મારી જતું હતું. જેમ તેમ કરીને એ બેસી રહ્યો.

આખરે ટેક્સી ઊભી રહી. ઈશાને મકાનનું નામ બરાબર જોઈ લીધું. પદ્મરાગ, પાંચમે માળે, આશુતોષ પરીખ. આ જ સરનામે કાગળપત્રનો વ્યવહાર ચાલતો હતો. લિફ્ટમાં ઉપર જઈને બારણાની ઘંટડીનું બટન દબાવ્યું. સંગીતનો એક લાંબો લટકો સંભળાયો અને એના ઘોષ શમે એ પહેલાં બારણાની નાનકડી બારી ખૂલી. અંદરથી આશુતોષે તીક્ષ્ણ નજરે એને માપી લીધો પછી પાછળ ખસીને બારણું ખોલ્યું. ઈશાન અંદર આવ્યો અને બે ડગલાં ચાલીને ઊભો રહી ગયો.

આશુતોષને લાગ્યું કે એણે કંઈક બોલવું જોઈએ, પોતે બંધાઈ ન જાય, ન આવકાર ને ન જાકાર એવું કંઈક. એ દાઢીમૂછ અને લાંબા વાળ વિનાના ઈશાન સામે જોઈ રહ્યો.

'અરે સીતારામ, આમને રૂમ બતાવ ને !'

સીતારામે રૂમ બતાવ્યો. નાનો સોફા-કમ-બેડ, ભીંતમાં એક કબાટ, એક ખૂણામાં ટેબલ - ખુરસી, માથા પર પંખો અને એક બારી. બીજું શું જોઈએ ?

બહાર આશુતોષે ટેલિફોનનું ડાયલ ફેરવવા માંડ્યું હતું. સામે રીમા સાશંક નજરે ઊભી ઊભી ધ્યાન રાખતી હતી. ઘણીવાર પછી નંબર લાગ્યો.

'અર્ણવ ! એ આવી ગયો છે !'

'હેં ? કેવો લાગે છે ? શું કંઈ બોલ્યો - કેટલું રહેવાનો છે. શું કરવાનો છે ?'

'ના મેં પૂછ્યું પણ નથી. આ કંઈ મારા એકલાની જવાબદારી નથી, સમજે છે ને ?'

'હા, પણ તમે મોટા-'

'તેથી શું થઈ ગયું ? તું આવે છે ને ?'

'મારે આજે ઓફિસમાં ખરેખર બહુ કામ છે. એમ કરીએ, સાંજે ક્લબમાં મળીએ, થોડી વાતચીત કરી લઈએ, પછી તમારે ઘેર જઈએ. પછી સાથે જ વાત કરીશું. ધેટ વીલ બી બેટર !'

આશુતોષે સહેજ મૂંઝાઈને રીમા સામે જોયું. એને ખબર હતી, રીમાને આ વાત પસંદ નહીં આવે, પણ બીજું શું થઈ શકે ? જરાક ખોંખારો ખાઈને એણે કહ્યું, 'આજનો દહાડો ભલે જરા આરામ કરતો. રાતે વિચાર કરીશું.'

રીમાએ ખભા ઉલાળ્યા. એ એવું બતાવવા માગતી હતી કે આ આખી વાત સાથે એને કશી નિસબત નહોતી. આખરે તો આ બન્ને ભાઈઓનો પ્રશ્ન હતો. એ લોકોને જે કરવું હોય તે કરે. એમણે માત્ર એટલું યાદ રાખવું જોઈએ કે આ ઘર રીમાનું હતું અને એ કોઈને અહીં કાયમ ખાતે રાખવા તૈયાર નહોતી. પછી લાગ્યું કે પોતે પણ એક વાર ખબરઅંતર પૂછવા જોઈએ.

રૂમને બારણે ટકોરા મારીને એ ઊભી રહી. સોફા પર બેસીને શાંત ભાવે જમીન સામે જોઈ રહેલા ઈશાન તરફ રીમાએ ક્યાંય લગી જોયા કર્યું. કંઈ શબ્દો સૂઝતા નહોતા. આખરે એણે કહ્યું. 'લંચ એક વાગે છે. તમે ટેબલ પર આવશો કે અહીં મોકલી આપું ?'

'આવીશ.'

બસ, પછી તો ઊભા રહેવાનું કોઈ કારણ નહોતું. તે બહાર ચાલી ગઈ.

ડ્રોઈંગ રૂમમાં કરણ વિડિયોગેમ રમતો હતો. 'આઈ સે, મમ્મી... હું અંદર જાઉં ? મારે એમને જોવા છે.'

'નથિંગ ડુઈંગ. ચાલ, તૈયાર થઈ જા', કહી રીમા જતી રહી.

રીમાને સૌથી મોટી ચિંતા આ જ હતી. એણે આશુતોષને કેટલીયે વાર સમજાવ્યું હતું કે ઈશાનની હાજરીની છોકરાંઓ પર સારી અસર નહીં થાય. ભણવામાં એ લોકોનું મન નહીં લાગે અને પરીક્ષાઓ પાસે આવતી હોય ત્યારે તો બેધ્યાનપણું ચાલે જ નહીં ને ? પણ આશુતોષ બધું ધ્યાનથી સાંભળી લઈને એક જ જવાબ આપતા, 'જોઈએ !'

ઘણી વાર છોકરાઓ લન્ચ વખતે ઘેર આવતાં નહીં. કોલેજથી બારોબાર ક્યાંક ને ક્યાંક ઊપડી જતાં, પણ આજે તો એકને ટકોરે હાજર થઈ ગયા. મિહિકા ડાહીડમરી થઈને પોતાની રોજની જગ્યાએ બેસી ગઈ હતી, જ્યારે કરણ આઘોપાછો થયા કરતો હતો. 'મમ્મી, હું એમને બોલાવવા જાઉં ?'

'નહીં, તું બેસી જા. સીતારામ બોલાવી આવશે. યાદ રાખજો, નો ક્વેશ્ચન્સ !'

તરવરિયો કરણ માંડ માંડ બેઠો અને પછી તરત જ સ્પ્રિન્ગની માફક ઊછળ્યો. એણે ઈશાનને આવતો જોયો હતો. એક સીધા સાદા સફેદ ધોતિયું અને સફેદ પહેરણ પહેરેલા ઊંચા અને સૂકા માણસને જોઈને એને જરા નિરાશા થઈ. માથા પર ઝીણા વાળ ઊગ્યા હતા, બાકી ચહેરો સફાચટ હતો. ક્યાંય કશું અસામાન્ય નહોતું. એ ઈશાન તરફ ચાલ્યો અને એને માટે ખુરસી ખસેડી બાજુમાં ઊભો રહ્યો.

ઈશાન બેઠો, કંઈ બોલ્યો નહીં. નીચી નજરે થાળી સામે જોઈને એ જમવા લાગ્યો.

રીમા છોકરાંઓ સાથે એમના રોજના જીવનની ઝીણીમોટી વાતો કર્યા કરતી હતી અને છોકરાંઓ ટૂંકા જવાબ આપતાં હતાં. ઈશાન નિર્લેપભાવે જમ્યા કરતો હતો. એણે ખાધું બહુ થોડું, પણ સુઘડતાથી, અને છેલ્લે કરણ તરફ એક હળવું સ્મિત કર્યું. મિહિકાની બહુ ઈચ્છા હતી કે ઈશાન એની સાથે પણ બોલે. એટલે વોશબેઝિન આગળ એ જાણી જોઈને ઊભી રહી અને ઈશાન સામે એણે સ્મિત કર્યું. ઈશાન કંઈ બોલ્યો નહીં. હાથ ધોઈને એ પોતાના ઓરડામાં ચાલ્યો ગયો. ત્રણે જણાં એની સામે જોતાં રહ્યાં.

'ચાલો જાઓ હવે સૌ સૌના રૂમમાં.'

છોકરાઓ ચાલ્યા ગયાં. રીમાને લન્ચ પછી ઘરમાં જરાયે ગમતું નહોતું. છતાં આજે રહેવું પડે એટલે નિસાસો નાખીને એ ડ્રોઈંગરૂમમાં બેઠી. આડા પડવામાં જોખમ હતું. કદાચ ઊંઘ આવી જાય... ઘર રેઢું પડે. ના, ન ચાલે એ. કોઈ હિસાબે ન ચાલે.

સૌજન્ય : ડૉ. શૈશવ હેમંત મોદી, મુંબઈ

ત્યાંજ ફોનની ઘંટડી વાગી. શાલ્મલી હતી. રીમાને એ જરાયે નહોતી ગમતી, પણ શું થાય ? દેરાણી જોડે થોડો સંબંધ તો નભાવવો પડે.

'ભાભી ! શી નવાજૂની ?'

'ખાસ કંઈ નહીં.'

'તમે ઘરમાં જ છો ?'

'આજે તો ઘરમાં જ રહેવું પડે ને ?'

'હા... એમને કંઈ જોઈતું કરતું હોય. અજાણ્યું લાગે ને ? આ લોકો આજે ક્લબમાં મળવાના છે. તમને ખબર છે ને ? પછી અર્ણવ ત્યાં જ આવશે. અર્ણવ ત્યાં જમવાનો હોય તો મને જરા ફોન કરાવજો ને ! નકામી રાહ ન જોઉં. તમને શું લાગે છે ? મારે ત્યાં મળવા આવવું જોઈએ ?'

'હું શું જાણું ? તારી મરજી.'

'તો પછી રહેવા દો. નથી આવતી.'

ફોન મૂકીને એકાદ મેગેઝિનના પાના ઉથલાવ્યાં એટલામાં રીમાની આંખ મળી.

'મમ્મી, મમ્મી ! સાધુ અંકલ બહાર જાય છે.'

'ઓ નો !' કરતી રીમા ઊઠી અને વેગભેર ચાલતી અંદર જવા લાગી. 'ક્યાં જાઓ છો ?' જરા ઉગ્રતાથી રીમાએ પૂછ્યું.

'જરા ફરી આવું'

'ના, ના, આશુતોષ આવે પછી તમારે જે કરવું હોય તે કરજો'

ઈશાન અટકી ગયો. કોઈ કોયડો ઉકેલતો હોય એવી રીતે રીમા સામે જોવા લાગ્યો. એના અબોલ પ્રશ્નથી કંપી જઈને રીમા બોલી, 'કદાચ કંઈ ભૂલાબૂલા પડી જાઓ તો નકામી પંચાત થાય ને !'

'વારુ', કહી ઈશાન પાછો ઓરડીમાં પુરાઈ ગયો.

મિહિકાનું મોઢું પડી ગયું. એણે કરણની સામે જોયું. કરણ પટ દઈને બોલી ઊઠ્યો, 'તે એવું કેમ કર્યું મમ્મી ? તેં એમને જવા કેમ ન દીધા ?'

રીમાએ જાણે પોતાની જાત સાથે વાત કરતી હોય તેમ બોલવા માંડ્યું. 'એક તો અહીંના અજાણ્યા, આટલું મોટું શહેર ! ક્યાંક ખોવાઈ જાય તો આપણે કરવું શું ? તમારા પપ્પા ને અર્ણવકાકા આવીને પૂછે તો મારે જવાબ શો દેવો ? એકવાર એ બધા ભેગા બેસે ને જે નક્કી કરવું હોય તે કરે. પછી આપણે બધાં છૂટ્ટા. ત્યાં લગી માણસની જવાબદારી તો ખરીને ! એટલે તો હું આજે કશે બહાર નથી ગઈ. પણ સમજે તેને ને ? અને તમારે બન્નેને કંઈ વાંચવા કરવાનું નથી ?'

વાંચવા કરવાનું હતું જ નહીં અને હોય તોયે આજે એમાં કંઈ ભલીવાર આવે એવું નહોતું, કારણ કે દર ત્રીજી મિનિટે ઠેકડો મારીને મન પેલી ઓરડીમાં પહોંચી જતું હતું, પણ એ બધું મમ્મીને કહેવાથી કશો ફાયદો નહોતો. બન્ને જણ ત્યાંથી ચાલ્યાં ગયાં.

રીમા પણ નિસાસો નાખીને તૈયાર થવા પોતાના રૂમમાં ગઈ. આશુતોષ જ્યારે ઘરે આવે ત્યારે પોતે સરસ કપડાં અને મેકઅપ સાથે જ એનું સ્વાગત કરે એવી ચીવટ રીમા હંમેશાં રાખતી હતી.

પણ આજે આશુતોષ ઘરે આવ્યો ત્યારે એનું ધ્યાન રીમા તરફ હતું જ નહીં. એ વારેઘડીએ અર્ણવ સામે ટીકીટીકીને જોયા કરતો હતો. એના હસવા પાછળનો અને આનંદ-વિનોદની હળવી મજાની વાતો પાછળનો ઈરાદો એ કળવા માગતો હતો. મૌનના ખડક પાછળ છુપાવા કરતાં વાતોના ફુવારા પાછળ સંતાવાનું કેટલીક વખત વધારે અનુકૂળ પડતું હોય છે. અર્ણવ એ કળામાં પારંગત હતો. આવતાની સાથે રીમા સાથે હસી હસીને વાતો કરી, છોકરાંઓના ખબરઅંતર પૂછ્યા, શાલ્મલીને ફોન કર્યો અને છેક છેલ્લે પૂછ્યું, 'હમણાં જ પતાવી લઈશું કે જમ્યા પછી ?'

આશુતોષે ગંભીરતાથી કહ્યું, 'જોઈએ, જમતી વખતે કંઈ વાત નીકળે તો !'

પરંતુ ઈશાને તો સીતારામને અંદરથી જ કહી દીધું, 'હું બે વખત જમતો નથી.'


ડ્રોઈંગ રૂમમાં બેઠેલાં ત્રણે જણે એકબીજા તરફ અર્થપૂર્ણ દ્રષ્ટિ નાખી. એટલે અંતે આશુતોષે કહ્યું, 'ચાલો, તો પછી હમણાં જ વાત કરી લઈએ.' ◆

**(વધુ આવતા અંકમાં)**

---

**નોંધ :** ધીરુબહેન પટેલની નવલિકા આગન્તુકનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

# શરણથી સિદ્ધિ



■ પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.

જ્યારે કોઈ આત્મા, પરમાત્મા કે ગુરુના ચરણમાં દર્શન કરવા આવે છે ત્યારે તે સૌ પહેલાં તેના બે હાથ જોડે છે. જ્યારે બે હાથ જોડાય છે ત્યારે વ્યક્તિનું મન શાંત થાય છે, તેના વિચારો શાંત થાય છે, તેના ભાવ શાંત થાય છે.

ગૌતમ મહાવીરના ચરણોમાં બે હાથ જોડી, શૂન્ય બની એવી રીતે બેઠા છે જાણે એમને પૃથ્વી પર સ્વર્ગ મળી ગયું..!

એ સમયે.... પરમાત્માના ભવ્ય સમવસરણમાં એક વ્યક્તિ આવે છે; જેમના ચહેરા પર તેજ છે, માથા પર મુગટ છે, રાજાશાહી વસ્ત્રો છે. આવીને સૌ પહેલાં એ પોતાના મુખ પર રૂમાલ બાંધે છે. એને ખબર છે પરમાત્મા સાથે વાત કરવી હોય તો ખુલ્લા મોઢે ન કરાય. જ્યારે પરમાત્મા કે ગુરુ પાસે જાવ ત્યારે એક વાત યાદ રાખવા જેવી છે. આ સંપૂર્ણ શરીર અશુચિમય રહેલું છે અને અશુચિને બહાર નીકળવાનાં જેટલાં સ્થાન છે એમાં એક સ્થાન મુખ છે. મારા મુખમાંથી નીકળતી દુર્ગંધથી મારા ગુરુ કે પરમાત્માની અશાતના ન થઈ જાય તે માટે મારે ક્યારેય તેમની સમક્ષ ખુલ્લા મોઢે ન બોલાય. એટલે ધર્મક્ષેત્રમાં આવતી વખતે મોઢા પર મુહપત્તી બાંધવી જોઈએ અથવા રૂમાલ રાખવો જોઈએ.

'મારામાં રહેલા કનિષ્ટમાં કનિષ્ટ પુદ્ગલો ક્યાંક મારા પરમાત્માને... ક્યાંક મારા ગુરુને... સ્પર્શી ન જાય અને મારાથી કોઈ અશાતના ન થઈ જાય', આવી સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાવના અને દૃષ્ટિ જ્યાં સુધી અંદરમાંથી પ્રગટ ન થાય ત્યાં સુધી ઉત્કૃષ્ટ કક્ષાનો વિનય પ્રગટ થતો નથી અને જ્યાં સુધી વિનય પ્રગટ થતો નથી ત્યાં સુધી ધર્મક્ષેત્રમાં આવવા છતાં પણ કાંઈ પામી શકાતું નથી.

પરમાત્મા મહાવીરના સમવસરણમાં અચાનક જ આવી ગયેલ તે વ્યક્તિ 'સૂર્યાભ દેવ' હતાં. એ સૂર્યાભ દેવ પરમાત્માની સમક્ષ ભાવપૂર્વક, વિનયપૂર્વક વંદના કરી પોતાના બન્ને હાથ જરાક હલાવે છે અને બન્ને હાથમાંથી કેટલાય દેવો અને દેવીઓ પ્રગટ થવા લાગે છે... કેમકે સૂર્યાભ દેવની પાસે અઢળક દૈવી લબ્ધિઓ, સમૃદ્ધિઓ હતી. એમના હાથના વાઈબ્રેશન્સમાં એવા પ્રકારની શક્તિ હતી કે એ જે ધારે તે થઈ શકે. પ્રગટ

સૌજન્ય : એક મુમુક્ષુ બહેન, મુંબઈ

થયેલાં એ દેવ-દેવીઓ પરમાત્મા સમક્ષ વિવિધ પ્રકારના નૃત્ય અને નાટિકાઓ કરે છે.

સૂર્યાભ દેવ પોતાની ભક્તિને, પોતાના ભાવોને વ્યક્ત કરવા અને એના કરતાં પણ વધારે પોતાની પાસે જે કાંઈ લબ્ધિ અને સમૃદ્ધિ છે તે પરમાત્માની કૃપાના કારણે જ છે તે પ્રકારનો ઉપકારભાવ વ્યક્ત કરવા માટે આ પ્રકારની અભિવ્યક્તિ કરે છે.

શિષ્ય એને જ કહેવાય, જે પોતાની દરેક સારપનું શ્રેય ગુરુ કે પરમાત્માને આપે અને દરેક ખરાબીને પોતાનાં કર્મોનું કારણ માને. શિષ્ય એને જ કહેવાય, જે પોતાના ગુરુ કે પરમાત્માનું નામ આખા જગતમાં ફેલાવે.

અત્યંત દુર્લભ એવું જિન શાસન, પરમાત્માની ઓળખ અને ગુરુ મળ્યા પછી... જેટલો બને એટલો એમનો સારો પ્રચાર કરવો જોઈએ અને ન કરી શકાય તો મૌન રહેવું જોઈએ, પણ ક્યારેય ખરાબ કે અવળું તો ન જ બોલાય. થાય તો કોઈના ગુણગાન ગાવ... થાય તો કોઈની સારી વાત કરો... કહેવું જ હોય તો કઈનું સારું કહો... પણ ખરાબ તો ક્યારેય ન બોલો.

આપણા જબરદસ્ત પુણ્ય હોય તો આપણને અનંત કાળે એકવાર દેવ-ગુરુ-ધર્મ મળે. ઓગણોસિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ કર્મો ખપે ત્યારે ધર્મ સાંભળવાનું મન થાય... એમાંથી નવ્વાણું હજાર ખપે ત્યારે અંદરમાંથી ગુરુ કે પરમાત્મા પ્રત્યે ભાવ અને ભક્તિ કરવાનું મન થાય, પરમાત્મા કે ગુરુ પ્રત્યે શ્રદ્ધા પ્રગટ થાય.

સૂર્યાભ દેવ વિવિધ પ્રકારનાં નૃત્ય અને નાટકો બતાવી રહ્યા છે અને હજારો લોકો આ બધું જોઈ રહ્યા છે... ત્યારે સૌ પહેલાં ગૌતમના મનમાં પ્રશ્ન થાય છે.

જ્યારે કોઈ સંત-સતીજી પાસે, જ્ઞાની સત્પુરુષ પાસે જાવ ત્યારે સંસારની વાતો ન કરાય, પણ જ્ઞાનના પ્રશ્નો પૂછાય...! કંઈક પામવાના લક્ષ સાથે જ તેમની પાસે જવું જોઈએ, કેમકે સંતો પાસે બેસવા મળતી એક ક્ષણ પણ આપણા પરમ પુણ્યના ઉદયે મળે છે... તેને સાવ સામાન્ય અને સંસારના પ્રશ્નો પૂછી વેડફી ન દેવાય.

એટલે સૂર્યાભ દેવ દ્વારા થયેલાં પ્રદર્શનને જોઈ ગૌતમ તરત જ ઊભા થઈ, વંદના કરી ભગવાનને પૂછે છે, હે ભંતે ! આ દેવ જે આપને વંદન કરવા આવ્યા છે એ કોણ છે ? એ દેવ કેવી રીતે બન્યા ? એની આ રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ, લબ્ધિ અને શક્તિ શા માટે છે ? એમણે એ કેવી રીતે પ્રાપ્ત કરી છે ? એવું શું છે એમની પાસે જેના કારણે એમનામાં આટલો વિનય, આટલી નમ્રતા અને આટલો અહોભાવ છે ?

ગૌતમ જો આંખ બંધ કરે તો એક જ ક્ષણમાં એના બધા જ પ્રશ્નોના જવાબ મળી જાય. એટલું જ્ઞાન હોવા છતાં ગૌતમ બધા જ પ્રશ્નો ભગવાનને પૂછે છે.

સાંનિધ્ય એને જ કહેવાય, જેમાં શૂન્ય થવાનું હોય. જે પોતાની આવડતને, પોતાની બુદ્ધિને શૂન્ય કરે છે તેને જ 'પરમજ્ઞાન' પ્રાપ્ત થાય છે. જે પોતાની બુદ્ધિ, પોતાની આવડત, પોતે કંઈક છે, પોતાને પણ કંઈક આવડે છે, કંઈક સમજ છે, એવી વૃત્તિને જે બહાર લાવે છે તે ક્યારેય કાંઈ પામી શકતા જ નથી.

ભગવાન કહે છે, સંત કે સત્ગુરુના સાંનિધ્યને જો માણવું હોય તો પહેલાં તું તારા મગજને શૂન્ય કરી દે અને પછી તું તારા હૃદયને સોંપી દે.

માટે જ ગૌતમ જેમ એક નાનકડો, અબૂધ અને નિખાલસ બાળક એની 'મા'ને પ્રશ્ન પૂછે તેમ પરમાત્મા મહાવીરને પ્રશ્ન પૂછે છે અને જેમ એક 'મા' ખૂબ જ પ્રેમથી... વહાલથી જવાબ આપે, તેમ પરમાત્મા જવાબ આપે છે અને કહે છે, 'ગોયમા! આજે આ સૂર્યાભ દેવ છે, પણ ગઈકાલ સુધી તે પરદેશી રાજા હતો. હજુ ગઈકાલે જ એની પત્નીએ એને ઝેર આપ્યું હતું અને એ મૃત્યુ પામીને દેવલોકમાં પહોંચ્યો છે અને દેવલોકમાંથી સીધા જ એ દર્શન અને વંદન કરવા અહીં આવ્યો છે.'

અને ભગવાનના મુખકમળમાંથી પરદેશી રાજાની વાત નીકળે છે...

આ પરદેશી રાજા એક એવો રાજા હતો, જેના હાથ હંમેશા લોહીથી ખરડાયેલા જ રહેતા. આ રાજાના

નગરમાં ચિત્ત નામનો સારથિ હતો. એકવાર એ નગરની બહાર પોતાના કામ માટે જાય છે ત્યારે પાછા ફરતાં ઉદ્યાનમાં એક મૂંડિત મુનિની પ્રવચન સભામાં, પહોંચી જાય છે... જેમ જેમ પ્રવચન સાંભળે છે, તેમ તેમ એના હૃદયમાં અત્યંત અહોભાવ પ્રગટ થવા લાગે છે... અરે! આ તો અદ્‌ભુત છે... આવું તો મેં ક્યારેય સાંભળ્યું નથી. આવા મુનિને મેં ક્યારેય જોયા નથી. આવા પ્રકારની જ્ઞાનની ધારાઓને મેં ક્યારેય શ્રવણ કરી નથી. એમનો અવાજ... એ રણકાર મારા આત્માને વાઈબ્રેટ કરી રહ્યો છે. એમની આકૃતિ મને એટ્રેક્ટ કરી રહી છે. એમના એક એક શબ્દ મારા હૃદયમાં હલચલ મચાવી રહ્યા છે.

પ્રવચન સભા પૂરી થતાં જ ચિત્ત એ મુનિનાં ચરણોમાં પોતાનું મસ્તક મૂકી દે છે અને પોતાની ઓળખાણ આપતાં કહે છે, હું શ્વેતાંબિકા નગરીના રાજા પરદેશીનો સારથિ છું. મેં આજે પ્રથમ વખત જ આપનું પ્રવચન સાંભળ્યું છે; આપની વાણી સાંભળીને મને મારા આત્માની અનુભૂતિ થવા લાગી છે, મને મારા આત્મા પ્રત્યે અંદરથી કંઈક કરવાની ઝંખના થવા લાગી છે. આજ મારો અંતર આત્મા જાગૃત થઈ ગયો છે. હે ભગવંત! આપ મારી નગરીમાં પધારશો? હે ભંતે! આપ મારી નગરીમાં પધારશો તો મારી આખી નગરી પાવન થઈ જશે. આપની જ્ઞાનવાણીનું શ્રવણ કરી મારી આખી નગરી પોઝિટિવ થઈ જશે. બધાની ધર્મભાવના ખીલી જશે.

'પામ્યું એને જ કહેવાય, જેમાં બીજા સુધી પહોંચાડવાનો ભાવ થાય અને મેળવ્યું એને કહેવાય જે સાચવીને મૂકી દેવાનું મન થાય.'

ચિત્ત વારંવાર વિનંતી કરે છે, હે ભંતે! આપ પધારશો તો મારી નગરી ધન્ય બની જશે. આપના પાવન પગલા માત્રથી મારી નગરીનું વાતાવરણ બદલાઈ જશે.

ત્યારે કેશી સ્વામી માર્મિક ભાષામાં કહે છે, 'હું તારી નગરીમાં આવું તો ખરો, તારી નગરી ફળ-ફૂલોથી ભરેલા સુંદર બગીચા જેવી છે, પણ એ બગીચામાં તીર-કામઠું લઈને એક પારધી બેઠો હોય તો ક્યા પંખીને ત્યાં આવવાનું મન થાય? તારી નગરીમાં પારધી જેવો પરદેશી રહે છે, જેને ધર્મ જરા પણ ગમતો નથી અને અધર્મ એનામાં ભારોભાર પડેલો છે.'

ધોયેલાં કપડાં પર બધા ઈસ્ત્રી કરી શકે, પણ કધોણિયા કપડાંને ધોવે તે 'ગુરુ' કહેવાય.

કેશી સ્વામી નામના ગુરુ પરદેશી રાજા જેવા કધોણિયા વસ્ત્રોને..., જ્ઞાનના..., સમજના જળથી ધૂવે છે... એના મનમાં રહેલી શંકાઓનું સમાધાન કરે છે... એના મનને શાંત કરે છે... અને એને એવું ચમકતું બનાવે છે કે સીધા દેવલોકમાં પહોંચી જાય છે... અને આજે સમવસરણમાં લબ્ધિના સ્વામી બનીને પરમાત્માના વંદન કરવા પધાર્યા છે.

કેશી સ્વામી પાસે એક જ વાર આવે છે; એક જ વારના બોધ પામી, આત્મસાત્ કરે છે. ગુરુના સતત સ્મરણ દ્વારા ગુરુ સાંનિધ્યની પ્રતીતિ કરે છે... મન શાંત થાય છે, શંકાનું સમાધાન કરવા અનેકની હત્યા કરનારો, ગુરુ મળતાં જ 'રમણીક' બની જાય છે... શંકાનું સમાધાન મળતાં ગુરુ શરણમાં શૂન્ય બની જાય છે. માટે જ જ્યારે પોતાની સ્વયંની રાણી ભોજનમાં ઝેર આપે છે ત્યારે તેના પ્રત્યે ન ક્રોધ કરે છે, ન દ્વેષ. માત્ર ગુરુના સ્મરણ સાથે, ગુરુએ આપેલા 'શાંત' રહેવાના બોધ સાથે 'શાંત' જ રહે છે... સમતાભાવમાં રહી કર્મોની નિર્જરા કરી દેવલોકના દેવ તરીકે જન્મ ધારણ કરી અનેક રિદ્ધિ, સિદ્ધિ અને લબ્ધિના સ્વામી બને છે! ◆

---

**નોંધ :** પૂ. નમ્રમુનિ મ.સા.ના વિવેચનનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

**સૌજન્ય : પ્રીતી દેવાંગ ઝવેરી, મુંબઈ**

# સાયંકાળની સ્તુતિ (સાયંકાલીન દેવવંદન)

**આનંદમાનન્દકરં પ્રસન્નં,**
**જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્;**
**યોગીન્દ્રમીડ્યં ભવરોગ વૈદ્યં,**
**શ્રીમદ્ ગુરું નિત્યમહં નમામિ.**

- **આનંદમાનન્દકરં** - જે આનંદ સ્વરૂપ છે.
- **પ્રસન્નં** - રાગ દ્વેષથી રહિત હોવાને કારણે પ્રસન્ન છે.
- **જ્ઞાનસ્વરૂપં** - જ્ઞાનની મુર્તિ.
- **નિજબોધરૂપમ્** - સ્વાનુભવ સ્વરૂપ
- **યોગીન્દ્રમીડ્યં** - મહાન યોગીયો દ્વારા જે પ્રસંશા કરવા યોગ્ય છે.
- **ભવરોગ વૈદ્યં** - એવા વૈદ્ય જે ભવરોગનો નાશ કરનારા છે.
- **શ્રીમદ્ ગુરુ નિત્યમહં નમામિ** - એવા શ્રીમદ સદગુરુ ને હું નિત્ય નમસ્કાર કરું છું.

જે આનંદસ્વરૂપ અને આનંદ પ્રદાન કરનારા છે,

રાગ-દ્વેષથી રહિત હોવાના કારણે પ્રસન્ન છે, જ્ઞાનની મૂર્તિ છે, આત્મજ્ઞાન સ્વરૂપ છે, મહા યોગીઓ દ્વારા પ્રસંશા કરવા યોગ્ય છે, સંસાર રૂપી રોગનો નાશ કરવા વાળા વૈદ્ય છે, એવા શ્રીમદ્ સદ્ગુરુને હું નિત્ય નમસ્કાર કરું છું.

**શ્રીમદ્ પરબ્રહ્મગુરું વદામિ,**
**શ્રીમદ્ પરબ્રહ્મગુરું નમામિ;**
**શ્રીમદ્ પરબ્રહ્મગુરું ભજામી,**
**શ્રીમદ્ પરબ્રહ્મગુરું સ્મરામિ.**

- **શ્રીમદ્ પરબ્રહ્મગુરું વદામિ** - શ્રી સદ્ગુરુ પરમાત્માને હું વંદન કરું છું.
- **નમામિ** - નમન કરું છું / નમસ્કાર કરું છું.
- **ભજામી** - ભક્તિ કરું છું.
- **સ્મરામિ** - સ્મરણ કરું છું.

પરમ પ્રગટ આત્મઐશ્વર્યયુક્ત શુદ્ધ આત્મસ્વરૂપ પરમાત્મા એ સદ્ગુરુ જ છે. એ સદ્ગુરુને હું વંદન કરું છું, એજ પરમગુરુને નમસ્કાર કરું છું. તેમના પરમાર્થિક સ્વરૂપને પ્રતિક્ષણે ભજું છું, તેમનું જ અખંડપણે સ્મરણ કરું છું, અર્થાત મન, વચન, કાયા અને આત્માથી તેમાં જ તલ્લીન થાઉં છું.

## ગુરુબ્રહ્મા ગુરુવિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ
## ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ

- **ગુરુબ્રહમા** - ગુરુ બ્રહ્મા સ્વરૂપ છે.
- **ગુરુવિષ્ણુ** - ગુરુ વિષ્ણુ સ્વરૂપ છે.
- **ગુરુર્દેવો મહેશ્વર** - ગુરુ મહેશ્વર સ્વરૂપ છે.
- **ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ** - ગુરુ સાક્ષાત પરમાત્મા જ છે.
- **તસ્મૈ શ્રી ગુરુવે નમઃ** - એવા ગુરુને હું નમન કરું છું.

ગુરુ બ્રહ્મા જેવા ઉત્પાદ સ્વરૂપ છે, જે આપણા વીર્યને સ્ફુરાયમાન કરે છે, વિષ્ણું જેવા ધ્રુવ સ્વરૂપ છે એટલે આપણને આત્મસ્વભાવમાં સ્થિર કરે છે અને મહેશ્વર જેવા વ્યય સ્વરૂપ છે જે આપણાં અનાદિકાળના મિથ્યાત્વનો નાશ કરે છે. ગુરુ સાક્ષાત પરમાત્મા જ છે એટલે એવા સદ્‌ગુરુને હું નમન કરું છું.

## ધ્યાનમૂલં ગુરુમૂર્તિઃ પૂજામૂલં ગુરુપદમ્;
## મંત્રમૂલં ગુરુવાક્યં, મોક્ષમૂલં ગુરુકૃપા.

- **ધ્યાનમૂલં ગુરુમૂર્તિ** - ગુરુની મૂર્તિ ધ્યાનનું કારણ થાય છે.
- **પૂજામૂલં ગુરુપદમ્** - ગુરુનું આચરણ પૂજવા યોગ્ય છે.
- **મંત્રમૂલં ગુરુવાક્યં** - ગુરુના એક એક શબ્દ મંત્ર સમાન છે.
- **મોક્ષમૂલં ગુરુકૃપા** - ગુરુની કૃપા એ મોક્ષનું કારણ થાય છે.

ગુરુની મૂર્તિ જોઈ અથવા એમના દર્શન કરવાથી ધ્યાન લાગી જાય છે. એમના ચરણકમળ અથવા એમનું આચરણ પૂજનીય છે. એમના એક એક શબ્દ મંત્ર સમાન છે. એમની કૃપા મોક્ષનું કારણ છે.

## અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્;
## તત્પદં દર્શિતં યેન, તસ્મૈ શ્રી ગુરુવે નમઃ

- **અખંડમંડલાકારં વ્યાપ્તં** - આખું લોક એ કેવળજ્ઞાનીના જ્ઞાનમાં વ્યાપ્ત છે.
- **યેન ચરાચરમ** - ચર અને અચર એટલે ત્રસ અને સ્થાવર જીવોથી લોક ભરપૂર છે.
- **તત્પદં દર્શિતં યેન** - એવા ભગવાનનું સ્વરૂપ જેણે દર્શાવ્યું, બોધ્યું.
- **તસ્મૈ શ્રી ગુરુવે નમઃ** - એવા શ્રી સદ્‌ગુરુને નમસ્કાર હો.

ચર અને અચર એટલે ત્રસ અને સ્થાવર જીવોથી ભરપૂર એવો લોક તે કેવળજ્ઞાની ભગવાનના જ્ઞાનમાં વ્યાપ્ત છે. એવા ભગવાનનું સ્વરૂપ જેણે દર્શાવ્યું, બોધ્યું, તેવા શ્રી સદ્‌ગુરુને નમસ્કાર હો. ◆

સૌજન્ય : નલીનીબેન નાગીનદાસ મડીયા, જમશેદપુર

# Stress Being here, but wanting to be there...

Utsavi Chheda

Stress...!We've all felt it. For many people, stress is so commonplace that it has become a way of life. Stress isn't always bad, though. Stress within your comfort zone can help you perform under pressure, motivate you to do your best, even keep you safe when danger looms. But when stress becomes overwhelming, it can damage your health, mood, relationships, and quality of life.




Understanding the mechanics of stress gives you the advantage of being more aware of and sensitive to your own level of stress and knowing when and how to take proactive steps. This increased awareness also helps you to better care for your family, friends and colleagues. Here are a few stress facts that many people are unaware of:

**FACT - 1: *Your body doesn't care if it's a big stress or a little one.***

The human body doesn't discriminate between a BIG stress or a little one. Regardless of the significance, stress affects the body in predictable ways. A typical stress reaction, which most of us experience dozens of times each day, begins with a cascade of 1,400 biochemical events in your body. If these reactions are left unchecked we age prematurely, our cognitive function is impaired, our energy is drained, and we are robbed of our effectiveness and clarity.

**FACT - 2: *Stress can make smart people do stupid things.***

Stress causes what brain researchers call "cortical inhibition." The phenomenon of cortical inhibition helps to explain why smart people do dumb things. Simply said, stress inhibits a small part of your brain and you can't function at your best. When

we are in coherence – a state where we are cognitively sharp, emotionally calm, and we feel and think with enhanced clarity – the brain, heart and nervous system are working in harmony. This state of coherence facilitates our cognitive functioning – we are actually operating at peak performance mentally, emotionally and physically.

### FACT - 3: *People can become numb to their stress.*

We can be physiologically experiencing stress yet mentally numb to it because we've become so accustomed to it. Some have become so adapted to the daily pressures, irritations and annoyances of life that it starts to seem normal. Yet the small stresses accumulate quickly and we may not realize how much they're impairing our mental and emotional clarity and our overall health until it shows up as a bad decision, an overreaction or an unwanted diagnosis at the doctor's office.

### FACT - 4: *We can control how we respond to stress.*

We don't need to be victims to our own emotions, thoughts and attitudes. We can control how we respond to stress and we can become more sensitive to stressful situations and how




they are affecting us before it manifests as a physical, mental or emotional complaint. There are simple, scientifically validated solutions to stress that empower people to rewire their own stress response.

### FACT-5: *The best strategy is to handle stress in the moment.*

The best way to manage stress is to deal with it the very moment you feel it come up. Millions of people unsuccessfully use the binge-and-purge approach when it comes to stress. They stress out all day, believing that they can wait until later to recover when they go to an evening yoga class, go to the gym or chill out when they take the weekend off. Unfortunately, when we put off going for our own inner balance our bodies have already activated the stress response and it's our health that suffers.

If you're not sure if stress is the cause or if you've taken steps to control your stress but your symptoms continue, see your doctor. Your doctor may want to check for other potential causes. Or, consider seeing a professional counselor or therapist, who can help you identify sources of your stress and learn new coping tools.

Also, if you have chest pain, especially if it occurs during physical activity or is accompanied by shortness of breath, sweating, dizziness, nausea, or pain radiating into your shoulder and arm, get emergency help immediately. These may be warning signs of a heart attack and not simply stress symptoms. ◆

Best wishes : Ridhhi Rashmin Bhayani, Jamshedpur

■ Neepa Parekh




Kidzone is an exclusive space in our magazine Ananya Parivartan, especially for the little ones to get entertained & learn the basics in a fun way.


Here the kids can rack their brains with the puzzles & brain teasers & also unwind by indulging in some creative art & craft activities that we have for them.

We even have a story section for the kids to brush up on their reading skills and at the same time imbibe qualities & virtues to better one's self.

Kidzone encourages fun learning...

So to all the kids out there Enjoy... ◆



# A Glass of Milk

■ Contributed by a Reader

One day, a poor boy who was selling goods from door to door to pay his way through school, found he had only one thin dime left and he was hungry.

He decided he would ask for a meal at the next house. However, he lost his nerve when a lovely young woman opened the door. Instead of a meal he asked for a drink of water.

She thought he looked hungry so brought him a large glass of milk He drank it slowly and then asked, "How much do I owe you?" "You don't owe me anything," she replied "Mother has taught us never to accept payment for a kindness."

He said... "Then I thank you from my heart."

As Howard Kelly left that house, he not only felt; stronger physically, but his faith in God and man was strong also. He had been ready to give up and quit.

Years later that young woman became critically ill. The local doctors were baffled. They finally sent her to the big city, where they called in specialists to study her rare disease. Dr. Howard Kelly was called in for the consultation.

When he heard the name of the town she came from, a strange light filled his eyes. Immediately he rose and went down the hall of the hospital to her room. Dressed in his doctor's gown he went in to see her.

He recognized her at once. He went back to the consultation room determined to do his best to save her life. From that day he gave special attention to the case. After a long struggle, the battle was won. Dr. Kelly requested the business office to pass the final bill to him for approval.

He looked at it, then wrote something on the edge and the bill was sent to her room. She feared to open it, for she was sure it would take the rest of her life to pay for it all. Finally, she looked, and something caught her attention on the side as she read these words...... " Paid in full with one glass of milk." (Signed) Dr. Howard Kelly.

Tears of joy flooded her eyes as her happy heart prayed: "Thank You, GOD, that Your love has spread abroad through human hearts and hands." ◆



Best wishes : Aashumi Maulik Shah, Mumbai

# Lack of Patience

Contributed by a Reader

A very loving couple was married for over 10 years without any child and it was becoming their 11th year. Dave and Sarah stayed with each other and greatly hoped that they will have a child before their 11th year of marriage runs out because they were under persuasion from friends and family members to get a divorce but they couldn't let go because of the strong bond of love between them. Months passed and one day, while Dave was returning from work, he saw his wife walking down the road with a man.

The man had his arms around her neck and they looked very happy. For over a week, he saw the same man with his wife at various places and one evening, while Dave was returning from work, he saw the man drop her off at the house after giving her a kiss on the cheek. Dave was angry and sad.

Two days later, after a hectic day at work, Dave was taking water with a glass jug from the dispenser when the phone rang. He picked it up and the person said, "Hello dear, I'll be coming to your house this evening to see you as promised. I hope.....".

Dave hung up the phone. It was a male voice and he was sure the person was the man he had always seen her with. He suddenly became shaky with the thought that he has lost his wife to another man. The glass jug fell from his hand and shattered into pieces.

His wife came running into the room asking , "Is everything



okay?". In anger he gave his wife a push and she fell. She wasn't moving or getting up. Dave then realized that she fell where he broke the glass jug.

A large piece of glass had pierced her. He felt her breath, pulse and heartbeat but there she lay lifeless. His wife was dead! In total confusion, he saw an envelope in her hand.

He took it, opened it and was shocked by its content. It was a letter. It read:

"My loving husband, words cannot express how I feel so, I had to write it down. I have been going to see a doctor for over a week and I wanted to be sure before I give you the news.

The doctor confirmed it that I am pregnant with twins and our babies are due 2 months from now. The same doctor is my long lost brother whom I lost contact with after our marriage. He has promised to take care of me and our babies and give us the best without collecting a dime.

He also promised to have dinner with us today. I am putting this on your favorite chair in the sitting room for you to remember the day you proposed to me and I had to write to you saying, "Yes" because I was so happy. Thanks for staying by my side".....Your loving wife .

The letter fell from his hand. There was a knock at the door and the same man he had seen with his wife came in and said, "Hello Dave, I suppose I'm right. Its Max the brother of your wife and......". Suddenly, Max noticed his sister lying in a pool of her blood.

He rushed her to the hospital and she was confirmed dead. ◆

**QUICK RECIPES that save your time, use this precious time to connect to the Divine.**



## VEGETABLE HANDVO

2 Cups rice, 1 Cup Toovar Dal, 1 Cup mixed Chana Dal, Moong Dal & Udad Dal in equal proportion, 2 Cups Sour Curd, Dudhi Grated, Boiled Green Peas, Green Chili Paste, Turmeric Powder, Eno (Fruit Salt), Oil, Rye (Mustard Seeds), White Til (Sesume Seeds), Salt to taste.

**METHOD:** Soak the rice and dals separately overnight. The next day blend rice & dals with curd and mix them. Add green chilli paste, salt & turmeric powder. Let it ferment for 6 hrs. Then add dudhi & green peas. Add eno and pour hot oil on top & stir thoroughly. In a non stick pan put oil, add rye and til: add a pinch of hing (asfoetida) and then spread half the batter. Cover & cook till both sides are crispy. Serve hot with green chutney. Continue same with the remaining batter.



## TOMATO FIZZ

2 medium Tomatoes, Small Piece of Ginger, Juice of ½ Lemon, 1 tsp sugar, Lemonade, Grated apple and mint leaves for decoration

**METHOD** : Chop the tomatoes. Add ginger, sugar, lemon juice and blend in a food processor. Then strain the juice. Fill ¼ glass with tomato juice and remaining ¾ with lemonade on top. Garnish with grated apple and mint leaves. Serve chilled.

Best wishes : Bhupendra Natwarlal Shah, Mumbai

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ■ | ૪ | ■ |
| | ■ | | ■ | ■ | | ■ | ■ | | ■ |
| | ■ | ■ | ૫ | ■ | | ■ | ૬ | | |
| | ■ | ■ | | ■ | | ■ | ■ | ■ | ■ |
| ■ | ૭ | | | ■ | ■ | ૮ | | | |
| ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ | ■ |
| ૯ | | | | | | ■ | ૧૦ | ■ | ■ |
| ■ | ■ | ■ | ■ | ■ | ■ | ૧૧ | | | |
| ૧૨ | | ૧૩ | | ૧૪ | | ■ | | ■ | ■ |
| | ■ | | ■ | | ■ | ■ | | ■ | ■ |

**આડી ચાવીઓ :**

૧) જે ધર્મ કરવાથી કર્મની નિર્જરા થાય તે..... છે. (૪)
૬) જ્ઞાનીનું..... અને નિશ્ચય કર્તવ્ય છે. (૩)
૭) ..... વિના ઉપદેશ પરિણામ પામતો નથી. (૩)
૮) જેને સત્ પ્રાપ્ત છે તે ..... છે (૪)
૯) શ્રી જિન .....ની સ્વસ્થતાને સમાધિ કહે છે (૬)
૧૧) પુદ્‌ગલનાં નાનામાં નાના ભાગને..... કહે છે (૪)
૧૨) ..... સંસારમાં રહેવા છતાં અસંગ રહી શક્યા એ જો કે મોટું આશ્ચર્ય છે. (૬)

**ઊભી ચાવીઓ :**

૧) આત્માને સત્ય રંગ ચઢાવે તે..... છે.
૨) પદાર્થ પોતાનાં સ્વભાવમાં રહે એ એનો ..... છે. (૨)
૩) સકામ ...... થી જ્ઞાન થાય નહીં નિષ્કામ ..... થવી જોઈએ. (૨)
૩) સત્ પુરુષોએ ..... સર્વોત્તમ પ્રકાશ્યો છે (૪)
૪) ..... વિના જ્ઞાન નહીં. (૩)
૫) સદ્‌ગુરુના ઉપદેશ વિના અને જીવની સત્..... વિના એમ થવું અટક્યું છે. (૩)
૧૦) જીવને ..... પામવામાં અપાર અંતરાય છે. (૪)
૧૨) ચેતન અને ..... બન્ને સ્પષ્ટ દ્રવ્ય છે (૨)
૧૩) ..... ખરેખર છે અને તે જડ છે. (૨)
૧૪) અહો ! આ ..... ની રચના (૨)

## Compiled by Forum Shiyad




- PM Modi expand his Cabinet 19 new faces, including several dalit and OBC leaders as well as from poll-bound states like UP.
- PM Modi to Meet Council of Ministers and Reshuffle Cabinet
- PM Modi in an Eye-to-Eye Talk with Chinese President to begin a coordinated effort for India's entry into the Nuclear Suppliers Group (NSG)
- PM Modi Chaired CCS clears $1 Billion to buy 4 Poseidons from USA
- PM Narendra Modi slams Subramaniam Swamy for the attacks on RBI Governor Raghuram Rajan

### ECONOMIC



- Raghuram Rajan resigns from continuing his 2nd term as RBI Governor
- India to seek $3 Billion Infra Funds from Asian Infrastructure Investment Bank
- Reliance Retail Launches LYF Flame 6 Smartphone at Rs. 3,999
- SK Roy resigns as LIC chairman two years before completing his term
- SoftBank President Nikesh Arora leaves Company abrubtly
- Will bring back black money in 100 days: BJP chief Rajnath Singh



- Indian money in Swiss banks dips by 33% to record low of Rs. 8,392 crores

### SCIENCE

- India achieves New height with ISRO's (Indian Space Research Organisation) 20 Satellite Launch in 26 Minutes
- ISRO to launch 727.5 kg Cartosat-2 series satellite with 19 Co-Passengers on June 22



- Huge Spacecraft to orbit Jupiter on July 4

### TRAGEDIES

- Mount Everest: Six dead in this year's climbing season
- 30 dead, many missing after cloudburst triggers landslide in Uttarakhand

### POLITICAL

- NIA arrests five terrorists in Hyderabad, says Islamic State attacks were imminent

### SPORT

- Indian men's hockey team loses in the Finals of 36th Hero Champions Trophy against the World Champions Australia with Penalty Shoot-out



- Anil Kumble elected as the Coach of Indian Cricket team for a term of 1 year
- Leander Paes completes Career Slam in Mixed Doubles by winning French Open
- Lionel Messi retires from International Football

### INTERNATIONAL

- Turkish Officials say Istanbul Attack was probably done by ISIS (Islamic State in Iraq & Syria) Leadership
- Southern California Wildfire kills 2, scorches more than 30,000 acres
- 98 dead in tornado in China
- Microsoft to acquire LinkedIn for $26bn
- Brexit: Britain votes to leave the European Union
- China says it will support Pakistan's case on NSG entry
- Gudni Johannesson wins Presidential Election in Iceland

Best wishes : Alka Anil Shiyad, Mumbai

# FORTHCOMING EVENTS

| | | |
|---|---|---|
| 17 July 2016 | Guru Purnima Celebration | Mumbai |
| 17 - 19 July 2016 | Divya Vichar Pushp | SRATRC |
| 22 - 24 July 2016 | Parmarth Ma Red, Yellow, Green Signals | SRATRC |
| 29 - 31 July 2016 | Hindi Shibir | SRATRC |
| 07 Aug 2016 | Param Gyaan Sabha | Mumbai |
| 12 - 16 Aug 2016 | Haribhai Shibir | SRATRC |
| 29 Aug - 05 Sept 2016 | Paryushan Mahaparva 2016 | Mumbai |
| 29 Aug - 05 Sept 2016 | Paryushan Mahaparva 2016 | SRATRC |

Om Shree Prem Acharayaji's Satsang DAILY relay on **ARIHANT CHANNEL** at 9 am/11 pm
Om Shree Prem Acharayaji's Satsang is available live on
**www.vitraagvigyaan.org**

**PUBLISHED BY:** Printed and Published by Himanshu Gandhi on behalf of Spiritual Impressions Private Limited and Printed at M/s. Hemprints at Chowgule House, Amrut Nagar, Off. M.V. Road, Chakala Naka, Andheri (East), Mumbai 400093 and Published from 703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020.

**EDITOR** : Dr. Meena Goshar.

**DESIGN** : Hari Creation - 9561437108

**CORRESPONDENCE ADDRESS**

**Spiritual Impressions Private Limited**
703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020
Tel: +91 22 22060477 Email: info@simpl.in

# From Us... to You

**ANANYA PARIVARTAN** is the Bi-monthly spiritual magazine and an initiative of the **SHRIMAD RAJCHANDRA AATMA TATVA RESEARCH CENTRE**, located at Parli, Khopoli-Pali Road, Tal: Sudhagad, Dist: Raigad, Maharashtra.

**ANANYA PARIVARTAN** means an unprecedented change – a change which has never before come about in our lives since ages, a change which leads to improved life, relationships, positive creative thinking, self confidence, reduction of negativities like anger, malice etc. and a change ultimately leading to permanent bliss. It attempts to introduce you to your own true self.

**ANANYA PARIVARTAN** contains ample material for spiritual deep thinking such as discourses by an Enlightened Master, real life changing experiences of aspirants, motivational stories, health and fitness articles, funny anecdotes, puzzles and much more in 3 languages, Gujarati, Hindi and English.

Embark on a great adventure by subscribing for 1 year (Rs.400/-), 2 years (Rs. 750/-) or 3 years (Rs.1000/-).

Gift a Subscription to your near and dear ones, relatives, friends, colleagues ...... and earn punya.

For Inquiries, contact – info@simpl.in or 22060477 or visit www.vitraagvigyaan.org

## For Subscription and Other Details Contact

| | | | |
|---|---|---|---|
| Ahmedabad | Priti Shah | 09898701070 | pritishah927@gmail.com |
| Anand | Amitbhai Shah | 09824081071 | pinami@yahoo.com |
| Bengaluru | Kiranben Sanghrajka | 09448906066 | kirankjs@yahoo.com |
| Chennai | Paresh Sanghvi | 09840202363 | pareshsanghvi@rediffmail.com |
| Delhi | Keatanbhai Shah | 09958916680 | keatan.shah@gmail.com |
| Dhule | Dhirajlal P. Shah | 09423324822 | dpshah37@hotmail.com |
| Gadag | Virendrabhai Lodaya | 09448165256 | pushpacotton@gmail.com |
| Hubli | Anilji Ostwal | 09448453747 | anilostwal@yahoo.co.in |
| Hyderabad | Paras Vora | 09505278201 | parasvora9@hotmail.com |
| Jabalpur | Kirtibhai Savla | 09300103641 | kirti_savla@yahoo.com |
| Jamshedpur | Meena Bhayani | 09430315223 | bhayanimeena10@gmail.com |
| Kolkata | Manojbhai Desai | 09831270630 | manojdesai02111962@gmail.com |
| Mumbai | SIMPL Office | 022 22060477 | info@simpl.in |
| Pune | Rupesh Gopani | 07875786100 | rgopani@gmail.com |
| Rajkot | Yogenbhai Doshi | 09824429750 | yogen72@gmail.com |
| Rajnandgaon | Sagar Jain | 09827977880 | sagar.sagarjain@gmail.com |
| Raipur | Vikas Kocheta | 08871912349 | kocheta.vk@gmail.com |
| Vadodara | Priyaben Vashi | 09376238819 | priyavashi24@yahoo.co.in |

# SPONSORSHIP – GYAN DAAN

## For ANANYA PARIVARTAN

ANANYA PARIVARTAN is our organization's spiritual magazine aimed to spread the principles of Vitraag Vigyaan. Commercial advertisements are not accepted to respect spiritual sanctity. However, we offer several Gyan Daan opportunities to one and all. Sponsor an issue or a page on birthdays, anniversaries and other occasions and earn Punya. Gyan Daan is considered to be one of the best forms of Donation and it helps to shed off layers of ignorance from the Soul – Aatma.

| | |
|---|---|
| Annual | : Rs. 3,00,000/- (For all 6 issues) |
| One Issue | : Rs. 50,000/- |
| Back Cover | : Rs. 9,000/- |
| Inside Front Cover | : Rs. 7,500/- |
| Inside Back Cover | : Rs. 6,000/- |
| Centre Spread | : Rs. 11,000/- |

**FOR SPONSORSHIP, PLEASE CONTACT:**

| | |
|---|---|
| Dr. Meena Goshar | : 09819317038, mgoshar@gmail.com |
| Sanjiv Rawell | : 09820186548, sanjurawell@gmail.com |
| Pratibha Chheda | : 09324715450, pratibhachheda@yahoo.com |
| Ami Shah | : 09820833166, info@simpl.in |

**Spiritual Impressions Private Limited**
703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020. Tel: +91 22 22060477 Email: info@simpl.in

**Subscription Year : April to March**

**SUBSCRIPTION RATES**

❖ One Year : Rs. 400/- ❖ Two Years : Rs. 750/- ❖ Three Years : Rs. 1000/-

# ANANYA PARIVARTAN

**SPIRITUAL IMPRESSIONS PVT. LTD**

703, Sharda chambers,15 New Marine Lines, Mumbai-400020

**Contact No:** 022-22060477 **Email:** info@simpl.in **website:** www.vitraagvigyaan.org

## Annual Subscription Form

(Please fill the form in capital letters)

Name of the Subscriber: ____________________

Address of Delivery : ____________________

____________________ Landmark: __________

City: __________ PinCode: __________ State: __________ Country: __________

Tel: (R)__________ (O)__________

Mobile:__________ E-mail:__________

Mode of payment: Cash / Cheque / DD No. __________ Dated __________

Drawn on Bank __________ for **Rs.** ________/-

**(Rupees** ____________________ **only).**

Date: ___/___/_______ Signature of the subscriber

* Subscription form should be sent to the above address.

Any amount payable can be directly deposited by cheque in any branch of **HDFC Bank, Current A/c No. 01432320011590** (Crawford Market, Mumbai) for credit of "**Spiritual Impressions Private Limited**". Please email to info@simpl.in after making deposit in HDFC Bank.



# Rising Sun









## Starting Small Standing Tall

Rising Sun's objective is to impart moral education and spiritual awareness to children during their formative years so that they can develop a well rounded and balanced personality. The focus is on instilling in them the values of our rich cultural heritage with the help of modern tools in a way that is both, interesting and easy to understand.

Today's child responds to love and unconditional acceptance. In Rising Sun, high quality educational methods and love bonding techniques are given to children to nurture a balanced emotional and intellectual development. It is a powerful tool to strengthen family relationship and give children means to achieve what they desire in life.

In its module based system, values such as Happiness, Friendship, Love, Honesty, Confidence, Caring & Sharing, Forgiveness, Hardwork & Teamwork, Relationships are covered.

### TEACHING AIDS:

- Audio Visuals
- Innovative Games
- Worksheets
- Story Narration
- Yoga & Meditation
- Art-Craft
- Dance-Music
- Field Trips
- Birthdays
- Festival Celebration
- Quarterly Parents-Teachers Interactive Sessions

### New Season – June 2016

Blooming Buds: 4-7 years

Sparkling Stars: 8-10 years

### Venue:

Chip and Dale Nursery, Chandan Baug Lane,
Near Mulund High School, Mulund (West)
Mumbai 400080

**Chief Coordinator- Nutan Maru : +91 9869862383**

**With Best Compliments : Trupti Divyang Bhansali, Mumbai**

# Shrimad Rajchandra
## Aatma Tatva Research Centre

vitraag vigyaan


**RESEARCH CENTRE**

Raj Nagar, Post Gothavade, Parli, Taluka Sudhagadh, Off Khopoli-Pali Road, Dist. Raigad - 410205

Tel. : +91 2142 699091

**HEAD OFFICE**

702, Sharda Chambers, 15 New Marine Lines, Mumbai - 400 020

Tel. : +91 22 22005727

E-mail : info@vitraagvigyaan.org

Helpline : +91 99200 19903 (Queries regarding Research Centre, Satsang, Satsang Centres & Activities)




With Best Compliments :

Anila Hemant Modi & Charuben Ashok Rupani, Mumbai